Published On 18'th Date

# SAMAJ AARSI

(Gujarati Monthly)

# સમાજ આરસી

## SHRI ZALAWAD VISHA SHRIMALI STHANAKWASI JAIN SAMAJ - AHMEDABAD

## શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ - અમદાવાદ

Cont. Issue : 237

AUGUST - 2024

Price : Rs. 40/-

Issue : 9

Vol. : 20

## પર્યુષણ વિશેષાંક






# મિચ્છામિ દુક્કડમ...

**સ્પીડ બ્રેકર...**

"અહમ્" થી ઊંચુ કોઈ આકાશ નથી, "નિંદા" થી કોઈ બીજું સહેલું કામ નથી,
"ખુદ"ને ઓળખી લેવાથી મોટું કોઈ "જ્ઞાન" નથી, "ક્ષમા"થી મોટું કોઈ "દાન" નથી...!


Navkar Institute
Classroom Coaching
& Online Video Lectures
SINCE 1997
27 YEARS OF SUCCESS IN PROFESSIONAL COACHING
CA Foundation
CA Intermediate
CA Final
All levels of CS Course
US CPA, US CMA, UK ACCA
Navkar Public School
Grade 9 to 12 - GSEB
Science & Commerce
English & Gujarati Med.
DOWNLOAD MOBILE APP
GET IT ON Google Play
NDI
079 69000000 (NI) / 63564 22000 (NPS)
www.navkarinstitute.com
HO: 1st Floor, Navkar Institute Capital 2 Building, Vijay Cross Rd, Navrangpura, Ahmedabad 380009
Navkar Public School, Gulbai Tekra Rd, opp. Vasundhara Society, Ambawadi, Ahmedabad 380015

એપોઈન્ટમેન્ટ માટે
+૯૧ ૬૩૫૪૩ ૧૨૨૫૮
૦૭૯૭૯૬ ૯૬૭૬૮

# પાર્શ્વ ઓર્થોપેડિક & બાળકોની હોસ્પિટલ



**ડૉ. સપન વોરા**
એમ.એસ. ઓર્થો, FIAS.
**કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક સર્જન સ્પોર્ટ્સ ઈન્જરી અને આર્થ્રોસ્કોપી સ્પેશિયાલિસ્ટ**

ઘૂંટણ અને ખભા તથા રમતગમતની ઈજાઓ અને આર્થ્રોસ્કોપી નિષ્ણાત



**ડૉ. જૈની કોઠારી વોરા**
એમ. ડી. પિડીયા
(ગોલ્ડ મેડાલીસ્ટ)
**પિડીયાટ્રિક ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ**

બાળરોગ ચિકિત્સક અને નિયોનેટોલોજિસ્ટના નિષ્ણાત સલાહકાર

## હાડકા અને સાંધાની કોઈપણ તકલીફ માટે વિશ્વસનીય નિષ્ણાંત

- દરેક પ્રકારના જટિલ ફ્રેક્ચર અને ન જોડાયેલા હાડકાની સારવાર
- આર્થ્રોસ્કોપી સર્જરી: દૂર્બીન દ્વારા ઢીંચણના અને ખભાના સાંધાની નસ (ligament-ACL, PCL etc.) તથા ગાદી (meniscus) ના ઓપરેશન
- ઢીંચણનો સાધો બદલ્યા વગર ઢીંચણના ઘસારાની સારવાર (HTO)
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ: ઢીંચણ (TKR), થાપા (THR) અને ખભા (TSA, RSA) ના સાંધા બદલવાના ઓપરેશન
- સ્પાઈન સર્જરી: મણકા તથા ગાદીની સર્જરી, ગાદીના દુઃખાવા માટે ઈન્જેક્શન

## બાળકોની દરેક પ્રકાર ની બીમારીઓની સારવારના નિષ્ણાંત

- નવજાત શિશુ (0 days) થી 18 વર્ષના બાળકની દરેક પ્રકારની બીમારીઓનું નિદાન અને સારવાર
- દરેક વયના બાળકો માટે આધુનિક રસીકરણ કેન્દ્ર
- ફોરેન ભણવા જતા વિદ્યાર્થીઓનું રસીકરણ
- નવજાત શિશુમાં ફિડીંગ પ્રોબ્લેમ માટે યોગ્ય માર્ગદર્શન
- ઉંમર પ્રમાણે બાળકનું વજન, હાઈટ અને વિકાસનું પરીક્ષણ અને માર્ગદર્શન
- શારીરીક રીતે નબળા જેવા કે ઓછું વજન અને ઓછી ઉંચાઈ વાળા બાળકો માટે આહાર સંબંધી તબીબી માર્ગદર્શન તથા સારવાર

## સુવિધાઓ

**24x7 તાત્કાલિક સારવાર • અદ્યતન મોડ્યુલર ઓપરેશન થિયેટર • સ્પેશ્યલ, ડીલક્ષ તથા સ્યુટ રૂમ ની સુવિધા
ઉત્તમ કક્ષાના ડિજિટલ એક્સ-રેની સુવિધા • 24x7 કાર્યરત મેડિકલ સ્ટોર • બ્લડ કલેક્શન કેન્દ્ર
તમામ મેડીક્લેમ અને પોલીસ કેસ સ્વીકાર્ય • IITV ની સુવિધા ઉપલબ્ધ**

સમાજના સભ્યો માટે **50% રાહત** દરે કન્સલટેશન અને ડિજિટલ એક્ષ-રે







205-210, બીજો માળ, શ્રી પાર્શ્વ ઓરીયન, અદાણી સીએનજી પંપની બાજુમાં,
પાલડી ચાર રસ્તા, અમદાવાદ 380007. ગુજરાત
info@parshvahospital.com | www.parshvahospital.com

www.sanghvihospital.com
sanghvihospital1991@gmail.com
Follow us on

# SANGHVI HOSPITAL

Scan for Call
Scan for WhatsApp



## ડો. રજની સંઘવી M.S., F.I.A.G.E.S.

કન્સલ્ટન્ટ સર્જન તેમજ લેપ્રોસ્કોપિક સર્જન
ભૂતપૂર્વ સર્જન તેમજ આસીસ્ટન્ટ પ્રોફેસર સિવિલ હોસ્પિટલ
બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ. M.: 98250 25241

## ડો. જાગૃતિ રજની સંઘવી M.D.

ગાયનેકોલોજીસ્ટ તથા લેપ્રોસ્કોપિક સર્જન
સ્રીરોગ તથા પ્રસુતિના નિષ્ણાંત M.: 98795 25241




ગર્ભાશયની ગાંઠનું ઓપરેશન


ડાયગ્નોસ્ટીક સ્કોપી


પિતાશયની પથરી


સ્તનનું કેન્સર (Breast Cancer)


એપેન્ડીક્ષ


Colon (મોટું આંતરડુ)


કેન્સર

## સર્જીકલ, મેટરનીટી તથા લેપ્રોસ્કોપિક સર્જરી સેન્ટર

સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, પાલડી પોસ્ટ ઓફિસની પાસે, નિલકંઠ પ્લાઝાની બાજુમાં, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન નં: હો. ૦૭૯-૨૬૬૩૨૨૪૧ For Appointment: 7984219904

### જનરલ સર્જરીનાં ઓપરેશનો

- દૂરબીનની મદદથી (લેપ્રોસ્કોપિક સર્જરી) પિત્તાશયની પથરી, એપેન્ડીક્ષ, આંતરડાના તથા હર્નીયા (સારણગાંઠ)ના તેમજ લીવર તથા બરોળ (Spleen) નાં ઓપરેશનો.
- Obesity (મેદસ્વીતા) નાં ઓપરેશનો.

### પેટની Endoscopy ની તપાસ તેમજ સારવાર

- Upper G.I. Endoscopy, Colonoscopy તેમજ E.R.C.P.

### કેન્સર નિદાન, સારવાર તેમજ ઓપરેશનો

- સ્તનની સાદી, કેન્સરની ગાંઠ, નિદાન તેમજ ઓપરેશનો.
- થાઈરોઈડ, ગળાની ગાંઠો, તથા અન્ય ગાંઠો.

### Ano-rectal (મળમાર્ગના રોગો)

- હરસ, મસા (Piles) નાં પીડારહિત ઓપરેશનો.
- સ્ટેપલરની મદદથી (MIPH) Piles (હરસ)ની સારવાર
- ભગંદર, વાઢિયા (Fistula & Fissure) નાં ઓપરેશનો.

### યુરોલોજી વિભાગ (Endo-Urology)

- કીડની, પથરી, પ્રોસ્ટેટ તથા પેશાબના તમામ રોગો
- I.I.T.V. ની સગવડતા URS, PCNL, ની સગવડતા.
- Mobile Lithotripsy મશીનથી પથરી તોડવાની સારવાર.
- T.U.R.P.

### પ્લાસ્ટીક સર્જરીનો વિશેષ અનુભવ

- જન્મજાત ખોડખાંપણના ઓપરેશનો
- અકસ્માત તેમજ દાઝેલા દદીની સારવાર.
- કાનની બુટ સાંધવાના (Ear Repair) તેમજ કાન, નાકમાં કાણું કરવાનાં (Ear Nose Piercing) ઓપરેશન.

### ઓર્થોપેડીક વિભાગ

- હાડકાંના રોગોની સારવાર, નિષ્ણાંત ઓર્થોપેડિક સર્જન નિયમીત મળશે.

### ગાયનેક વિભાગ

- સ્રીરોગોની સારવાર, પ્રસુતિ કેન્દ્ર તેમજ ઓપરેશનો જેવા કે
- ગર્ભાશયની કોથળી કાઢવાનાં ટાંકા વગરના ઓપરેશનો (V.H.)
- લેપ્રોસ્કોપિક પધ્ધતિથી તમામ ઓપરેશનો.
- લેપ્રોસ્કોપિક સર્જરીની મદદથી તમામ ઓપરેશનો જેવા કે T.L.H. (ગર્ભાશયની કોથળી કાઢવાનાં) અંડાશયની ગાંઠ, Fibroid, Ectopic Pregnancy.
- વ્યંધ્યત્વ નિવારણ (Infertility).
- લેપ્રોસ્કોપિક, હીસ્ટરોસ્કોપી દ્વારા વ્યંધ્યત્વ નિવારણની સારવાર.
- I.U.I. ની સગવડતા.
- I.V.F. (Test Tube Baby)સેન્ટર સાથે સંલગ્ન.
- કલર ડોપ્લર સોનોગ્રાફીની સગવડતા.
- કુટુંબ નિયોજન કેન્દ્ર, કેન્સર નિદાન તથા ઓપરેશન.
- આધુનિક A/C. લેબરરૂમ તેમજ NICU.
- Post Menopausal Clinic.
- Cancer Vaccination.
- Pap Smear.




### અન્ય સર્જનોને, ગાયનેકોલોજીસ્ટને તથા ફીઝીશીયનને દાખલ કરવા તથા ઓપરેશન કરવા માટે ઓપન હોસ્પિટલ

- AMC Approved
- B.U Permission + Fire Safety
- Inhouse ETO Machine
- Latest Video Imaging System
- આધુનિક બે ઓપરેશન થિયેટર તેમજ લેબરરૂમ.
- મેડિકલ સ્ટોરની સુવિધા.
- I.I.T.V, Multifunction Remote Controlled OT. Table.
- Hepa Air Purification System, Air Curtain, Multimedia Monitor
- Video Recording & C.C.T.V. Protected Hospital.
- Computerized Patient Records.
- Inverter Generator For Uninterrupted Power Supply.
- Remote Controlled Patient Bed in Special Room.
- Central Air Cooling System.
- Stretcher Lift. Central Oxygan, Central Suction.
- Portable O.T. Ventilator


T.L.H.


મેજર ઓપરેશન થિયેટર I.I.T.V


લેપ્રોસ્કોપિક ઓપરેશન


Special Room


લેબર રૂમ N.I.C.U. કલર ડોપ્લર


વેઈટીંગ રૂમ

# Gujarat Pathology Laboratory & Diagnostic Center

ગુજરાત પેથોલોજી લેબોરેટરી એન્ડ ડાયગ્નોસ્ટીક સેન્ટર

- Pathology Laboratory
- Corporate Health Check-up
- Industrial Health Check-up
- Various Body Profiles

| | | |
|---|---|---|
| PALDI | 101-102, Span Trade Center, Opp. Kochrab Ashram, Paldi Cross Road, Paldi, Ahmedabad - 380006.<br>Ph. : 079- 26586480, 26584893, 66314721 Mo. : 8866002931 E-mail : gujaratdiagnostic101@yahoo.in<br>***(NABL ACCREADITED LABORATORY - ISO 15189:2012 & NABL 112)*** | Time : 24 hours |
| NARANPURA | 101, Binali Complex, AEC Cross Road, Opp. Torrent Power, Naranpura, Ahmedabad - 380 013.<br>Ph. : 079 - 27472151, 48482151 Mo. : 9909962251 E-mail : gujaratlab101@gmail.com | Time : 7.00 am to 8.30 pm |
| SOUTH BOPAL | D-270, SoBo Center, Near Arohi Royal Bunglow, B/h. Suncity, Off. S. P. Ring Road, South Bopal Ahmedabad - 380 058. Email : gujaratpatho@gmail.com Ph. : 02717-402403 Mob. : 8866002930 | Time : 8.00 am to 8.00 pm |
| GOTA | 220, Centre Point, Opp. Vrundavan Heights, Vandematram City to Savvy Swaraj Road,<br>Chenpur, Gota, Ahmedabad-382470. Ph. : 079 - 48442151, Mo. 9909962278 | Time : 8.00 am to 8.00 pm |
| NEW RANIP | 130, First Floor, S.V. Square, Above Star Market, Nr. Savan Bungalows,<br>Opp. Khodiyar Temple, New Ranip, Ahmedabad. Mo. 9081677997, 9081677998 | Time : 8.00 am to 8.00 pm |

**ગુજરાત પેથોલોજી લેબોરેટરી અને ડાયગ્નોસ્ટિક સેન્ટર દ્વારા સિનિયર સીટીઝન માટે (૫૮ વર્ષ કે તેથી વધુ) દર મહિના ના પહેલા અને ત્રીજા રવિવારે નીચેના ટેસ્ટ રાહત દરે કરવામાં આવશે**

| TEST | REGULAR PRICE | OFFER PRICE |
|---|---|---|
| FBS/PPBS/RBS (Each) | 80 | 40 |
| CALCIUM | 250 | 130 |
| HBA1C | 600 | 250 |
| LIPID PROFILE | 700 | 300 |
| S. CREATININE | 250 | 100 |
| PSA | 700 | 300 |
| URIC ACID | 250 | 100 |
| URINE MICROALBUMIN | 600 | 250 |
| IRON | 500 | 200 |
| RA FACTOR | 350 | 150 |
| TSH | 250 | 130 |
| T3, T4, TSH | 650 | 300 |
| Free T3 | 300 | 150 |
| Free T4 | 300 | 150 |
| VITAMIN B12 | 900 | 450 |
| VITAMIN D | 1400 | 700 |
| GGT | 550 | 300 |
| PROTEIN TOTAL WITH AG Ratio | 250 | 130 |
| SGPT | 250 | 130 |
| IRON LEVEL | 500 | 250 |
| FERRITIN DRY | 750 | 350 |
| TIBC | 450 | 250 |
| Anti CCP | 1000 | 500 |
| Lipoprotein (a) | 800 | 400 |
| Homocystine Level | 1200 | 600 |
| URINE ANALYSIS | 250 | 130 |

## Covid-19 RT PCR Test

**Home-Hospital Collection**
**Rs. 550-00**

**Laboratory Test**
**Rs. 400-00**

**Home Visit Available**
(Visit Charge Extra)

**બોડી પ્રોફાઇલ સિવાયના અન્ય ટેસ્ટમાં ૨૦% ડીસ્કાઉન્ટ આપવામાં આવશે.**



"શ્રેષ્ઠ બાળસંભાળ ... એટલે... શૌર્ય હોસ્પિટલ"

શૌર્ય હોસ્પિટલ ®
Since 2003




Dr. KAJAL SHAH is Awarded as Excellence
in th field of paediatrics with special attention on
HPV Vaccination for Cancer Prevention

**HPVની રસી ક્યારે લઈ શકાય ?**

**સ્ત્રીઓ - 9 થી 44 વર્ષ, પુરુષો - 9 થી 26 વર્ષ**

**HPVની રસી ક્યા કેન્સર સામે રક્ષણ આપે છે?**

સ્ત્રીઓમાં ગર્ભાશયના મુખનું (Cervical ), યોનિમાર્ગનું કેન્સર તેમજ પુરુષોમાં શિષ્ન (Penis) અને સ્ત્રીઓ - પુરુષો બન્નેમાં મળમાર્ગ, મોંઢા, ગળાના કન્સર સામે રક્ષણ આપે છે.

SHAURYA ® HOSPITAL
SINCE 2003



જોઈન્ટ રિપ્લેસમેન્ટ... એટલે...
શૌર્ય હોસ્પિટલ





મન હોય તો માળવે જવાય... પણ ઢીંચણ સારા હોય તો જ
મિત્રો સાથે રોજ ત્રણ કિલોમીટર મોર્નીંગ વોકની મજા લેવાય

ડો. જીગર શાહ
સિનિયર ઓર્થો. &
જોઇન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
+91 98253 34765



નિલેષભાઈ શાહ

છાસઠ વર્ષના એકદમ એકટીવ એવા સનગ્લાસીસનો શોરૂમ ધરાવનાર શ્રી નિલેશભાઈ શાહ આમ તો રોજ તેમના ગ્રુપ સાથે વહેલી સવારે ત્રણથી ચાર કિલોમીટર ચાલતા પણ છેલ્લા અમુક વર્ષોથી તેમની ચાલ ધીમી થઇ ગઇ અને નિલેશભાઈ શાહ તેમના ગ્રુપમાં તેમને પાછળ રહી જવા જેવું ફીલ થવા માંડ્યું ચાલવા જતા વધારે પડતા દુઃખાવાનો એહસાસ થતો અને આજુ બાજુ ડોલતા ચલાતું. દિલથી સદાબહાર યંગ રહેતા નિલેષભાઈએ તેમના મોર્નિંગ વોકના સાથી ડોકટર મિત્રોની સલાહ લીધી. તેમના ત્રણ ચાર સગા સંબધીના શૌર્ય હોસ્પિટલના ની-રીપ્લેસમેન્ટના અનુભવ વિશે ચર્ચા કરી બંને પગના સાથે ની-રીપ્લેસમેન્ટ, શૌર્ય હોસ્પિટલના ડો. જીગરભાઈ પાસે કરાવ્યા બસ એ દિવસ અને આજની ઘડી તેમણે કદી દુઃખાવાનો અનુભવ જ કર્યો નથી. ફરી તેમની મોર્નીંગ વોક વાળી મસ્ત જીંદગી અને સનગ્લાસીસના શોરૂમ પર ફલ્લી એકટીવ લાઇફ જીવી રહ્યા છે. એટલું જ નહી વચ્ચે ત્રણ મહીના દીકરીને ત્યાં ઓસ્ટ્રેલીયા ફરી આવ્યા જયાં તેઓ રોજનું 5 કીલોમીટર જેટલું ચાલતાં. ઢાળ પર પણ આરામથી ચઢી જતાં. આમ નિલેશભાઈના કહેવા પ્રમાણે મન હોય તો માળવે તો જવાય પણ ઢીંચણ સારા હોય તો જ મિત્રો સાથે રોજ ત્રણ કિલોમીટર મોર્નીંગ વોકની મજા લેવાય અને સાથે સાથે સેકન્ડ ઈનીંગમાં દેશ વિદેશ ફરવાની મજા પણ માણી શકાય.



શૌર્ય હોસ્પિટલ, શિવાલીક 5, ઈન્દોર ચાટની ઉપર, મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી, +91 98251 47300

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | સમાજના આગામી કાર્યક્રમોની વિગત | ૦૮ |
| ૨. | તંત્રીની કલમે | ૧૪ |
| ૩. | પ્રમુખસ્થાનેથી | ૧૫ |
| ૪. | સમાજ સમાચાર | ૧૭ |
| ૫. | જન્મદિવસ/લગ્નદિવસની હાર્દિક શુભેચ્છા | ૨૬ |
| ૬. | છેતરાતા રહેવું એ પણ આધ્યાત્મિકતા છે. | ૨૯ |
| ૭. | પાવનકારી પર્વ - પર્યુષણ | ૩૦ |
| ૮. | મહાવીર દર્શનમાં સાધના અને સેવાના પ્રયોગો | ૩૧ |
| ૯. | સુખી બનવા સેવા અને સાધના કરતા રહો/જીવનનું લક્ષ્ય - ચિત્તશુદ્ધી | ૩૨ |
| ૧૦. | અરહન્નકની શ્રાવની ધર્મ દ્રઢતા | ૩૩ |
| ૧૧. | વૃદ્ધત્વનો વસંતોત્સવ | ૩૪ |
| ૧૨. | બંધન | ૩૫ |
| ૧૩. | ખુદ ભગવાને પોસ્ટ લખી હોય | ૩૬ |
| ૧૪. | ઘડપણનો સાક્ષાત્કાર, જેની અસર માઠી નહીં પણ મીઠી | ૩૭ |



### સંપાદક મંડળ

શ્રીમતી પ્રીતિ એન. શાહ - તંત્રી
ડૉ. નિલેશભાઈ પી. સંઘવી
શ્રી ચેતન આર. શાહ - સહતંત્રી
શ્રી ઉમેશભાઈ એન. દોશી

### મુદ્રક અને પ્રકાશક

શ્રી અજય એન. દોશી
શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ

### તંત્રી

શ્રીમતી પ્રીતિ એન. શાહ

### મુદ્રણ સ્થાન

જય ઓફસેટ (ગુજરાત) પ્રા. લી.
૧૫, પંચરત્ન ઇન્ડ. એસ્ટેટ, સરખેજ બાવળા હાઈવે,
ચાંગોદર, અમદાવાદ-૩૮૨૨૧૩.

### માલિક

શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ

### પ્રકાશન સ્થળ

"શાન્તમ્", પાંચમો માળ, હેવમોર રેસ્ટોરન્ટની ગલીમાં, નવરંગપુરા, અમદાવાદ-૯. ફોન : ૦૭૯-૪૯૩૮ ૮૭૮૮ મો. : ૮૨૩૮૦ ૫૫૫૭૫
E-mail : info@szvsjainsamaj.org • Web Site : www.szvsjainsamaj.org


આ માસિક પત્રિકામાં પ્રસિદ્ધ થતાં લેખોમાં દર્શાવેલ વિચારો તથા મંતવ્યો લેખકના પોતાના અને અંગત છે. તે અંગેની સમાજની કે સમાજના હોદ્દેદારોની કોઇ જવાબદારી રહેતી નથી.


### વાર્ષિક લવાજમ

અન્યને માટે રૂ. ૪૦૦/- • છૂટક ૧ નકલની કિંમત રૂ. ૪૦-૦૦



જેની જીભમાં અમી તેને દુનિયા નમી.
શાહ જયસુખલાલ ધોળાભાઈ (પાળીયાદવાળા)

**ગુજરાત મશીનરી કું.**

મુમતાજ મહલ બિલ્ડિંગ, પેટ્રોલ પંપ સામે,
ઝકરીયા મસ્જિદ, રિલીફ રોડ, અમદાવાદ.
ડિસ્ટ્રિબ્યુટર્સ : HONDA જનસેટ એન્ડ પંપ સેટ
કન્સ્ટ્રકશન મશીનરી એન્ડ સ્પેર્સ
ફોન : ૨૨૧૬૯૬૪૨, ૨૨૧૭૦૯૫૪
જયસુખભાઈ ડી. શાહ મો.૯૩૨૭૧૭૫૬૦૦
ધવલ જે. શાહ - મો. : ૯૮૨૪૦૩૭૩૨૦
નેહલ જે. શાહ - મો. : ૯૮૨૫૧ ૭૫૬૦૦

આપણું "મૃત્યુ" નિશ્ચિત છે, પણ સમય નક્કી નથી.
LIC
આપણા સહારે જીવન જીવનારને
આપણી ગેરહાજરીમાં પણ સહારો આપીએ
સુરક્ષાના પગલે પગલે......
લાઇફ ઇન્સ્યુરન્સના તેમજ જનરલ
ICICI ઇન્સ્યુરન્સના કોઈ પણ કામકાજ માટે
• મ્યુચ્યુઅલ ફંડના વિક્રેતા
નીપા પી. ગાંધી : તૃષ્ણા એચ. ગાંધી
જી-૪૧, હરિઓમ પાર્ક સોસાયટી, જય અંબે નગર રોડ,
ઘોસા સોસાયટી સામે, થલતેજ, અમદાવાદ - ૩૮૦ ૦૫૪
(રહે.) ૨૬૮૫૨૪૮૫ મો. : ૯૪૨૮૨૯૨૦૮૨
E-mail : hjgandhi@redifmail.com

ભૂપેન્દ્ર વી. શાહ ફોન : ૨૫૩૫૫૯૭૧,૨૫૩૩૦૮૬૬
મો. : ૯૮૭૯૧ ૫૭૪૭૨
૯૭૧૪૧ ૩૫૯૪૦
Maruti
જયશ્રી બાલા હનુમાન સ્ટોર્સ
**શ્રી મારુતિ હનુમાન સ્ટોર્સ**
SHREE MARUTI HANUMAN STORES
Mfg. Wholeseller in :
નોટબુક, ફૂલસ્કેપ, પરીક્ષા પેપર,
એકાઉન્ટ બુક, લેમિનેશન બ્રાઉન પેપર
મહાવીર સ્વામી જૈન મંદિર પાસે, પતાસા પોળનો
ઢાળ, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.




પોતાના એક પણ દૂષણ વિશે માણસ સભાન
ન હોય તે મોટામાં મોટું દૂષણ છે.

# સંઘશેષ વિતરણ — ૨૦૨૪

**આ વર્ષે શ્રીમતી કમળાબેન નગીનદાસ મણિલાલ દોશી મુ. લીંબડી નિવાસી હા. અમદાવાદ કાયમી શેષ યોજના અન્વયે દરેક સભ્યને ચુરમાના ૪ લાડુ તથા ૨૫૦ ગ્રામ ફુલવડીની શેષનું વિતરણ સુંદર બોક્ષમાં કરવામાં આવશે. જેની વિગતવાર માહિતી નીચે મુજબ છે.**

**તા. ૨૬-૦૮-૨૦૨૪, સોમવાર સમય : સવારે ૮-૩૦ થી ૧૨-૩૦ વાગ્યા સુધી**

**સ્થળ : વીર ઇલેક્ટ્રોનીકસ પ્રા. લી. ૧૩/એ, પેરેડાઇઝ પાર્ક સોસાયટી, આગમ મંદિર શાંતિનગર સામે,વાડજ, અમદાવાદ.**

**જુલાઈ માસની સમાજઆરસીના પાના નં. ૭ ઉપર સંઘ શેષ વિતરણ પાસ આપેલ છે જેની સામે જ શેષ આપવામાં આવશે.**

વર્ષ -૨૦૨૪ ના સહાયક દાતા તરીકે નીચે જણાવેલ સર્વે દાતાશ્રીઓ તરફથી રુ. ૧૫૦૦૦/-નું યોગદાન આપી પોતાનું શુભ નામ નોંધાવેલ છે તે સર્વે દાતાશ્રીઓનો સમાજ અંતઃકરણપૂર્વક આભાર માને છે.

(૧) શ્રીમતી તરુલત્તાબેન જયેન્દ્રભાઇ શાહ પરિવાર.. હ. ધારાબેન તથા ચાર્મીબેન
(૨) સ્વ. ગજરાબેન અમૃતલાલ ગાંધીના સ્મરણાર્થે.. હ. જગદીશભાઇ અમૃતલાલ ગાંધી
(૩) શ્રીમતી કોકિલાબેન નગીનદાસ શાહ (વોરા)
(૪) સ્વ. જયાબેન જેઠાલાલ શાહ.. હ. જયોત્સનાબેન ગીરીશચંદ્ર શાહ પરિવાર (સાણંદ પેટ્રોલપંપવાળા)
(૫) સ્વ. આશાબેન હર્ષદભાઇ શાહના સ્મરણાર્થે..હ. ડો. હર્ષદભાઇ પ્રભુદાસ શાહ
(૬) સ્વ. છબીલદાસ શીવલાલ સખીદાસ, સ્વ. કંચનબેન, સ્વ. પ્રમોદભાઇ, સ્વ. દિનેશભાઇ..હ..કોકિલાબેન છબીલદાસ સખીદાસ
(૭) માતુશ્રી વસુમતીબેન હસમુખલાલ શાહ (નાથાભવાન) ના સ્મરણાર્થે.. હ. શ્રુતિ સમીરભાઇ શાહ તથા રેખા ચેતનભાઇ શાહ
(૮) પલકબેન વિવેકભાઈ શાહ (નાથાભવાન)
(૯) સ્વ. ચંદ્રકાન્તભાઈ રમણલાલ શાહના સ્મરણાર્થે.. હ. દીનાબેન ચંદ્રકાન્તભાઈ શાહ પરિવાર
(૧૦) માતુશ્રી કેવળીબેન ચંદુલાલ અબજીભાઈ શાહ (ટુવાવાળા)ના સ્મરણાર્થે ... હ. સુશીલાબેન અશ્વિનભાઈ શાહ
(૧૧) માતુશ્રી વિમળાબેન જયંતિલાલ પોપટલાલ શાહ (નાથાભવાન)
(૧૨) હંસાબેન મહેન્દ્રભાઇ સંઘવી..હ. મહેન્દ્રભાઇ ખીમચંદભાઇ સંઘવી

**: ખાસ નોંધ :**

- **શેષ વિતરણની કુપન સામે જ શેષ આપવામાં આવશે તેની ખાસ નોંધ લેવા વિનંતી.**
- સંજોગોવશાત્ આપને સમાજ આરસી ન મળી હોય તો તા. ૨૭-૮-૨૦૨૪ ને મંગળવારના રોજ સમાજની ઓફિસેથી ૧૨-૦૦ થી ૫-૦૦ દરમ્યાન લઇ જવા વિનંતી.
- તા. ૨૬-૦૮-૨૦૨૪ ને સોમવારના દિવસે ડુપ્લીકેટ કુપન બનાવીને શેષ આપવામાં આવશે નહી તેની ખાસ નોંધ લેવા લેશો.
- આ દિવસે માર્ચ-એપ્રિલ-૨૦૨૪ માં લેવાયેલી ધો. ૧૦ થી ૧૨ તથા કોલેજ, ઉચ્ચ ડીગ્રી, ડિપ્લોમા, ઇત્તર પ્રવૃત્તિ વિ. ની માર્કશીટ શેષ વિતરણના દિવસે તે જ સ્થળ ઉપર આપીને ટોકન લેવાનો રહેશે.

SHAH ASSOCIATES
DISTRUBUTORS : LAMINATED POUCHES, BOPP FILM / PVC SHRINK / CELLO TAPE / L.D. HMHD. P.P. PLAIN BAGS, PRINTED BAGS / CORRUGATED BOXES
ASHOK SHAH, HEMANG SHAH (M) 9825048421
Adm. Office : B-1, 104, 1st Floor, Paladium Complex, Corporate Road, S.G. Road, Setellite, Ahmedabad
Ph. : (079) 27558672
E-mail : shahpapers&foils@hotmail.com
shahpapers&foils@gmail.com
Phone : (R) (079) 26931040 / 41

મનપસંદ મેરેજ બ્યુરો
જૈન તથા ઉચ્ચજ્ઞાતી
વેલ એજ્યુકેટેડ - વેલ સેટલ્ડ યુવક યુવતીઓ માટે પસંદગીની વિશાળ તક, મીટીંગની અલગ વ્યવસ્થા, સફળ યુવા મેળા ના આયોજક રજીસ્ટ્રેશન માટે :-
૩૦૧, શુકન કોમ્પ્લેક્ષ, ઓફ સી.જી. રોડ, જૈન ડેરી સામે, ફેરડીલ હાઇસની બાજુમાં, સ્વસ્તિક ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ
Ph. : 26466208/9, 9376163226, 9375809340
Email : smita@manpasandjodi.com
Website : www.manpasandjodi.com

મો. : ૯૮૨૪૨ ૮૯૯૬૭
નવકાર ક્લીનીક
ડૉ. અમીત કે. દોશી (બોટાદવાળા)
B.H.M.S.
General Physician
૬૩/૭૪૮, ચિત્રકુટ એપાર્ટમેન્ટ, પેટ્રોલ પમ્પ સામે, સોલા રોડ, અમદાવાદ - ૬૩.
E-mail : navkarclinic@gmail.com
સમય : સવારે ૮-૩૦ થી ૧-૩૦ • સાંજે ૫-૦૦ થી ૯-૩૦ • રવિવાર સવારે ૯-૦૦ થી ૧૨-૦૦
જ્ઞાતીબંધુ તથા જરૂરીયાતમંદોને રાહતદરે સારવાર આપવામાં આવશે.
શુભેચ્છક : વૈદ્ય કીશોરભાઇ ત્રંબકલાલ દોશી, બોટાદ



ઘરનું માણસ જ્યારે દુશ્મનાવટ કરવા બહાર પડે છે, ત્યારે તે બહારના દુશ્મન કરતાં વધુ ભયાનક બની જાય છે.

## શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ આયોજિત

### દ્વિતીય ઇનામ વિતરણ સમારોહ તથા તપસ્વી અભિવાદન સમારોહ - વર્ષ - ૨૦૨૪

**તા. ૨૯-૦૯-૨૦૨૪, રવિવારે સમય : સવારે ૯-૩૦ કલાકે**

**સ્થળ : જે.બી.ઓડિટોરીયમ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન (A.M.A.)**

**અટીરા કેમ્પસ, ડો. વિક્રમ સારાભાઇ માર્ગ, પાંજરા પોળ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫.**

આ સમારોહમાં ધો. ૧૦ થી ૧૨ તેમજ ડીગ્રી તથા ઉચ્ચ ડીગ્રીના વિદ્યાર્થીઓ તેમજ ઇત્તર પ્રવૃત્તિઓમાં સિધ્ધિ હાસંલ કરનારને ઇનામ, પારિતોષિક વિતરણ કરવામાં આવશે.

**વધુ વિગત આવતા અંકમાં છાપવામાં આવશે.**

## તપસ્વી અમર રહો... તપસ્વી અભિવાદન સમારોહ.. તપસ્વી અમર રહો...

## : તપસ્વી અભિવાદનના દાતા :
## શ્રીમતી કમળાબેન નગીનદાસ મણિલાલ દોશી પરિવાર

નોંધ : ગયા વર્ષના પર્યુષણ પર્વ પછી અને ચાલુ વર્ષના પર્યુષણ પર્વ સુધીના સમયમાં જે ભાઇ-બહેનોએ આઠ અને તેથી વધુ ઉપવાસ, ઉપવાસથી ધર્મચક્ર અને સિધ્ધિતપ તેમજ ઉપવાસ, આંચબિલ કે એકાસણાથી વર્ષીતપ કરેલ હોય તેવા તપસ્વીઓની અનુમોદના આ સમારોહમાં કરવામાં આવશે.

**આ અંગેનું ફોર્મ આ અંકમાં આપવામાં આવેલ છે જેની નોંધ લેવા વિનંતી.**

## માર્ચ-એપ્રિલ-૨૦૨૪ માં લેવાયેલ ધો. ૧૦ થી ૧૨ તથા કોલેજના અભ્યાસક્રમોની માર્કશીટ તથા ઇત્તર પ્રવૃત્તિઓમાં મેળવેલ સિધ્ધિની માર્કશીટ આપવા અંગે

- ધો. ૧૦ થી ૧૨ માં ૭૦% થી વધુ
- કોલેજ ડીગ્રી, ડિપ્લોમા ૬૦% થી વધુ
- સ્નાતક, પોસ્ટ ગ્રેજ્યુએટના અને અનુસ્નાતક ડીગ્રી (છેલ્લા વર્ષના) વિદ્યાર્થીઓ ૬૦% થી વધુ
- ઇત્તરપ્રવૃત્તિમાં સિધ્ધિ હાસંલ કરનાર વિદ્યાર્થીઓની માર્કશીટ તથા સર્ટીફિકેટ

નોંધ : -

(૧) આ દિવસ દરમ્યાન માર્કશીટની ઝેરોક્ષ કોપી સાથે (ઓરીજીનલ માર્કશીટ) લાવવી જરૂરી છે.

(૨) માર્કશીટની પાછળ સભ્યનું નામ, સભ્ય નંબર, વિદ્યાર્થીનું નામ, પર્સન્ટેજ, સભ્ય સાથેનો સબંધ, મોબાઇલ નંબર વિ. વિગત અચૂક લખીને આપવાની રહેશે.

(૩) ધો. ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓને JEE તથા NEET પરીક્ષાની માર્કશીટ આપવાની રહેશે.

(૪) જેમના પરિણામ તા. ૨૬-૦૮-૨૦૨૪ પછી આવ્યા હશે તેઓએ તા. ૧૦-૦૯-૨૦૨૪ સુધીમાં માર્કશીટ સમાજની ઓફિસે બપોરે ૩-૦૦ થી ૫-૦૦ કલાક દરમ્યાન આપી જવાની રહેશે.

## શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ આયોજિત

### મ્યુઝિકલ ઈવેન્ટ ગ્રુપ સંચાલિત

# "સુનહરી શામ - સમાજ કે નામ-૩"



### તા. ૨૦-૧૨-૨૦૨૪, શુક્રવાર સમય : રાત્રે ૮-૦૦ થી ૧૨-૦૦ સુધી

### સ્થળ : ટાગોર હોલ, પાલડી, અમદાવાદ

આપણો સમાજ એટલે સમાજના ૫ વર્ષથી લઇ સુપર સીનીયર સીટીઝન સુધીના વર્ગને આવરી લેતા કાર્યક્રમોનો સમાજ...સમાજના સહુને લાગે કે આ સમાજ મારો છે તેવા કાર્યક્રમોના - પ્રવૃત્તિઓના આયોજન માટે કમિટી સભ્યો તથા ઇવેન્ટ ગ્રુપ તેમજ સાથી કાર્યકરો હંમેશા કંઇક ને કંઇક નવું વિચારતા હોઇએ છીએ. સમાજની સ્પોર્ટસમીટ, ડ્રોઇગ કોમ્પીટીશન, વર્કશોપ શીબીર, ઇનામ વિતરણ સાથે સાંસ્કૃતિક કાર્ય, રકતદાન શિબિર , નોટબુક વિતરણ, લેડીઝને લગતાં કાર્યક્રમો તેમજ જુનીયર-સીનીયર તેમજ વુમન્સ માટે ZPL ક્રિકેટ મેચ વિ. મુખ્યત્વે કહી શકાય.

સમાજના દરેક પ્રકારના સભ્યો જેવા કે બીઝનેસમેન, જોબ કરતાં સભ્યો, ડોકટર્સ, એન્જીનીયર્સ કે કોઇપણ પ્રકારના પ્રોફેશનમાં સંકળાયેલ સભ્ય મિત્રો કે નિવૃત્તી ધરાવતા સભ્યો દરેકના મનમાં કયાંક ને કયાંક પોતાની અંદરની ટેલેન્ટ રજૂ કરવાનો મોકો મળે તેવી ઇચ્છા છુપાયેલી હોય છે. પરંતુ વ્યસ્ત જીવનશૈલીમાં તે મોકો મળતો નથી અથવા સંકોચ રહે છે. વર્ષ -૨૦૧૮ તથા વર્ષ -૨૦૨૨ માં સુનહરી શામ સમાજ કે નામ સંગીતના બે સુપર ડુપર સકસેસફુલ કાર્યક્રમ થયા. આ કાર્યક્રમ થકી એક નવું ગ્રુપ તૈયાર થયું અને આ ગ્રુપ અવારનવાર મળી ગીતોનો કાર્યક્રમ કરે છે. આ વર્ષના ડિસેમ્બર માસની ગુલાબી ઠંડકવાળી મોસમમાં પ્રોફેશનલ મ્યુઝીશીયનના માર્ગદર્શન હેઠળ આપ સહુ માટે આ કાર્યક્રમનું ફરી એક વાર આયોજન કરી રહેલ છીએ.

**આ અંગેનું ફોર્મ આ અંકમાં આપેલ છે જેની નોંધ લેશો.**

Kalpesh
9426412677
9377712677
Yash
9664596441
Alkeshkumar Kalpeshkumar
અલ્કેશકુમાર કલ્પેશકુમાર
કાપડના વહેપારી
૧૭, સરકીવાડની પોળ, સારંગપુર દરવાજા પાસે,
અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
હરજીવનદાસ કસળચંદ શાહ
(પાળીયાદવાળા)
Alkesh M. : 9898380396

(Gandhi & Sons. Excise Consultant)
OJAS SALES
SHARDA INDUSTRIES
MANANSIDDH ENTERPRISE
Dealing in Dyes - Intermediates, E.T.P. Chemicals, Other Chemicals
YASHVI CORPORATION • YASHVI PAPER TECH
393/A, Phase-II, Beside Krupa Chemicals,
G.I.D.C. Vatva. Ph. : (O) 25830017
Fax : 25832218 (M) 98250 63061
DARSHAN GANDHI (M) 98986 60003
સૌજન્ય : કાંતિલાલ આણંદજી ગાંધી

લેટેસ્ટ ટેકનિકથી કાનની બુટ ચોંટાડવા
• સ્ટીચલેસ (ટાંકા વગર) • પેઇનલેસ
• નહીં પટ્ટી, નહીં ડ્રેસિંગ • માત્ર એક સીટિંગમાં • માત્ર ૧૫ મિનિટમાં જ..
તરત જ બુટ્ટી પહેરાવવામાં આવે છે.
ક્લિનિક : ડૉ. શ્રુતિ જે. કોઠારી
M.B.B.S.
ફેમિલી ફિઝિશિયન મો. : ૭૩૮૩૬૬૩૩૬૬
સોમ થી શનિ તા. ૧૦-૦૦ થી ૧૨-૩૦ સાંજે ૫-૩૦ થી ૮-૦૦
ગ્રાઉન્ડ ફ્લોર, અર્શ કોમ્પલેક્ષ, પ્રેરણાતીર્થ દેરાસર રોડ,
જોધપુર, સેટેલાઈટ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫.
અન્ય સવલતો : રસી કેન્દ્ર, ગાયનેક તપાસ, ડાયટરી ક્લિનિક, સ્ટરિલાઇઝડ પેઇનલેસ ટેકનીકથી નાક-કાન વિંધાવવા, બેલી પિયરસીંગ, ફેમિલી ફિઝિશિયન, LIC પેનલ ડૉક્ટર



રૂપિયાથી સુખ મળી જાય છે, રૂપિયાથી બધું ટળી જાય છે, તે એક વહેમ છે.

# શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ આયોજીત તેમજ મ્યુઝિકલ ઇવેન્ટ ગ્રુપ સંચાલિત સુનહરી શામ સમાજ કે નામ - 3

**તા. : ૨૦-૧૨-૨૦૨૪, શુક્રવાર            સમય : સાંજે ૮-૦૦ થી ૧૨-૦૦ કલાકે**

**સ્થળ : ટાગોર હોલ, પાલડી, અમદાવાદ.**

ફોર્મ નં. : ................................

- સભ્યનું નામ : ................................................................ સભ્ય નંબર : ..........................
- ભાગ લેનારનું નામ : ................................................... જન્મતારીખ : ............................
- સરનામું : ..........................................................................................
  ....................................................................................................
  ....................................................................................................
  ....................................................................................................
- વોટસએપ નંબર : ..................................................
- સોલો : ......................... ડયુએટસ : .........................
- અગાઉ કાર્યક્રમમાં ભાગ લીધેલ છે : ............................................................................

ભાગ લેનારની સહી : ....................................

---

- ઉપરોક્ત કાર્યક્રમમાં ૧૮ થી ૬૦ વર્ષ સુધીની જ સભ્ય પરિવારની વ્યક્તિ ભાગ લઇ શકશે.
- ભાગ લેનાર સભ્યએ ફોર્મ સાથે નોન રીફંડેબલ રુ. ૭૦૦/- જમા કરાવવાના રહેશે.
- ભાગ લેનાર સભ્યએ ઓડિશન સમયે ઓછામાં ઓછા ૨ (બે) ગીતો તૈયાર કરીને આવવાનું રહેશે.
- પ્રેકટીસ દરમ્યાન ઓછામાં ઓછી ૯૦ ટકા હાજરી આપવાની રહેશે.
- આ કાર્યક્રમ નિષ્ણાત મ્યુઝીશીયન દ્વારા તૈયાર કરવામાં આવશે.
- આ ઇવેન્ટમાં જે કોઇપણ પ્રકારનો નિર્ણય લેવાનો અબાધિત હક્ક મ્યુઝિકલ ઇવેન્ટ ગ્રુપનો રહેશે, જે સૌને ભાગ લેનાર સભ્યને બંધનકર્તા રહેશે.
- ફોર્મ આપવાની છેલ્લી તા. ૧૦-૦૯-૨૦૨૪ છે. ફોર્મ સમાજની ઓફિસે પહોંચતા કરવા વિનંતી.
- કુટુંબમાંથી એક કરતાં વધુ સભ્યો ભાગ લેવા ઇચ્છતા હોય તો ફોર્મની ઝેરોક્ષ કરાવવાની રહેશે.
- સમાજના સભ્ય પરિવારના સભ્યો જ આ કાર્યક્રમમાં ભાગ લઇ શકશે.
- તમારે ઓડીશનની પસંદગી (સોલો કે ડયુએટસ) ભરીને આપવાની રહેશે

## ફોર્મ આપવાની છેલ્લી તારીખ ૧૦-૦૯-૨૦૨૪ છે.

---


# શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ આયોજીત તેમજ મ્યુઝિકલ ઇવેન્ટ ગ્રુપ સંચાલિત સુનહરી શામ સમાજ કે નામ - 3


ફોર્મ નં. : ..............................

- સભ્યનું નામ : ................................................................ સભ્ય નંબર : ..........................
- ભાગ લેનારનું નામ : ...............................................................................................

તા.        -        - ૨૦૨૪                                    ફોર્મ લેનારની સહી :



માનવીની શાંતિની કસોટી સમાજમાં જ થઈ શકે છે, હિમાલયના શિખર પર નહી.



**શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ આયોજિત તેમજ ZPL ઇવેન્ટ ગ્રુપ સંચાલિત**

**ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨૦૨૫ - ZPL-9 " એટલાસ કપ"**

**મુખ્ય સ્પોન્સર : શ્રીમતી હસુમતીબેન કાંતિલાલ શાહ (વીરસદવાળા) હસ્તે શ્રી ભાવેશભાઈ કાંતિલાલ શાહ**

**: Match Schedule :**

| Match | Date | Place |
|---|---|---|
| League Match (Day) | 05-01-2025<br>12-01-2025 | Jay Ambe Cricket Ground, Hebatpur, Ahmedabad. |
| League Match (Night) (5-30 Pm to 12-00Pm) | 07-01-2025<br>08-01-2025<br>09-01-2025 | SGVP Cricket Ground, Nr. Vaishanav Devi Circle, Gota, Ahmedabad. |
| Semi Final Match | 19-01-2025 | AES Sports Complex, University Road, Navrangpura, Ahmedabad. |
| Final Match | 26-01-2025 | |

# Night Matches First Time in ZPL Series

**ગયા અંકમાં આપેલ સ્પોન્સરશીપ અન્વયે નીચે મુજબ સ્પોન્સર શીપ મળેલ છે.**

| વિગત | સ્પોનસરરનું નામ | રકમ રૂ. |
|---|---|---|
| ● મેઇન સ્પોન્સરર : | શ્રીમતી હસુમતીબેન કાંતિલાલ શાહ (વીરસદવાળા) - હસ્તે. શ્રી ભાવેશભાઇ કાંતિલાલ શાહ | રૂ. ૫૫,૦૦૦/- |
| ● ગોલ્ડન નાઇટ ગ્રાઉન્ડ પાર્ટનર | શ્રી ભાવેશભાઇ કાંતિલાલ શાહ | રૂ. ૩૫,૦૦૦/- |
| ● સિલ્વર નાઇટ ગ્રાઉન્ડ પાર્ટનર | દરેક ટીમના ઓનર્સ (દરેક ટીમના રૂ. ૯૦૦૦/- લેખે) | રૂ. ૭૨,૦૦૦/- |
| ● ટીમ ઓનરશીપ & સિલ્વર નાઇટ ગ્રાઉન્ડ પાર્ટનર્સ | (૧) શ્રી ધવલભાઇ યતિનભાઇ સંઘવી-શ્રી ધ્વનિલભાઇ યોગેશભાઇ સંઘવી | રૂ. ૩૧,૦૦૦/- |
| | (૨) શ્રી જીગ્નેશભાઇ જયંતિલાલ કોઠારી-શ્રી કૌશલભાઇ કીરીટભાઇ ગાંધી | રૂ. ૩૧,૦૦૦/- |
| | (૩) શ્રી સુજલભાઇ ઉમેશભાઇ દોશી - શ્રી ઉજાસભાઇ વિજયભાઇ શાહ | રૂ. ૩૧,૦૦૦/- |
| | (૪) શ્રી વૈશવભાઇ ભાવેશભાઇ શાહ - શ્રી જીગરભાઇ કિરીટભાઈ શાહ | રૂ. ૩૧,૦૦૦/- |
| | (૫) શ્રી મીતભાઇ કલ્પેશભાઇ દોશી - શ્રી મનનભાઈ દિલીપભાઈ શેઠ | રૂ. ૩૧,૦૦૦/- |
| | (૬) ડો. અપૂર્વભાઇ નવીનભાઇ સંઘવી — ડો. જીમીતભાઇ નરેન્દ્રભાઇ સંઘવી | રૂ. ૩૧,૦૦૦/- |
| | (૭) શ્રી નિલભાઈ રાજેન્દ્રભાઈ સલોત - શ્રી મિલનભાઈ રમેશભાઈ સંઘવી | રૂ. ૩૧,૦૦૦/- |
| | (૮) શ્રી જયભાઇ રાજનભાઇ સંઘવી - શ્રી પાર્થભાઈ વિનોદભાઇ દોશી | રૂ. ૩૧,૦૦૦/- |
| ● વીનર ટીમ તથા રનર્સ અપ ટીમ ના ખેલાડીઓના ઇનામોના દાતા | શ્રી કેતુલભાઇ સંજયભાઇ સંઘવી | રૂ. ૧૫,૦૦૦/- |
| ● ટી-શર્ટ કો-સ્પોન્સર | વેબપ્લસ ઇન્ફોટેક પ્રા. લિ. - શ્રી મિલનભાઇ વસંતભાઇ શાહ | રૂ. ૧૧,૦૦૦/- |

**ZPL -9 નીચે મુજબની સ્પોન્સરશીપ આવકાર્ય છે.**

| નં. | સ્પોન્સરશીપની વિગત | જરૂરી સંખ્યા | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | જમણવારના દાતા | ૧ | રૂ. ૩૧,૦૦૦/- |
| ૨. | ટી-શર્ટ પાર્ટનર | ૧ | રૂ. ૨૧,૦૦૦/- |
| ૩. | ZPL જુનીયર ટીમની ઓનરશીપ (વધુમાં વધુ બે વ્યક્તિ લઈ શકે છે) | ૩ | રૂ. ૫,૦૦૦/- |
| ૪. | રીફ્રેશમેન્ટ પાર્ટનર પ્રતિ દિવસ (જોઈન્ટ નામ લખાવી શકાય છે.) | ૬ | રૂ. ૫,૦૦૦/- |
| ૫. | ZPL જુનીયર કો-સ્પોન્સર | ૧ | રૂ. ૮,૦૦૦/- |
| ૬. | ZPL જુનીયર પ્રાઇઝ ડીસ્ટ્રીબ્યુશન પાર્ટનર | ૧ | રૂ. ૭,૫૦૦/- |
| ૭. | ટીમ લોગો પાર્ટનર (પ્રતિ ટીમ) | ૮ | રૂ. ૨,૫૦૦/- |

ઉપરોક્ત જરૂરી સ્પોન્સરશીપ માટે શ્રી અંકિતભાઈ સંઘવી (મો) ૯૮૨૪૩૨૪૪૭૭ ઉપર વોટસએપ કરવાનો રહેશે.



મારી પ્રબળ ઈચ્છા છે કે હું દરેક
આંખનું એક-એક આંસુ લૂછું - ગાંધીજી

## શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ આયોજીત તેમજ ZPL ઇવેન્ટ ગ્રુપ સંચાલિત ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨૦૨૫ - ZPL -9

## "એટલાસ કપ"

ફોર્મ નં. :

(૧) સભ્યનુ નામ : ........................................................................ (આખું નામ લખવું ફરજિયાત છે)

(૨) સભ્ય નંબર : ................................ વોટસએપ મો. નં.: ..............................................

(૩) પ્લેયરનું નામ : ........................................................................ (આખું નામ લખવું ફરજિયાત છે.)

(૪) જન્મતારીખ : ...................... (૫) Cric Heroes App. Reg. M. No. : ...............................

(૬) સરનામું : ....................................................................................................

....................................................................................................

(૭) આપ પહેલાં ZPL ટુર્નામેન્ટ રમ્યા છો. હા ( ) ના ( )

(૮) બોક્ષમાં ટીક (✔) કરવી.

| બેટીંગ | | બોલીંગ | | | |
|---|---|---|---|---|---|
| • રાઇટ હેન્ડ | | • રાઇટ હેન્ડ | | • સ્પીન | |
| • લેફ્ટ હેન્ડ | | • લેફ્ટ હેન્ડ | | • ફાસ્ટર | |

શરતો :-

૧. ટુર્નામેન્ટમાં ખેલાડીની ઉંમર ૧૫ વર્ષથી ઉપરની હશે તે ખેલાડી રમી શકશે.

૨. પ્રીમયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેવા ઇચ્છતા સભ્યોએ રુ. ૧૦૦૦/- ભરવાના રહેશે. આ માટે તા. ૦૩-૯-૨૦૨૪ સુધીમાં સમાજની ઓફિસે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે ત્યારબાદ રજીસ્ટ્રેશન કરવામાં આવશે નહિ.

૩. આ ટુર્નામેન્ટમાં ૮ ટીમ સાથે અને દરેક ટીમને ૧૫ મહત્તમ ખેલાડી યોગ્યતાના આધારે ફાળવવામાં આવશે.

૪. જે પ્લેયરનું સ્ટડી ચાલુ હોય તેમણે પેરેન્ટસની સંમતિ તરીકેની સાઇન કરાવવી ફરજિયાત છે.

૫. દરેક પ્લેયરે નાઇટ મેચ વખતે સાંજે ૫-૩૦ વાગે ગ્રાઉન્ડ પર પહોંચી જવાનું રહેશે.

૬. ક્રિકેટ ટુર્નામેન્ટ પ્રોફેશનલ ક્રિકેટરોની દેખરેખ હેઠળ અંશતઃ ઇન્ટરનેશનલ નિયમો, પ્રોફેશનલ અમ્પાયર, રેફરી, સ્કોરર, કોમેન્ટ્રેટર સાથે રમાડવામાં આવશે.

૭. દરેક ટીમને ૩ લીગ મેચ રમવાની આવશે. એમાં પહેલાં ૫ (પાંચ) બેટસમેન પ્રત્યેક ટીમે નો રીપીટ પ્રમાણે જ મોકલી શકશે. એટલે ૧ લી મેચમાં જે બેટસમેન પ્રથમ પાંચ ક્રમાંકમાં બેટીંગ કરવા આવ્યા હશે તે એના પછીની બાકીની ૨ (બે) મેચમાં પહેલાં પાંચ ક્રમાંકમાં બેટીંગ કરવા આવી શકશે નહિ. અને તેવી જ બીજી મેચના પ્રથમ પાંચ ક્રમાંક બેટસમેન પણ ત્રીજી લીગ મેચમાં પહેલાં પાંચ ક્રમાંક પર બેટીંગ કરવા આવી શકશે નહિ.

૮. કોઇપણ ખેલાડીની ગેરવર્તણુક, અસભ્ય ભાષાનો ઉપયોગ થયેલ માલુમ પડશે તો તેઓને તે જ સમયે ટુર્નામેન્ટમાંથી બહાર કરવામાં આવી શકે છે.

૯. જો આપ ટીમની સાથે સતત પ્રેક્ટીસ કરી શકો તેમ હોય તો જ આ ફોર્મ ભરવાનું રહેશે. જો આપની ઓછી હાજરી અથવા તો પ્રેક્ટીસ કરવા ન આવતા હોવાનું માલુમ પડે તો આપનું નામ ટીમમાંથી રદ કરવામાં આવી શકે છે. અને વેઇટીંગ લીસ્ટમાંથી બીજા ખેલાડીને તે ટીમમાં ફાળવવામાં આવશે.

૧૦. ટીમના ખેલાડીઓ જો ગેરવર્તણુંક કરે તો ટીમના ઓનર્સ તથા કેપ્ટનની સંયુક્ત જવાબદારી રહેશે.

૧૧. ટુર્નામેન્ટમાં કોઇપણ જાતની વિસંગતતા, તકરાર ઉભી થાય તો તે અંગે આખરી નિર્ણય સમાજ દ્વારા નક્કી કરવામાં આવેલ કમિટીનો રહેશે.

૧૨. ટુર્નામેન્ટમાં કોઇપણ પ્રકારનો ફેરફાર કરવાનો અથવા સંજોગોવસાત્ કેન્સલ કરવી પડે તો તે સર્વ હક્ક સમાજને અબાધિત રહેશે.

૧૩. ક્રિકેટ મેચ દરમ્યાન કોઇપણ ઇજા કે તકલીફ થાય તો ભાગ લેનાર જે તે ખેલાડીની વ્યક્તિગત જવાબદારી રહેશે. ટુર્નામેન્ટમાં સમાજના સભ્યો તથા તેમના બાળકો જ ભાગ લઇ શકશે.

૧૪. આપ ઓનલાઇન રજિસ્ટ્રેશન તથા પેમેન્ટ પણ કરી શકો છો જેના માટેની લીંક આપને સમાજના વોટસએપ ગ્રુપ દ્વારા મોકલવામાં આવશે.

ખેલાડીની સહી : ..............................................

---

## શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ આયોજીત તેમજ ZPL ઇવેન્ટ ગ્રુપ સંચાલિત ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨૦૨૫ - ZPL -9

## "એટલાસ કપ"

૧. ખેલાડીનું નામ : .............................................. સભ્ય નંબર .............. ફોર્મ નં. : .........................

૨. ફોર્મ આપ્યા તારીખ : ...................... ફોર્મ લેનારની સહી : .................................................



આલોક કરતાં પરલોક ઘણો લાંબો છે, ત્યાં ઘણું મેળવવા અહીં થોડું છોડવાની તૈયારી રાખવી જ પડશે.



# તંત્રીની કલમે

- પ્રીતિ એન. શાહ

જૈનોનાં ચાતુર્માસ ચાલુ થઈ ગયા છે. શહેરના લગભગ દરેક સ્થાનકોમાં સાધુ સાધ્વીજીઓનાં પ્રવેશ થઈ ગયા છે. વર્ષાવાસ એટલે સ્થિરવાસ. પર્વાધિરાજ પર્યુષણ નાં આગમનની તૈયારીઓ શરૂ થઈ છે. આ સમયે શાસન પ્રભુ મહાવીરનું પુણ્ય સ્મરણ કરીએ.

ભગવાન મહાવીરે સાડાબાર વર્ષની ઉગ્ર તપસ્યામાં અનેક યાતનાઓ સહન કરી. મહાવીર જરા પણ ડગ્યા નહી. ઇન્દ્રએ કરેલ ભગવાન મહાવીરની અડગતાની પ્રશંસા સંગમ નામના એક દેવથી સહન ન થઇ અને એણે ભગવાનની પરીક્ષા લેવા એમના પર ૨૦ ઉપદ્રવ - ઉપસર્ગ કર્યા. આ ઉપસર્ગનું વર્ણન રુંવાડા ઉભા કરી દે તેવું છે. જેમ કે કીડીઓનાં મોટા ટોળાએ આવીને ભગવાનના શરીરને કોચીને ચારણી જેવું કરી નાખ્યું, ડાંસ, ધીમેલો, વીછીઓ, નોળિયા, સર્પ, ઉંદર જેવા પ્રાણીઓએ મહાવીરની કાયાના માંસ અને લોહીની મિજબાની માણી. જંગલી હાથીએ એના દંતશૂળ વડે મારીને સૂંઢથી અધ્ધર ઉછાળ્યા. હાથણીએ પણ ક્રોધ વર્ષાવ્યો. રાતે પીશાચોએ હેરાન કર્યા. ભયંકર પવને મહાવીરના શરીરને દડાની જેમ ઊછાળ્યું. આ બધી મુશ્કેલીઓ વચ્ચે મહાવીર ડગ્યા નહી. અંતે એમને પ્રલોભીત કરતી સુંદરીઓ આવી . એ તરફ પણ એ નિર્લેપ રહ્યા. ક્રોધની મર્યાદા ઓળંગીને સંગમે કાલચક્ર ફેક્યું, મહાવીરનું અડધું શરીર જમીનમાં ઘુસી ગયુ. બાળ અવસ્થામાં પગના અંગુઠાથી મેરુ પર્વત ધ્રુજાવનાર મહાવીરની કેવી સ્વસ્થતા ! કેવી સમતા ! એમણે ધાર્યું હોત તો સંગમનાં આ ઉપદ્રવો સહન કરવાને બદલે સામે એને પણ સજા આપી શકત. પણ એ મહાવીર હતા. કરુણામૂર્તિ મહાવીર. અંતે સંગમે હાર માની. ભગવાન મહાવીરના આંખમાંથી અશ્રુના બે ટીપા પડી ગયા. સંગમને ભગવાન કહે છે, “હે સંગમ, મારા અશ્રુઓ તે મને પીડા આપી એના નથી પણ મારા નિમિત થી અનેક આત્માઓ કર્મમુક્ત થઈને મોક્ષે સિધાવ્યા પરંતુ હે સંગમ, તું મારા નિમિતે થઈને કર્મબંધ કરીને જાય છે એનું મને દુખ છે અને એના આ આંસુ છે.”

મહાવીરની આ ક્ષમા અને સંગમનો ક્રોધ આ બંને વચ્ચે જ જૈન ધર્મના પર્યુષણનો હાર્દ છે. પર્યુષણ પર્વ એક રીતે કર્મક્ષયનું પર્વ છે. કર્મબંધના કારણો ઘણા છે, પણ મુખ્ય એક કારણ ક્રોધ વિશે આજે વાત કરવી છે.

પોતાના જીવનમાં ક્રોધ ન આવ્યો હોય એવી કોઈ વ્યક્તિ ભાગ્યે જ હશે. કોઈ શેરના ભાવ ગગડતાં અકળાય છે, કોઈ ધંધામાં નુકશાન જવાથી અકળાય છે, કોઈ રસ્તામાં ટ્રાફિક નડતા ગુસ્સે થાય છે, કોઈ પોતાનો કાગળ હવાથી ઉડી જતા હવાને ગુનેગાર ઠેરવે છે, કોઈ મારામારી કરે, કોઈ અભદ્ર ભાષા બોલે તો વળી કોઈ ભૂખ્યું રહીને પોતાની જાતને જ સજા આપે. ક્રોધની પરાકાષ્ઠા ક્યારેક ખૂનનું પગલું ભરાવે તો ક્યારેક આત્મહત્યાનું. એક આંકડા મુજબ ભારતમાં ડીપ્રેશનને લીધે દર ૧ મીનીટે આત્મહત્યા થાય છે ક્રોધના પરિણામો સમરાંગણમાં યુદ્ધ સુધી લઇ જાય છે. આચાર્ય મહાપ્રજ્ઞજી કહે છે, “યુદ્ધ સૌથી પહેલા માનવીના મગજમાં આકાર લે છે, ત્યારબાદ યુધ્ધના મેદાન સુધી પહોચે છે. ક્રોધ કે હિંસામાંથી બચવું હોય તો સહુ પહેલા મગજને અહિંસાથી પ્રશિક્ષિત કરવું પડે”.

ક્રોધનું ઉત્તમ મારણ છે ક્ષમા. મુસલમાન ખલીફા અલીની એક બહુ અદભૂત ઘટના ઓશો વર્ણવે છે. યુદ્ધના મેદાનમાં એ લડી રહ્યા છે. વર્ષોથી યુદ્ધ ચાલી રહ્યું છે. એ ઘડી આવી ગઈ જયારે એમને એમના દુશ્મનને નીચે ગબડાવ્યો અને એની છાતી પર ચડી બેઠા અને પોતાનો ભાલો એની છાતીમાં ખુપવવાની તૈયારીમાં જ હતા, પરંતુ નીચે પટકાયેલા દુશ્મને અલીના મોઢા પર થુંકી દીધું અલીએ પોતાના મોઢા પરનું થૂંક લુછી દીધું, ભાલો નીચે મૂકી દીધો અને પેલાને કહ્યું કે આપણે કાલે પાછા લડીશું. પેલા માણસે કહ્યું : અલી, આ હાથમાં આવેલા મોકાને તે જવા કેમ દીધો? આ મોકાની તો તું વર્ષોથી પ્રતીક્ષા કરતો હતો. હુ તારી જગ્યાએ હોત તો તને છોડાત નહી. તું મને કારણ તો બતાવતો જા કે મને આમ છોડીને કેમ જાય છે ? અલીએ કહ્યું, “મને મહમ્મદની આજ્ઞા છે. એક તો હિંસા કરશો નહીં, અને બીજું જો હિંસા કરવી પડે તો ક્યારેય ક્રોધમાં કરશો નહી . અત્યાર સુધી હુ શાંતિથી લડી રહ્યો હતો. પણ જેવું તે મારા મોઢા પર થુક્યું એવો મારા મનમાં ક્રોધ ભભૂક્યો. હુ તને મારું તો એ હત્યા વ્યક્તિગત બનત. યુદ્ધની કે સિધ્ધાંતની લડાઈ નહી રહે.”. પરિણામ એ આવ્યું કે પેલા માણસે અલીના પગ પકડી લીધા અને માફી માગી. બીજે દિવસે યુદ્ધ થયું જ નહી


આપણે તો વીરના વારસદાર છીએ. ક્ષમામૂર્તિ મહાવીરનાં અનુયાયી કોઈની એક ગાળ સાંભળીને આખો દિવસ બેચેન રહો તો તમે ક્રોધના ગુલામ છો, પરતંત્ર છો. ક્રોધને કાયરતા ગણીને ક્ષમાને શસ્ત્ર બનાવો. રવીન્દ્રનાથ ટાગોર કહે છે, “ક્ષમા જેવો કોઈ ઉત્તમ બદલો નથી.”

અંતમાં મારા લેખથી, શબ્દોથી કોઈને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે દુખ પહોચ્યું હોય તો સહુની ક્ષમા પ્રાર્થું છું.

મિચ્છામિ દુક્કડમ...

M. : 8141199064 priti_narendra@yahoo.co.in

## મિચ્છામિ દુક્કડમ્



સમાજની કામગીરી દરમિયાન
જાણતાં-અજાણતાં કોઈ પણ સભ્યને
દુઃખ પહોંચ્યું હોય, મન દુઃખ થયું હોય તો
સમાજની કમીટીના સર્વે હોદ્દેદારો તથા
કમીટી સભ્યો તથા ઓફિસ સ્ટાફના
આપ સૌને મિચ્છામિ દુક્કડમ્.



બે માણસો વચ્ચેનું ઓછામાં
ઓછું અંતર એટલે હાસ્ય

# પ્રમુખસ્થાનેથી

ડૉ. નિલેશ પ્રવિણચંદ્ર સંઘવી

## ચોમાસું : આત્મનિરીક્ષણનો ઉત્તમ સમય

આપણા ભારતીય ઉપખંડમાં વર્ષ દરમ્યાન ત્રણેય ઋતુઓ અનુકૂળ અને પ્રમાણસર હોય છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી તમામ ઋતુઓના સમયમાં અને પ્રમાણમાં ફેરફાર થયા છે.આધુનિક વિજ્ઞાન એની આગાહીઓ ચોકસાઈથી પણ મહદઅંશે કરે છે તેમ છતાં માણસ એના કારણે પીડાય રહ્યો છે ને જાનમાલની નુકસાની વેઠવી પડી રહી છે.ચોમાસા દરમિયાન જ આપણું પર્યુષણ મહાપર્વ ઉજવાય છે એ આત્માના આત્મનિરીક્ષણનો ઉત્તમ સમય છે એ વિષયને સાધુસંતો અને સંપ્રદાયો સારી રીતે સમાજના લોકોને કહે છે એટલે એની વાત નહીં કરતાં કુદરતના ફેરફારો અને એની અસરો અંગે આત્મનિરીક્ષણ અને ઉપાયો પર નાની વાત કરવા માગું છું.

તાજેતરમાં કેરાલા રાજ્યના વાયનાડમાં અને હિમાચલ પ્રદેશમાં વાદળ ફાટવાથી ભૂસ્ખલનને કારણે ૨૫૦ કરતાં વધુ લોકોએ જીવ ગુમાવ્યા અને ભારે નુકસાન થયું. આવી રીતે ધરતીકંપ, નદીઓના પૂર, દુષ્કાળ, હિમસ્ખલન, સુનામી, દાવાનળ, હીટ સ્ટ્રોક, ઠંડીના પ્રાકૃતિક કારણોથી જીવસૃષ્ટિને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે.વળી માનવીય ભૂલોને કારણે થતી દુર્ઘટનાઓ જેવી કે પુલો તૂટવા, રેલ હાદસા, ડેમ તૂટવા, વાહન અકસ્માતો, આગ લાગવી, ધક્કામુક્કી વિ. ની વાત તો સો ટકા માનવીય હોનારતમાં જ ગણાય. આપણા દેશમાં એક આપત્તિ આવે છે ને તેમાંથી સરકાર ને તંત્ર બોધપાઠ લે એવી વાતો કરી સંતોષ માની લઈએ છીએ ને ત્યાં તો નવી આફત આવે એનામાં લાગી પડીએ છીએ. એટલે ક્યારે આત્મનિરીક્ષણ કરીશું આવી હોનારતોના મૂળ કારણ અંગે ને આ બધી હોનારતોનુ પ્રમાણ કેમ વધ્યું છે ને એની પાછળ આપણો શું હાથ તો નથી ને એ ક્યારે નક્કી કરીશું ? ક્યાં સુધી બીજાઓ પર કે નસીબને દોષ દઈને પોતાની જવાબદારીમાથી છટકી જશુ ? વિશ્વની ઘણી બધી સંસ્થાઓ કુદરતી હોનારતની સમીક્ષા કરે છે એમાં પર્યાવરણવિદોના મતે કુદરતી હોનારત મહદઅંશે કુદરતી નથી પરંતુ માનવીય જ હોય છે.આપણાં દેશના જ પર્યાવરણવિદોના રીપોર્ટો વિવિધ કુદરતી આપત્તિઓ અને તેના ઉપચાર અંગે કેન્દ્ર / રાજ્ય સરકારોને આપેલાં છે કે જેનો કોઈ સરકારે અમલ કર્યો નથી ને પ્રજા પણ પર્યાવરણ અંગે સંવેદનશીલ ને જાગૃત નથી. એક પ્રતિષ્ઠિત પર્યાવરણવિદ ડો.જી.ડી. અગ્રવાલે તો ઉતરાખંડમાં આમરણાંત ઉપવાસ કર્યા હતા ને એ દરમિયાન જ એમનું કરૂણ અવસાન થયું હતું છતાં ના તો સરકાર કે ના તો પ્રજાને અસર થઈ છે ને જાગી છે, એટલે ગંભીર પરિણામો તો ભોગવવાં પડશે.એક આંકડા મુજબ ગત વર્ષે અંદાજે ૩૯૯ મોટી કુદરતી હોનારતની ઘટનાઓ બની જેમાં અંદાજે ૮૫૦૦૦ લોકો એ જીવ ગુમાવ્યા ને અંદાજે ૧.૬ લાખ કરોડનું આર્થિક નુકસાની થઈ. ૯ કરોડ લોકો એને કારણે અસરગ્રસ્ત થયા એ નુકસાન અલગ.

ચાલો એક નવી દષ્ટિથી વિચાર કરીને આત્મનિરીક્ષણ કરીને એક મોટી સમાજસેવા કરીએ. આવી આપત્તિઓ આવે છે ત્યારે આપણે સરકારને વહીવટીતંત્રને સૌથી પહેલાં દોષ આપીને સંતોષ માનીએ છીએ.એ નરી મૂર્ખામી છે કેમ કે સૌથી પહેલી ફરજ આપણી તંત્રને મદદરૂપ થવું એ છે નહીં કે દોષ આપીને એની સામે બાંયો ચઢાવવી. આ સરકાર ને તંત્ર આપણી પોતાની જ ઈચ્છાથી ને મતથી બનાવી છે. એમા જેઓ છે તે આપણામાંથી જ કોઈ હોય છે એટલે એ જવાબદાર રહીને કામ કરે છે એ જોતાં રહેવાનુ .આપણા ક્ષુલ્લક સ્વાર્થ સાધવા આપણે જ એમને ધીરે ધીરે સેવકની જગ્યાએ રાજાનો દરજ્જો આપીએ છીએ ને પછી હવે જ્યારે તંત્ર નઘરોળ બની જાય ત્યારે ફરિયાદ કરતાં રહેવા સીવાય બીજા કોઈ ઉપાય નથી રહેતો. લોકતંત્રમાં પ્રજા એ સરકાર ચૂંટી કાઢયા પછી એ અને એનું તંત્ર યોગ્ય રીતે કામ કરે છે તે જવાબદારી પ્રજાની જ છે. જેઓ નિષ્ઠાપૂર્વક સેવા આપે છે એમનું સન્માન કરતાં રહેવું પરંતુ એવું પણ જોવા મળે છે કે જેઓ પ્રામાણિક અને નિષ્ઠાવાન છે એમની બિનજરૂરી ફરિયાદો કરતાં રહી એમના કામની આડે વિધ્ન ઉભાં કરતાં રહે છે.આવા લોકો ને ઓળખો ને ખુલ્લાં પાડવા એ પણ ઉત્તમ સેવા કહેવાય. સરકાર અને તંત્ર ને જવાબદાર રાખવા સંઘર્ષ કરવો પડે તો કરવો પડશે. બીજાઓને અન્યાય થતો હશે તો પણ અવાજ ઉઠાવવા આળસ કરવી નહીં. વર્તમાન સમયમાં જે રીતે પ્રજાના સેવકોમાં ને રાજકીય વ્યવસ્થામાં નીતિમત્તા છે એ જોતાં નવેસરથી પ્રજાએ પોતે પહેલા નીતિમત્તાને જીવનમાં સ્થાન આપવું જોઈએ ને પછી રાજકીય વ્યવસ્થા પાસેથી વધુ નીતિમત્તાનો આગ્રહ રાખવો પડશે. હાલના રાજકારણમાં ધર્મનો પ્રવેશ થયો છે પરંતુ તેઓ રાજકારણનો ધર્મ જ ભૂલી ગયા છે. સરકાર કે તંત્રની ટીકા એ દેશદ્રોહ ના કહેવાય, સકારાત્મક ટીકા એ કોઈ પણ સ્વસ્થ વિકાસશીલ સમાજ કે દેશ માટે આવશ્યક છે. વળી ભ્રષ્ટાચાર એ એક એવી વૈશ્વિક બીમારી છે જે સૌથી મોટું કારણ છે માનવસર્જિત હોનારતો માટે. મારા મતે આર્થિક વિકાસનો દર જેમ દેશની પ્રગતિ દર્શાવે છે એમ ભ્રષ્ટતા અંગેનો આવો કોઈ માપદંડ (ઈન્ડેક્સ) પણ દર બજેટમાં સરકારે દર્શાવવો ફરજિયાત કરવામાં આવે તો જે ઉંચાઈ એ ભ્રષ્ટાચાર છે ત્યાં થી એ નીચે આવવાની શરૂઆત થાય. એ માટે પ્રજાએ પોતે પ્રામાણિક બનવું એ સૌથી મોટી અને પહેલી શરત છે. ભ્રષ્ટાચાર એ આજના કાળમાં સૌથી વધુ આપત્તિઓનુ પોષકબળ બન્યું છે ને અસંખ્ય હોનારતમાં એનો સિંહફાળો હોવા છતાં પ્રજા આના વિશે નિષ્ક્રિય ને નિષ્કામ છે તે ખરેખર આત્મનિરીક્ષણ માંગે છે.સમાજ,દેશ કે સમસ્ત વિશ્વમાં કોઈ પણ સમસ્યાઓ (જેમાં હોનારતો પણ આવી જાય) આવે તો એનો ઉપાય માનવતાના મૂલ્યોની સ્થાપનામાં અને નીતિમત્તાના પાલનમાંથી જ મળી શકે અન્યથા કદાપિ નહીં.વિજ્ઞાન અને ભૌતિક સાધનો ને સુવિધાઓ ફક્ત મુશ્કેલીઓ ઓછી કરી શકે પરંતુ સંપૂર્ણ રોકી શકે નહીં.

માનવસર્જિત કે પ્રાકૃતિક હોનારતો અંગે શું સાવધાની રાખવી એ સમજીએ. સૌથી પ્રથમ તો આવે વખતે શકય હોય તો તન મન ધન થી મદદરૂપ થવું. બાળકો, સ્ત્રીઓ અને વડીલોને અશકતોને રક્ષણ પહેલાં આપો. સરકાર કે તંત્રને એમની પદ્ધતિઓ અનુસાર સાથ આપવો ને બીનજરૂરી દખલ કરવી નહીં. સરકાર કે તંત્ર દ્વારા મળતી મદદ માટે શિસ્ત રાખો ને પોતાની જરૂરિયાત અનુસાર લેવી. બીજાઓની જરૂરિયાતનો પણ ખ્યાલ રાખવો. હોનારતના



બીજાની ભૂલ માફ કરવી સહેલી છે પરંતુ આપણી ભૂલ કાઢનારાઓને માફ કરવા મુશ્કેલ છે.

સ્થળે બીનજરૂરી ભીડ બનવા જવું નહીં. હોનારત અંગેની અફવાઓથી બચવું ને ફેલાતી રોકવી. ત્યારબાદ સકારાત્મક સુઝાવ આપવાને તેનું ફોલોઅપ રાખો. પર્યાવરણની રક્ષા ને પ્રથમ ધર્મ ગણી એના અંગે સંવેદનશીલ રહો પર્યાવરણની અનદેખી કરે એવી સરકાર ના ચૂંટવી. વ્યક્તિગત જીવનમાં નીતિમત્તા ને જ સ્થાન આપો ને ભ્રષ્ટાચાર ને પોષવો નહીં . પ્રાકૃતિક આફતો અંગે સજાગ રહેવું ને ધરતીકંપ અને આગની આકસ્મિક ઘટના માટે ખાસ કાળજી ને સૂચનો થી તમામ નાગરિકોને માહિતગાર કરવા માટે સતત પ્રયત્નશીલ રહેવું.ચોમાસા દરમિયાન મુસાફરી કરતા પહેલા રોજબરોજ હવામાનની આગાહીને નજરઅંદાઝ ના કરશો (સમાજના અંબાલાલની આગાહીને જ પ્રાધાન્ય ન આપશો). જલભરાવવાળા વિસ્તારમાં બિનજરૂરી જવું નહીં. જલભરાવની પરિસ્થિતિમાં જોખમ લઈને ગાડી ન ચલાવો. રોકાઈ શકાય એવી જગ્યાએ પાણી ઓછું થાય એની રાહ જોવી. ફરવા માટેના સ્થળની પસંદગી છેલ્લા કેટલાક વર્ષોના કુદરતી હોનારતોનો ઈતિહાસ જાણી ને પછી જ કરવી.વારંવાર માનતા રાખી ને (જેમ કે પૂનમ ભરવી વિ) ધાર્મિક સ્થળોએ ભીડ કરવી નહીં ને વ્યવસ્થા તંત્રના નિયમો પાળવા. ત્રણેય ઋતુઓમા જ્યારે જ્યારે આફતની ચેતવણી આવે ત્યારે સરકારી તંત્રની સુચનાઓનુ ચૂસ્ત પાલન કરવું ને બીનજરૂરી મુસાફરી ન કરવી.કામ અંગે જવું જ પડે એમ હોય તો આકસ્મિક સંજોગો ને ધ્યાન રાખીને બચાવ અંગેની વ્યવસ્થા કરો અથવા બેકઅપ પ્લાન તૈયાર રાખો. મોબાઈલની બેટરી વધુ ચાલે એટલો જ વાપરવો. ફેમીલી સાથે સંપર્ક મેસેજ કરતાં રહેવું. પાણી, દવા ને બગડે નહીં તેવો નાસ્તો ને બચાવના સાધનો સાથે રાખો. ગરમી ઠંડીમાં પોતાના શરીરને અનુકૂળ રક્ષા થાય એવાં કપડાં પહેરો ને એમાં ફેશન ને પ્રાથમિકતા છેલ્લે હોવી જોઈએ. આફતના સમયે મૂક પશુપક્ષીઓ અને અમૂલ્ય એવા વૃક્ષોની પણ રક્ષા થાય એ ભૂલવું જોઈએ નહીં.

છેલ્લે આપદાના સમયે કે રોજબરોજ પણ પ્રકૃતિ ને ક્યારેય દોષ દેવો જોઈએ નહીં કારણ કે એ તો હંમેશા જીવસૃષ્ટિનું રક્ષણ કરવા બેલેન્સ જાળવવાની કપરી ફરજ નિરંતર બજાવે જ છે.ગરમી, ઠંડી, ઉકળાટ, ઓછોવત્તો વરસાદ, સૂસવાટાભેર ફૂંકાતા પવન કે પવનનું પડી જવું વિ.ની ફરિયાદ એનાંથી રક્ષા મળે એવી ભૌતિક સુવિધાઓ ભોગવતા હોવાં છતાં કરવી એ પ્રકૃતિ નું અપમાન છે.પ્રકૃતિ અને એના પ્રયત્નોની રક્ષા કરવા જ આત્મનિરીક્ષણ કરવાનું છે.

**There's no harm in hoping for the best as long as you're prepared for the worst"**

## સાધર્મિક કુટુંબ દત્તક યોજના હેઠળ આર્થિક યોગદાન બદલ - આભારદર્શન

સાધર્મિક પરિવારોના ઉત્કર્ષ માટે તેમજ તેમને જીવન-જરુરિયાતની વસ્તુઓ, સુવિધાઓ વધુ મળી શકે તે માટે સમાજે સાધર્મિક કુટુંબ દત્તક યોજના મૂકેલ છે અને સમાજના દાતાશ્રીઓને ૧ (એક) સાધર્મિક પરિવારને એક વર્ષ માટે દત્તક લેવાના રુ. ૨૧,૦૦૦/- પ્રમાણે આર્થિક યોગદાન આપવા માટે અપીલ કરી હતી.
અમોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણા સમાજના ઉદારદિલ દાતાઓએ આ યોજનાને અત્યંત સુંદર પ્રતિસાદ આપ્યો છે અને અમારા ઉત્સાહ અને હિંમતમાં ઘણી વૃધ્ધિ કરી છે. આ અંગેની માહિતી ગયા અંકમાં આપેલ ત્યારબાદ આવેલ દાતાશ્રીઓની યાદી નીચે મુજબ છે.

| નં. | દાતાનું નામ | દત્તક કુટુંબ |
|---|---|---|
| ૧. | રિયા અર્પિત સંઘવી (U.S.A) | ૧ |
| ૨. | આલાપ પ્રજ્ઞેશભાઇ દોશી (U.S.A) ૩૧ મા જન્મદિન નિમિત્તે. હ. પ્રજ્ઞેશભાઇ જીનદાસભાઇ દોશી | ૧ |
| ૩. | પૂજા આશિષ સંઘવી – અમેરિકા તરફથી (શ્રી વિનોદભાઇ હિંમતલાલ હકાણીની દીકરી) | ૧ |
| ૪. | લીનાબેન પંકજભાઇ સંઘવી | ૧ |
| ૫. | ધર્મપત્ની અલ્પનાબેનને ૭૫ વર્ષ પુરા થયા તે નિમિત્તે..શ્રી ભરતભાઇ હિંમતલાલ સંઘવી તરફથી | ૧ |
| ૬. | સ્વ.હરીલાલ માણેકલાલ સલોત (શાહ)ના સ્મરણાર્થે હ.શારદાબેન હરીલાલ માણેકલાલ સલોત (શાહ) પરિવાર તરફથી | ૧ |

## સમાજની ઓફિસનો નવો નંબર

**સમાજની ઓફિસમાં એરટેલ કંપનીનો નવો લેન્ડલાઇન ફોન લીધેલ છે જેનો નંબર નીચે મુજબ છે.**

**ફોન નં. : ૦૭૯- ૪૯૩૮ ૮૭૮૮ મોબાઇલ નંબર : ૮૨૩૮૦ ૫૫૫૭૫**

**નોંધ : જુનો નંબર ૦૭૯-૨૬૪૨૫૬૭૦ બંધ કરવામાં આવેલ છે જેની નોંધ લેશો.**


તમે નહીં ખર્ચેલા પૈસાના તમે ચોકીદાર માત્ર છો, માલિક નહીં.

# સમાજ સમાચાર

## તા. ૦૧-૦૭-૨૦૨૪ થી તા. ૩૧-૦૭-૨૦૨૪ સુધી સમાજને મળેલ દાનની રકમની વિગત

| રસીદ નં. | દાતાનું નામ અને વિગત | રકમ રૂ. |
|---|---|---|
| | એક સદ્‌ગૃહસ્થ તરફથી (માનવરાહત ફંડ ખાતે)<br>૩૮૪ થી ૩૮૮, ૪૦૪ થી ૪૦૮, ૪૧૬ થી ૪૨૦, ૪૨૩ થી ૪૨૭, ૪૨૯ થી ૪૩૩ | ૬૦,૦૦૦/- |
| ૩૪૭ થી ૩૫૧ | સ્વ. રંજનબેન મનહરલાલ સંઘવી, હ. મીતાબેન યોગેશભાઈ સંઘવી - સાધર્મિક કુટુંબ દત્તક યોજના<br>૧ કુટુંબ - વર્ષ ૨૦૨૪-૨૫ (માનવરાહત ફંડ ખાતે) | ૨૧,૦૦૦/- |
| ૩૫૨ | લીલાવતીબેન ગુણવંતરાય સંઘવી - હ. હર્ષદભાઈ ગુણવંતરાય સંઘવી - સાધર્મિક કુટુંબ દત્તક યોજના -<br>૧ કુટુંબ - વર્ષ ૨૦૨૪-૨૫ (માનવરાહત ફંડ ખાતે) | ૨૧,૦૦૦/- |
| ૩૫૪ થી ૩૫૭ | રાજનભાઈ કાંતિલાલ સંઘવી - સાધર્મિક કુટુંબ દત્તક યોજના - ૧ કુટુંબ - વર્ષ ૨૦૨૪-૨૫<br>(માનવરાહત ફંડ ખાતે) | ૨૧,૦૦૦/- |
| ૩૬૧ | પૂજા આશિષ સંઘવી - અમેરિકા તરફથી - ચિ. મીશા અને ચિ. ઈશાનના જન્મ દિવસ નિમિત્તે -<br>સાધર્મિક કુટુંબ દત્તક યોજના - ૧ કુટુંબ - વર્ષ ૨૦૨૪-૨૫ (માનવરાહત ફંડ ખાતે) | ૨૧,૦૦૦/- |
| ૩૬૨ | મીનાબેન વિનોદભાઈ હકાણી - આર્યા (Little Angel) કૌશલ વિનોદભાઈ હકાણીની દિકરીના જન્મ નિમિત્તે -<br>સાધર્મિક કુટુંબ દત્તક યોજના - ૧ કુટુંબ - વર્ષ ૨૦૨૪-૨૫ (માનવરાહત ફંડ ખાતે) | ૨૧,૦૦૦/- |
| ૩૬૩ | ભરતભાઈ કાંતિલાલ સંઘવી (જામનગર) સ્વ. કુમુદબેન ભરતભાઈ સંઘવીની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે -<br>સાધર્મિક કુટુંબ દત્તક યોજના - ૧ કુટુંબ - વર્ષ ૨૦૨૪-૨૫ (માનવરાહત ફંડ ખાતે) | ૨૧,૦૦૦/- |
| ૩૬૪ થી ૩૬૬ | શ્રીમતી ભદ્રાબેન જસવંતલાલ સંઘવી - હ. અપૂર્વભાઈ જસવંતભાઈ સંઘવી - સાધર્મિક કુટુંબ દત્તક યોજના -<br>૧ કુટુંબ - વર્ષ ૨૦૨૪-૨૫ (માનવરાહત ફંડ ખાતે) | ૨૧,૦૦૦/- |
| ૩૬૭ | વિમળાબેન જીવણલાલ સંઘવી - (ડેરીવાળા પરિવાર) - સાધર્મિક કુટુંબ દત્તક યોજના - ૧ કુટુંબ - વર્ષ ૨૦૨૪-૨૫<br>(માનવરાહત ફંડ ખાતે) | ૨૧,૦૦૦/- |
| ૩૭૧ | એક સદગૃહસ્થ તરફથી - સાધર્મિક કુટુંબ દત્તક યોજના - ૧ કુટુંબ - વર્ષ ૨૦૨૪-૨૫ (માનવરાહત ફંડ ખાતે) | ૨૧,૦૦૦/- |
| ૩૭૨ થી ૩૭૪ | હંસાબેન અનિલકુમાર કોઠારી (હળવદવાળા) - સાધર્મિક કુટુંબ દત્તક યોજના - ૧ કુટુંબ - વર્ષ ૨૦૨૪-૨૫<br>(માનવરાહત ફંડ ખાતે) | ૨૧,૦૦૦/- |
| ૩૭૬ | વંદિત અનિલકુમાર સંઘવી - સાધર્મિક કુટુંબ દત્તક યોજના - ૧ કુટુંબ - વર્ષ ૨૦૨૪-૨૫ (માનવરાહત ફંડ ખાતે) | ૨૧,૦૦૦/- |
| ૩૮૩ | એક સદગૃહસ્થ તરફથી - સાધર્મિક કુટુંબ દત્તક યોજના - ૧ કુટુંબ - વર્ષ ૨૦૨૪-૨૫ (માનવરાહત ફંડ ખાતે) | ૨૧,૦૦૦/- |
| ૩૮૯ થી ૩૯૧ | ટોની વિજયકુમાર સંઘવી (યુ.એસ.એ.) - સાધર્મિક કુટુંબ દત્તક યોજના - ૧ કુટુંબ - વર્ષ ૨૦૨૪-૨૫<br>(માનવરાહત ફંડ ખાતે) | ૨૧,૦૦૦/- |
| ૩૯૨ | સ્વ. અશ્વિનભાઈ પાનાચંદભાઈ સંઘવીનાં સ્મરણાર્થે.. હ. ધવનકુમાર કુમારપાળ સંઘવી - સાધર્મિક કુટુંબ દત્તક<br>યોજના - ૧ કુટુંબ - વર્ષ ૨૦૨૪-૨૫ (માનવરાહત ફંડ ખાતે) | ૨૧,૦૦૦/- |
| ૩૯૩ | રીયા અર્પિત સંઘવી (યુ.એસ.એ.) - રાજ કોર્પોરેશન - સાધર્મિક કુટુંબ દત્તક યોજના - ૧ કુટુંબ - વર્ષ ૨૦૨૪-૨૫<br>(માનવરાહત ફંડ ખાતે) | ૨૧,૦૦૦/- |
| ૩૯૮, ૪૧૧ અને ૪૧૪ | સુશીલાબેન ભોગીલાલ સંઘવીના સ્મણાર્થે - હ. અમિષાબેન નિતિનભાઈ સંઘવી - સાધર્મિક કુટુંબ દત્તક યોજના -<br>૧ કુટુંબ - વર્ષ ૨૦૨૪-૨૫ (માનવરાહત ફંડ ખાતે) | ૨૧,૦૦૦/- |
| ૩૯૯, ૪૧૨ અને ૪૧૫ | નરેન્દ્રભાઈ મહાસુખલાલ સખીદાસનાં સ્મરણાર્થે - હ. મીનાબેન નરેન્દ્રભાઈ સખીદાસ - સાધર્મિક કુટુંબ દત્તક<br>યોજના - ૧ કુટુંબ - વર્ષ ૨૦૨૪-૨૫ (માનવરાહત ફંડ ખાતે) | ૨૧,૦૦૦/- |
| ૪૦૦ થી ૪૦૨ | આલાપ પ્રજ્ઞેશભાઈ દોશીનાં ૩૧માં જન્મદિવસ નિમિત્તે, (યુ.એસ.એ.) હ. પ્રજ્ઞેશભાઈ જીનદાસભાઈ દોશી -<br>સાધર્મિક કુટુંબ દત્તક યોજના - ૧ કુટુંબ - વર્ષ ૨૦૨૪-૨૫ (માનવરાહત ફંડ ખાતે) | ૨૧,૦૦૦/- |



ક્રોધ ઉપર પ્રેમથી, પાપ ઉપર પુણ્યથી, લોભ ઉપર દાનથી,
અસત્ય ઉપર સત્યથી જીત મેળવો. - ગૌતમ બુદ્ધ

# સમાજ સમાચાર

## તા. ૦૧-૦૭-૨૦૨૪ થી તા. ૩૧-૦૭-૨૦૨૪ સુધી સમાજને મળેલ દાનની રકમની વિગત

| રસીદ નં. | દાતાનું નામ અને વિગત | રકમ રૂ. |
|---|---|---|
| ૪૦૩ | સ્વ. પ્રેમીલાબેન અશ્વિનભાઈ સંઘવી - હ. મૈત્રી કુમારપાળ સંઘવી - સાધર્મિક કુટુંબ દત્તક યોજના - ૧ કુટુંબ - વર્ષ ૨૦૨૪ (માનવરાહત ફંડ ખાતે) | ૨૧,૦૦૦/- |
| ૪૧૦ | પૂજા આશિષ સંઘવી, વિનોદભાઈ હિંમતલાલ હકાણીનાં દિકરી - અમેરિકા તરફથી - સાધર્મિક કુટુંબ દત્તક યોજના - ૧ કુટુંબ - વર્ષ ૨૦૨૪ (માનવરાહત ફંડ ખાતે) | ૨૧,૦૦૦/- |
| ૪૪૧ | લીનાબેન પંકજભાઈ સંઘવી - સાધર્મિક કુટુંબ દત્તક યોજના - ૧ કુટુંબ - વર્ષ ૨૦૨૪ (માનવરાહત ફંડ ખાતે) | ૨૧,૦૦૦/- |
| ૪૬૩ થી ૪૬૫ | ભરતભાઈ હિંમતલાલ સંઘવી - ધર્મપત્નિ અલ્પાબેનને ૭૫ વર્ષ પુરા થયા તે નિમિત્તે - હ. ભરતભાઈ હિંમતલાલ સંઘવી - સાધર્મિક કુટુંબ દત્તક યોજના - ૧ કુટુંબ - વર્ષ ૨૦૨૪ (માનવરાહત ફંડ ખાતે) | ૨૧,૦૦૦/- |
| ૪૬૮ થી ૪૭૦ | ચંપાબેન નાનચંદભાઈ સંઘવીના સ્મરણાર્થે - હ. પ્રવિણાબેન નવિનભાઈ સંઘવી - સાધર્મિક કુટુંબ દત્તક યોજના - ૧ કુટુંબ - વર્ષ ૨૦૨૪ (માનવરાહત ફંડ ખાતે) | ૨૧,૦૦૦/- |
| ૪૭૧ થી ૪૭૩ | પુષ્પાબેન ન્યાલચંદભાઈ શાહ - હ. સહપરિવાર - સાધર્મિક કુટુંબ દત્તક યોજના - ૧ કુટુંબ - વર્ષ ૨૦૨૪ (માનવરાહત ફંડ ખાતે) | ૨૧,૦૦૦/- |
| ૩૭૫ | મધુકાન્તાબેન રમણિકલાલ શાહ - હ. ડૉ.શ્રી અલ્પેશભાઈ રમણિકલાલ શાહ - પ્રથમ ઈનામ વિતરણ સમારોહ તથા ૧૪મો સાંસ્કૃતિક કાર્યક્રમ - અતિથિ વિશેષ તરીકેનું સ્થાન શોભાવ્યું તે નિમિત્તે (સમાજ વિકાસ ફંડ ખાતે) | ૨૦,૦૦૦/- |
| ૩૭૭ અને ૩૭૮ | નયનાબેન નરેન્દ્રભાઈ દોશી, પારસભાઈ નરેન્દ્રભાઈ દોશી - સાધર્મિક ૧૯ બહેનોને આર્થિક સહાય - જુલાઈ - ૨૦૨૪ (માનવરાહત ફંડ ખાતે) | ૧૯,૦૦૦/- |
| ૩૯૪ | માતુશ્રી વિમળાબેન જયંતિલાલ પોપટલાલ શાહ - (નાથાભવાન) સંઘશેષ સહાયક દાતા - વર્ષ ૨૦૨૪ (સંઘશેષ ખાતે) | ૧૫,૦૦૦/- |
| ૪૪૮ | શ્રીમતી તરૂલતાબેન જયેન્દ્રભાઈ શાહ પરિવાર - હ. ધારાબેન તથા ચાર્મીબેન - સંઘશેષ સહાયક દાતા - વર્ષ ૨૦૨૪ (સંઘશેષ ખાતે) | ૧૫,૦૦૦/- |
| ૪૪૯ અને ૪૫૦ | હંસાબેન મહેન્દ્રભાઈ સંઘવી, મહેન્દ્રભાઈ ખીમચંદભાઈ સંઘવી - સંઘશેષ સહાયક દાતા - વર્ષ ૨૦૨૪ (સંઘશેષ ખાતે) | ૧૫,૦૦૦/- |
| ૪૬૭ | શ્રીમતી કોકિલાબેન નગીનદાસ શાહ (વોરા) - સંઘશેષ સહાયક દાતા - વર્ષ ૨૦૨૪ (સંઘશેષ ખાતે) | ૧૫,૦૦૦/- |
| ૩૬૦ | નિખિલભાઈ શાંતિલાલ શાહ - શાંતિલાલ મોહનલાલ શાહ, શશીબેન શાંતિલાલ શાહ, નિલેષ શાંતિલાલ શાહ - ફોટા - ૩, એજ્યુકેશન નોટબુક - વર્ષ ૨૦૨૪ (શૈક્ષણિક સહાય ખાતે) | ૯,૦૦૦/- |
| ૪૫૨ | જીગરભાઈ દિતિનભાઈ વેજાણી - મુળચંદભાઈ ચત્રભુજ વેજાણી, વિમળાબેન મુળચંદભાઈ વેજાણી, દિતિનભાઈ મુળચંદભાઈ વેજાણી - ફોટા - ૩, એજ્યુકેશન નોટબુક - વર્ષ ૨૦૨૪ (શૈક્ષણિક સહાય ખાતે) | ૯,૦૦૦/- |
| ૪૩૪ | એકતા સ્ટેશનર્સ - વસાણી સ્ટોર્સ - જાહેરાત પેટે - એજ્યુકેશન નોટબુક - વર્ષ ૨૦૨૪ (શૈક્ષણિક સહાય ખાતે) | ૮,૦૦૦/- |
| ૩૯૫ | મીનાબેન રમેશભાઈ વસાણી - સાધર્મિક કુટુંબ દત્તક યોજના - ૧ કુટુંબ - વર્ષ ૨૦૨૪-૨૫ (માનવરાહત ફંડ ખાતે) | ૭,૦૦૦/- |
| ૩૯૬ | નિયા સંકેત વસાણી - સાધર્મિક કુટુંબ દત્તક યોજના - ૧ કુટુંબ - વર્ષ ૨૦૨૪-૨૫ (માનવરાહત ફંડ ખાતે) | ૭,૦૦૦/- |
| ૩૯૭ | સૃષ્ટિ રીતેશ વસાણી - સાધર્મિક કુટુંબ દત્તક યોજના - ૧ કુટુંબ - વર્ષ ૨૦૨૪-૨૫ (માનવરાહત ફંડ ખાતે) | ૭,૦૦૦/- |
| ૩૪૪ | કેતનભાઈ નરેશભાઈ ગાંધી, નરેશભાઈ શાંતિલાલ ગાંધી, ઉર્મિલાબેન નરેશભાઈ ગાંધી - ફોટા - ૨, એજ્યુકેશન નોટબુક - વર્ષ ૨૦૨૪ (શૈક્ષણિક સહાય ખાતે) | ૬,૦૦૦/- |
| ૩૫૩ | ડૉ. ભાઈલાલભાઈ મગનલાલ શેઠ પરિવાર - ડૉ. ભાઈલાલભાઈ મગનલાલ શેઠ, અરૂણાબેન ભાઈલાલભાઈ શેઠ, વિજયભાઈ ભાઈલાલભાઈ શેઠ - ફોટા - ૩, એજ્યુકેશન નોટબુક - વર્ષ ૨૦૨૪ (શૈક્ષણિક સહાય ખાતે) | ૬,૦૦૦/- |
| ૪૧૩ | વનિતાબેન અમૃતલાલ હકાણી, હ. લલીતભાઈ અમૃતલાલ હકાણી - અમૃતલાલ રાયચંદ હકાણી, વનિતાબેન અમૃતલાલ હકાણી - ફોટા - ૨, એજ્યુકેશન નોટબુક - વર્ષ ૨૦૨૪ (શૈક્ષણિક સહાય ખાતે) | ૬,૦૦૦/- |



જે માણસને શીખવાની ઈચ્છા હોય તે માણસને
દરેક ભૂલ તેને કંઈક શિક્ષણ આપી શકે છે.

# સમાજ સમાચાર

## તા. ૦૧-૦૭-૨૦૨૪ થી તા. ૩૧-૦૭-૨૦૨૪ સુધી સમાજને મળેલ દાનની રકમની વિગત

| રસીદ નં. | દાતાનું નામ અને વિગત | રકમ રૂ. |
|---|---|---|
| ૪૨૮ | જયેશભાઈ જયંતિલાલ દોશી - જયંતિલાલ જગજીવનદાસ દોશી, લાભવંતીબેન જયંતિલાલ દોશી - ફોટા - ૨, એજ્યુકેશન નોટબુક - વર્ષ ૨૦૨૪ (શૈક્ષણિક સહાય ખાતે) | ૬,૦૦૦/- |
| ૩૮૦ | કિશોરભાઈ કાંતિલાલ શાહ (રોજકાવાળા) - માતુશ્રી સ્વ. શાંતાબેનનાં સ્મરણાર્થે (શૈક્ષણિક સહાય ખાતે) | ૫,૧૧૧/- |
| ૪૬૧ | પ્રવિણાબેન દિનેશભાઈ દેસાઈ - હ. નિરવભાઈ દિનેશભાઈ દેસાઈ - પ્રથમ ઈનામ વિતરણ સમારોહ તથા ૧૪મો સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર બાળકોને પ્રોત્સાહન રૂપે (એક્ટિવિટી ફંડ ખાતે) | ૫,૦૦૦/- |
| ૩૪૫ | કુમારભાઈ અશ્વિનભાઈ સંઘવી, અશ્વિનભાઈ પાનાચંદભાઈ સંઘવી, પ્રેમીલાબેન અશ્વિનભાઈ સંઘવી - ફોટા - ૨, એજ્યુકેશન નોટબુક - વર્ષ : ૨૦૨૪ (શૈક્ષણિક સહાય ખાતે) | ૪,૦૦૦/- |
| ૩૫૯ | સિધ્ધાર્થ પ્રિન્ટરી - હરગોવિંદદાસ લાલચંદભાઈ ગોપાણી, કમળાબેન હરગોવિંદદાસ ગોપાણી - ફોટા - ૨, એજ્યુકેશન નોટબુક - વર્ષ : ૨૦૨૪ (શૈક્ષણિક સહાય ખાતે) | ૪,૦૦૦/- |
| ૩૭૯ | શૈલેષભાઈ છોટાલાલ શાહ - છોટાલાલ શીવલાલ શાહ, મંજુલાબેન શૈલેષભાઈ શાહ - ફોટા - ૨, એજ્યુકેશન નોટબુક - વર્ષ : ૨૦૨૪ (શૈક્ષણિક સહાય ખાતે) | ૪,૦૦૦/- |
| ૪૪૨ | લલીતાબેન લક્ષ્મીચંદભાઈ વેજાણી - લક્ષ્મીચંદભાઈ નાનચંદભાઈ વેજાણી, લલીતાબેન લક્ષ્મીચંદભાઈ વેજાણી - ફોટા - ૨, એજ્યુકેશન નોટબુક - વર્ષ : ૨૦૨૪ (શૈક્ષણિક સહાય ખાતે) | ૪,૦૦૦/- |
| ૪૫૭ | પ્રિયેશભાઈ જયસુખલાલ ગાંધી - જયસુખલાલ શિવલાલ ગાંધી, હંસાબેન જયસુખલાલ ગાંધી - ફોટા - ૨, એજ્યુકેશન નોટબુક - વર્ષ : ૨૦૨૪ (શૈક્ષણિક સહાય ખાતે) | ૪,૦૦૦/- |
| ૪૫૮ | અતુલભાઈ નગીનદાસ ગાંધી - નગીનદાસ શિવલાલ ગાંધી, કોકિલાબેન નગીનદાસ ગાંધી - ફોટા - ૨, એજ્યુકેશન નોટબુક - વર્ષ : ૨૦૨૪ (શૈક્ષણિક સહાય ખાતે) | ૪,૦૦૦/- |
| ૪૫૯ | વિપુલભાઈ છબીલદાસ ગાંધી - છબીલદાસ આણંદજી ગાંધી, હંસાબેન છબીલદાસ ગાંધી - ફોટા - ૨, એજ્યુકેશન નોટબુક - વર્ષ : ૨૦૨૪ (શૈક્ષણિક સહાય ખાતે) | ૪,૦૦૦/- |
| ૪૬૦ | ભૂપેશભાઈ જયંતિલાલ સંઘવી તથા વિક્રમભાઈ જયંતિલાલ સંઘવી - જયંતિલાલ નરસીદાસ સંઘવી, સુશીલાબેન જયંતિલાલ સંઘવી - ફોટા - ૨, એજ્યુકેશન નોટબુક - વર્ષ : ૨૦૨૪ (શૈક્ષણિક સહાય ખાતે) | ૪,૦૦૦/- |
| ૪૬૨ | રાજેષભાઈ સવાઈલાલ વોરા - સવાઈલાલ શીવલાલ વોરા, સુશીલાબેન સવાઈલાલ વોરા - ફોટા - ૨, એજ્યુકેશન નોટબુક - વર્ષ : ૨૦૨૪ (શૈક્ષણિક સહાય ખાતે) | ૪,૦૦૦/- |
| ૩૬૮ | રશ્મિકાંતભાઈ મહાસુખલાલ શેઠ - લીલાવતીબેન મહાસુખલાલ શેઠ - ફોટા - ૧, એજ્યુકેશન નોટબુક - વર્ષ : ૨૦૨૪ (શૈક્ષણિક સહાય ખાતે) | ૩,૦૦૦/- |
| ૪૫૫ | નિખિલભાઈ સૂર્યકાન્તભાઈ સંઘવી - સૂર્યકાન્તભાઈ ત્રંબકલાલ સંઘવી - ફોટા - ૧, એજ્યુકેશન નોટબુક - વર્ષ : ૨૦૨૪ (શૈક્ષણિક સહાય ખાતે) | ૩,૦૦૦/- |
| ૩૮૧ | શૈલેષકુમાર કાંતિલાલ શાહ - સુપુત્ર ચિ. ઉત્સવનું સગપણ - મુ. પાળિયાદ, હા. અમદાવાદ - શ્રી શૈલેષભાઈ ધીરજલાલ ગાંધીની સુપુત્રી - ચિ. કાજલ સાથે કર્યું તે શુભ પ્રસંગે તા. ૦૭-૦૭-૨૦૨૪ (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૨,૫૦૫/- |
| ૩૮૨ | શ્રી શૈલેષભાઈ ધીરજલાલ ગાંધીની સુપુત્રી - ચિ. કાજલનું સગપણ મુ. નાગનેશ, હા. અમદાવાદ શ્રી શૈલેષકુમાર કાંતિલાલ શાહનાં સુપુત્ર ચિ. ઉત્સવ સાથે કર્યું તે શુભ પ્રસંગે તા. ૦૭-૦૭-૨૦૨૪ (માનવરાહત ફંડ, તબીબી યોજના, શૈક્ષણિક સહાય, સમાજ આરસી, સગપણ લાગા ખાતે) | ૨,૫૦૫/- |
| ૪૪૭ | સવિતાબેન મનસુખલાલ વસાણી - પ્રથમ ઈનામ વિતરણ સમારોહ તથા ૧૪મો સાંસ્કૃતિક કાર્યક્રમ - ભાગ લેનાર બાળકોને પ્રોત્સાહન રૂપે (એક્ટિવિટી ફંડ ખાતે) | ૨,૫૦૦/- |



ચારિત્ર્ય એક એવો હીરો છે કે
જે દરેક બીજા પથરાને ઘસી નાંખે છે.

# સમાજ સમાચાર

## તા. ૦૧-૦૭-૨૦૨૪ થી તા. ૩૧-૦૭-૨૦૨૪ સુધી સમાજને મળેલ દાનની રકમની વિગત

| રસીદ નં. | દાતાનું નામ અને વિગત | રકમ રૂ. |
|---|---|---|
| ૪૨૧ | ચેતનભાઈ સવાઈલાલ શેઠ - સુપુત્ર ચિ. મનનનું સગપણ મુ. ધ્રાંગધ્રા, હા. અમદાવાદ પ્રેયશભાઈ લાલચંદભાઈ ગાંધીની સુપુત્રી ચિ. કિન્નરી સાથે કર્યું તે શુભ પ્રસંગે તા. ૧૩-૦૭-૨૦૨૪ (માનવરાહત ફંડ, શૈક્ષણિક સહાય, સગપણ લાગા ખાતે) | ૨,૦૦૩/- |
| ૪૨૨ | પ્રેયશભાઈ લાલચંદભાઈ ગાંધી - સુપુત્રી ચિ. કિન્નરીનું સગપણ - મુ. પાણશીણા, હા. અમદાવાદ શ્રી ચેતનભાઈ સવાઈલાલ શેઠના સુપુત્ર ચિ. મનન સાથે કર્યું તે શુભ પ્રસંગે તા. ૧૩-૦૭-૨૦૨૪ (માનવરાહત ફંડ, શૈક્ષણિક સહાય, સગપણ લાગા ખાતે) | ૨,૦૦૩/- |
| ૪૩૮ | નિલેશભાઈ શાંતિલાલ ગાંધી - સુપુત્ર ચિ. ઉમંગનાં શુભ લગ્ન મુ. ધ્રાંગધ્રા, હા. અમદાવાદ ગીતાબેન અતુલભાઈ સંઘવીની સુપુત્રી ચિ. શ્રધ્ધા સાથે કર્યા તેની ખુશાલી નિમિત્તે તા. ૯ જુલાઈ (માનવરાહત ફંડ ખાતે) | ૨,૦૦૧/- |
| ૪૩૯ | ગીતાબેન અતુલભાઈ સંઘવી - સુપુત્રી ચિ. શ્રધ્ધાનાં શુભ લગ્ન મુ. વઢવાણ, હા. અમદાવાદ શ્રી નિલેશભાઈ શાંતિલાલ ગાંધીના સુપુત્ર ચિ. ઉમંગ સાથે કર્યા તેની ખુશાલી નિમિત્તે તા. ૯ જુલાઈ (માનવરાહત ફંડ ખાતે) | ૨,૦૦૧/- |
| ૪૫૩ | પ્રશાંતભાઈ જયંતભાઈ શાહ - જયંતભાઈ હરજીવનદાસ શાહ - ફોટો - ૧, એજ્યુકેશન નોટબુક - વર્ષ ૨૦૨૪ (શૈક્ષણિક સહાય ખાતે) | ૨,૦૦૦/- |
| ૪૫૪ | આદેશ્વર એન્ટરપ્રાઈઝ - હ. રૂપેશભાઈ, તેજસભાઈ સુરેશભાઈ બાબુલાલ શાહ - ફોટો - ૧, એજ્યુકેશન નોટબુક - વર્ષ ૨૦૨૪ (શૈક્ષણિક સહાય ખાતે) | ૨,૦૦૦/- |
| ૪૪૪ | સંદિપભાઈ શરદચંદ્ર શાહ - સુપુત્ર ચિ. પાર્થનું સગપણ મુ. દહેગામ, હા. અમદાવાદ - શ્રી રસીકલાલ ડાયાલાલ મહેતાની સુપુત્રી ચિ. હિતાક્ષી સાથે કર્યું તે શુભ પ્રસંગે તા. ૨૩-૦૭-૨૦૨૪ (માનવરાહત ફંડ, શૈક્ષણિક સહાય, સગપણ લાગા ખાતે) | ૧,૫૦૩/- |
| ૪૪૫ | શ્રી રસીકલાલ ડાયાલાલ મહેતા - સુપુત્રી ચિ. હિતાક્ષીનું સગપણ મુ. બોટાદ, હા. અમદાવાદ - સંદિપભાઈ શરદચંદ્ર શાહનાં સુપુત્ર ચિ. પાર્થ સાથે કર્યું તે શુભ પ્રસંગે તા. ૨૩-૦૭-૨૦૨૪ (માનવરાહત ફંડ, શૈક્ષણિક સહાય, સગપણ લાગા ખાતે) | ૧,૫૦૩/- |
| ૩૫૮ | રાજનભાઈ કાંતિલાલ સંઘવી - પ્રથમ ઈનામ વિતરણ સમારોહ તથા ૧૪મો સાંસ્કૃતિક કાર્યક્રમ - ભાગ લેનાર બાળકોને પ્રોત્સાહન રૂપે (એક્ટિવિટી ફંડ ખાતે) | ૧,૫૦૦/- |
| ૩૪૬ | અમિષભાઈ સમીરભાઈ સંઘવી - નિલ્પાબેન સમીરભાઈ સંઘવી, સમીરભાઈ મહેન્દ્રભાઈ સંઘવી - લગ્નદિવસની હાર્દિક શુભેચ્છા નિમિત્તે તા. ૩ જુલાઈ (શૈક્ષણિક સહાય ખાતે) | ૧,૧૦૦/- |
| ૪૩૫ | દિનેશભાઈ લક્ષ્મણપ્રસાદ રાવલ - સુપુત્ર ચિ. દિવ્યનું સગપણ - મુ. શેખપર, હા. અમદાવાદ શ્રી પિયુષકુમાર કિશોરકુમાર શાહની સુપુત્રી ચિ. ઝીલ સાથે કર્યું તે શુભ પ્રસંગે તા. ૦૭-૦૭-૨૦૨૪ (સગપણ લાગા ખાતે) | ૧,૦૦૧/- |
| ૪૩૬ | શ્રી પિયુષકુમાર કિશોરકુમાર શાહ - સુપુત્રી ચિ. ઝીલનું સગપણ મુ. ગવાડા, તા. વિજાપુર, જી. મહેસાણા - શ્રી દિનેશભાઈ લક્ષ્મણપ્રસાદ રાવલનાં સુપુત્ર ચિ. દિવ્ય સાથે કર્યું તે શુભ પ્રસંગે તા. ૦૭-૦૭-૨૦૨૪ (સગપણ લાગા ખાતે) | ૧,૦૦૧/- |
| ૩૭૦ | શિતલબેન નિતિનભાઈ દોશી - નિતિનભાઈ નગીનદાસ દોશીની ચોથી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે, હ. પ્રથમ નિતિનભાઈ દોશી (માનવરાહત ફંડ ખાતે) | ૭૦૧/- |

## તા. ૦૧-૦૭-૨૦૨૪ થી તા. ૩૧-૦૭-૨૦૨૪ સુધી દાન સિવાયની પહોંચની વિગત

| વિગત | પહોંચ નંબર |
|---|---|
| સમાજ આરસી બાયોડેટા | ૩૪૩, ૩૬૯, ૪૪૩ |
| સમાજ આરસી લવાજમ | ૪૦૯ |
| સમાજ આરસી જાહેરાત | ૪૬૬ |
| સમાજ આરસી શ્રદ્ધાંજલી | ૪૪૦, ૪૫૬ |
| અન્ય | ૪૩૭, ૪૪૬, ૪૫૧ |
| કેન્સલ | ૪૭૪ |



અંધકાર પ્રકાશ તરફ ચાલે છે પણ આંધળુ
અનુકરણ વિનાશ તરફ જ ચાલે છે.

## અભિનંદન

# સલોત કુટુમ્બનું ગૌરવ






# ચિ. ઋષ્વી કલ્પેશભાઈ સલોત

નાગલપુર નિવાસી હાલ અમદાવાદ રહેવાસી કલ્પેશભાઈ અને એકતાબેન સલોતની પુત્રી ચિ. ઋષ્વી સલોત જીમ્નાસ્ટીકની સ્ટેટ લેવલ ખેલ મહાકુંભ કોમ્પિટીશનમાં ૨ સિલ્વર અને સ્ટેટ લેવલ ફેડરેશન કોમ્પિટીશનમાં ૨ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યા અને નેશનલમાં પાર્ટીસિપેટ કરી પરિવારનું, કુટુંબનું તથા સમગ્ર જૈન સમાજનું ગૌરવ વધારેલ છે.

આવી સુંદર સફળતા માટે ચિ. ઋષ્વી સલોતને ખુબ - ખુબ અભિનંદન તેમજ જીવન માં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છા.

મનહરભાઈ સલોત (દાદા) સુશીલાબેન સલોત (દાદી)

મહેન્દ્રભાઈ શાહ (નાનાજી) જયશ્રીબેન શાહ (નાનીજી)


જય કલ્પેશ સલોત (ભાઈ)



અધ્યાત્મ ક્ષેત્રે બહાદુર એ છે જે નાની-મોટી વાતમાં પણ ચૂપ રહે છે, આવેશમાં આવતો નથી .

# ચોથી વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ







: જન્મ :
તા. ૦૨-૦૧-૧૯૩૭

: અરિહંતશરણ :
તા. ૨૪-૦૮-૨૦૨૦

## સ્વ. શ્રી ધીરજલાલ દામોદરદાસ સંઘવી

"પપ્પા ! બસ, પપ્પા જ...."

દિવસો વીતશે અને વર્ષોમાં બદલાશે પણ અમે તમને હંમેશા છુપાયેલા અશ્રુઓમાં યાદ કરીશું;
એવી નજર ક્યાંથી લાવવી કે તમને યાદ કરીએ ને દર્શન થઈ જાય...
હજુ જરુર હતી તમારી અમને, ત્યાં કુદરત લઈ ગયી તાણી,
હે કુદરત! એ અમાનત અમારી છે, રાખજે તુ એમને સંભાળી..
તમારા માટે એ આત્મા હશે પણ, એ જ જીંદગી અમારી હતી.
તમારા મધુર સ્મરણો અંકિત છે અમારા હૃદયમાં, તમારા કર્મોની સુવાસ જીવંત છે અમારા શ્વાસમાં,
સદેહ તમે નથી એ સચ્ચાઇ છે...
પણ અસ્તિત્વમાં તમે છો અને હંમેશા રહેશો, એ વિશ્વાસ છે.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

### આપના ઋણાનુરાગી

પુષ્પાબેન ધીરજલાલ સંઘવી    સ્વ. પલ્લવીબેન ધીરજલાલ સંઘવી (પુત્રી)

કમલેશ ધીરજલાલ સંઘવી (પુત્ર)
જીગ્નેશ ધીરજલાલ સંઘવી (પુત્ર)
ગૌરવકુમાર પ્રમુખભાઇ શેઠ (જમાઈ)
પ્રતિક કમલેશ સંઘવી (પૌત્ર)
રુત્વિક જીગ્નેશ સંઘવી (પૌત્ર)

મોના કમલેશ સંઘવી (પુત્રવધુ)
અમી જીગ્નેશ સંઘવી (પુત્રવધુ)
જાગૃતિ ગૌરવકુમાર શેઠ (પુત્રી)
પલક પ્રતિક સંઘવી (પૌત્રવધુ)
હેલી ગૌરવકુમાર શેઠ (દોહિત્રી)
મિલિ કમલેશ સંઘવી (પૌત્રી)
એલી જીગ્નેશ સંઘવી (પૌત્રી)
નૈતાલી ગૌરવકુમાર શેઠ (દોહિત્રી)


વહાલાં બાળકો મીઠા બોલ બોલજો,
તમને જરૂર મીઠા પડઘા સંભળાશે.

## શ્રદ્ધાંજલી

ગોખમાંથી હેઠાં ઉતરો એ ભગવંત, ત્યાં તો તમે પથ્થર જેવા લાગો છો,
કાંઈક મા-બાપનું સ્વરૂપ ધારણ કરો પછી તમે કાંઈ ઈશ્વર જેવાં લાગો છો.



જન્મતારીખ : ૦૯-૦૮-૧૯૨૫
સ્વર્ગવાસ : ૨૮-૦૯-૨૦૦૮

### શ્રી જયંતિલાલ જગજીવનદાસ દોશી

લખું કાંઈક તો સમયનો તકાજો, દિલનું દર્દ હજું પણ તાજું છે.
જીંદગી અમારી શણગારી ધર્મ-ચિંતનથી, સ્મરણાનું કથન હજું પણ તાજું છે.
પડી જાય છે આંસુ મારા કાગળ ઉપર, લાગે છે કલમમાં શાહી કમ અને દર્દ ઝાઝું છે.
બનાવ્યો અમારા પરિવારને મધુવન, મળ્યા **'જયલાભ'** તુંજ ચરણ એ જ ઝાઝું છે.

### : શુભેચ્છક :

લાભવંતી જયંતિલાલ દોશી (ખારવાવાળા)

અલકા - જયેશ દોશી
**પાર્શ્વનાથ પેકેઝીંગ ઈન્ડસ્ટ્રીઝ**
**કૈવલમ્ પેકેઝીંગ ઈન્ડસ્ટ્રીઝ**
મો. ૭૦૧૬૨૯૮૧૨૧

E-mail : **parshwjaylabh@gmail.com**

પૂજા - કરણ દોશી
**પાર્શ્વનાથ ફિનવેસ્ટ કંપની**
મો. ૮૩૨૦૭૬૫૮૯૦
૭૫૬૭૭૪૦૩૧૪
E-mail : **karandoshi93@gmail.com**

ખૂશ્બુ - શોભિત જૈન
CEO
ROHILLA FOOD PVT. LTD.
મો. ૬૩૫૧૨૯૬૯૪૪
૯૯૮૦૩૭૧૯૫૮

વારસદારને વારસામાં ધન નહીં, પરંતુ જ્ઞાન આપો....

When Wealth is lost, Nothing is lost, When Health is lost,
Something is lost, But when Character is lost, Everything is Lost...

---

## શ્રદ્ધાંજલી



વર્ષાબેન વિજયકુમાર શાહ
જન્મ : ૨૯-૦૩-૧૯૬૩
સ્વ : ૨૪-૦૬-૨૦૨૪

સ્નેહ ની "હેલી" વરસાવતી વર્ષાબેન "વિજય"રથ પર
સવાર થઈ આ "ભૂમિ" ઉપર "ઉજાસ" પાથરી
અરિહંત શરણ પામ્યા.પરમ કૃપાળુ પરમાત્મા એ
આત્માને શાંતિ સાચી આપજો.

|| ગુણાનુરાગી ||

લાભુબા જયંતિલાલ દોશી (ખારવાવાળા)
સ્વ. ગજરાબા જમનદાસ દોશી (ખારવાવાળા)

| | |
|---|---|
| સ્વ. કીર્તિ જમનદાસ દોશી | સાધના કીર્તિ દોશી |
| જયેશ જયંતિલાલ દોશી | અલકા જયેશ દોશી |
| કલ્પેશ જયંતિલાલ દોશી | કૈલાસ કલ્પેશ દોશી |
| મીત કલ્પેશ દોશી | ચેશા મીત દોશી |
| કરણ જયેશ દોશી | પૂજા કરણ દોશી |
| ધૃમીલ કીર્તિ દોશી | અમેય મીત દોશી |

| | |
|---|---|
| શકુન્તલાબેન રાજેશકુમાર દોશી | મીનાબેન અતુલકુમાર દોશી |
| ધર્મિષ્ઠાબેન સમીરકુમાર શાહ | અનિતાબેન જાગૃતકુમાર શાહ |
| ખુશ્બુ શોભિત જૈન | રિયા શૈવલ ધોળકિયા |
| જીગીષા યદુનંદન ઠક્કર | વિધિ નિમિત્ત દોશી |
| નમ્રતા નમન ચાલીસહજારા | હેમલ કૃણાલ શાહ |

જય જીનેન્દ્ર



ચારિત્ર્ય એક એવો હીરો છે કે
જે દરેક બીજા પથરાને ઘસી નાંખે છે.

+91-75750 25422

# Planet WOMeN™

**IVF Center & Advanced Women's Hospital**



## એક જ છત હેઠળ ઉત્કૃષ્ટ સેવાઓ આપતી
## ગાયનેક સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ...

- સ્ત્રી વંધ્યત્વ નિવારણ
- પુરૂષ વંધ્યત્વ નિવારણ
- 3-D, 4-D અને ગાયનેક સોનોગ્રાફી
- ગાયનેક એન્ડોસ્કોપી યૂનિટ
- આઈ.યુ.આઈ-આઈ.વી.એફ. અને ICSI
- PGS / PGD / PGT
- PESA / TESA
- Egg Donation અને સરોગસી
- Laser Assisted Hatching
- Menopausal Clinic
- FOGSI recognized training centre for **ART (IVF)/Endoscopy/Sonography**

**15000+** ફર્ટિલિટી સારવારથી બાળકનો જન્મ

**30** થી વધુ દેશના પેશન્ટની સારવાર

**27** વર્ષ થી વધુ ગાયનેક અનુભવ

**Our Team**

Dr.Mehul Damani | Dr.Devansh Sheth
Dr.Sonal Damani | Dr.Vidhi Patel
Dr.Niti Shah

## "પ્લેનેટ વિમેન" ટેસ્ટ ટયૂબ બેબી સેંન્ટર અને વુમન્સ હોસ્પિટલ

26/1, એલ કોલોની, સહજાનંદ કોલેજ ક્રોસ રોડ, નહેરુનગર ક્રોસ રોડ પાસે, આંબાવાડી, અમદાવાદ-380015.
**Email** : planetwomen1@gmail.com **Website**. : www.planetwomen.in
**Helpline Number** : 75750 22422 / 75750 25422



## અભિપ્રાય કક્ષ

આજે સમાજઆરસીમાં લેખ વાંચ્યો અને રૂવાંડે રૂવાંડે (આત્માના એક એક પ્રદેશે પ્રદેશે) આનંદ આનંદ થયો. વર્તમાનકાળમાં એક મધ્યવર્ગ માટે ઘરનું ઘર હોવું તે અત્યંત જરૂરી છે. કદાચ કોઈક બાર મહિનાનું અનાજ કરિયાણું, જરૂરી ફી, દવા, કપડાં કોઈ પણ કરી આપે પણ ઘરનું ઘર.. તેઓ માટે એક સપનું જ રહી જાય. આ માટે ઉમદા વિચાર શ્રી અશોકભાઈ તેમજ શ્રી ઉમેશભાઈ જેને જેને પણ આવ્યો તે ખૂબ જ અનુમોદનીય છે. કારણ કે હાલની પરિસ્થિતિમાં ભાડે ૧૧ મહિનાથી વધારે રહેવા નહી દે. પછી બ્રોકર વગર ઘર મળે નહીં અને પછી સામાન ફેરવવો, છોકરાઓની સ્કુલ વગેરે વગેરે.. ઘણી ઘણી તકલીફો અને તકલીફ ન કહેવાય પણ યાતના કહેવાય. આ જેણે પણ સહી હોય તેને જ ખબર પડે. “ઘરનું ઘર” આપણા સમાજનો આદ્દશ દાખલો બનશે. કારણ કે કોઈપણ સમાજમાં અનાજ, કરીયાણું, ફી તબીબી વગેરે કોઈપણ મદદ હોતી જ નથી. તેમાં પણ સોનામાં સુગંધ ભળે તેમ ઘરનું ઘર. બસ શ્રી ઉમેશભાઈ તથા તેમની ટીમે જે બીડું ઝડપ્યું છે તે જોતા ભવિષ્યમાં આપણા સમાજનો કોઈપણ સભ્ય પોતાના ઘર વગરનો નહીં હોય. આવા ઉમદાકાર્ય માટે તેઓને અંતરથી જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે.

-તૃપ્તિ ભારતેશ સંઘવી

## સાધર્મિક લાભાર્થી પરિવારને સીંગતેલ વિતરણ

સાધર્મિક લાભાર્થી પરિવારને સમાજની ઓફિસેથી ૫ લીટર સીંગતેલનું વિતરણ નીચે જણાવેલ દાતાશ્રી તરફથી કરવામાં આવેલ. જેનો દરેક સાધર્મિક લાભાર્થીએ લાભ લીધેલ.

### : ૫ લીટર સિંગતેલના દાતા :

**સ્વ. સુબોધભાઇ ચંદુલાલ દોશીની**
**પાંચમી પુણ્યતિથી નિમિત્તે ..**
**હ..કમળાબેન ચંદુલાલ દોશી**
**(ઘડિયાળી) પરિવાર તરફથી**
**(ધી ગોલ્ડન ટાઇમ)**

સમાજ ઉપરોક્ત દાતાશ્રીનો આભાર માને છે.

## પસલી યોજના

શ્રીમતી સમરતબેન પનજીભાઇ શાહ પસલી યોજના હેઠળ સમાજની વૃધ્ધ, અશક્ત, અપંગ, વિધવા, ત્યકતા અને નિરાધાર બહેનોને રક્ષાબંધનના તહેવાર દરમ્યાન આ રકમ આપવામાં મર્યાદિત રકમની રોકડ સહાય આપવામાં આવેલ છે. જે તેઓના બેન્ક ખાતામાં ઓનલાઇન જમા કરવામાં આવેલ.










તમારી હાજરીમાં જે તમારાથી ડરતો રહે છે,
તમારી ગેરહાજરીમાં તે સતત તમને ધિક્કારતો રહે છે.

# સપ્ટેમ્બર માસમાં આવતા જન્મદિનની શુભેચ્છાઓ

**૧ સપ્ટેમ્બર**

શ્રી ઇલેશભાઇ પ્રવિણચંદ્ર શાહ
શ્રી પરેશભાઈ પ્રવિણચંદ્ર શાહ
શ્રી શ્યામભાઈ મહેન્દ્રભાઈ શાહ

**૨ સપ્ટેમ્બર**

શ્રી લલિતભાઈ કેશવલાલ શાહ
શ્રી હર્ષદભાઈ વિનોદરાય શાહ
શ્રી જીગરભાઈ દિતિનભાઈ વેજાણી

**૩ સપ્ટેમ્બર**

શ્રી રમેશભાઈ રતનશીભાઈ શાહ
શ્રી બાબાભાઈ અમૃતલાલ સખીદાસ
શ્રી ભરતભાઈ કાંતિલાલ સખીદાસ
શ્રી શ્રેયાંશભાઈ સૂર્યકાંતભાઇ શાહ

**૪ સપ્ટેમ્બર**

શ્રી હરેશભાઇ જયંતીલાલ સલોત
શ્રી જીગ્નેશભાઈ જયંતીલાલ કોઠારી
શ્રી શૈલેષભાઇ ધીરજલાલ ગોપાણી
શ્રી ધ્રુમીલભાઈ પ્રવીણભાઈ સંઘવી
શ્રી અરવિંદભાઈ શાંતિલાલ શેઠ

**૫ સપ્ટેમ્બર**

શ્રી જયંતિલાલ ધારશીભાઈ દોશી
શ્રી અરુણભાઈ ચંદુલાલ સંઘવી
શ્રી સમીરભાઈ ભાઈલાલભાઈ કોઠારી
શ્રી યતિનભાઈ હસમુખભાઈ દોશી

**૬ સપ્ટેમ્બર**

શ્રી અશોકભાઈ રમણીકલાલ શાહ
શ્રી અશોકભાઈ રમણલાલ વોરા
શ્રી ભુપેન્દ્રભાઈ પ્રેમચંદભાઈ ગાંધી
શ્રી ભાવેશભાઈ સુરેશભાઈ વસાણી

**૭ સપ્ટેમ્બર**

શ્રી કિરીટભાઈ હિંમતલાલ શાહ
શ્રી યશવંતભાઈ કેશવલાલ દોશી
શ્રી મનોજભાઈ શાંતિલાલ વસાણી
શ્રીમતી મંજુલાબેન શરદચંદ્ર ગોપાણી

**૮ સપ્ટેમ્બર**

શ્રી મુકેશભાઈ વ્રજલાલ સંઘવી
શ્રી રાજેશભાઈ જયંતીલાલ સખીદાસ
શ્રી સુનિલભાઈ પ્રવિણચંદ્ર દોશી
શ્રી સુરેશભાઈ ફુલચંદભાઈ શાહ
શ્રી સંજયભાઈ રમેશભાઈ સંઘવી
શ્રીમતી સરોજબેન ચંદ્રકાંતભાઈ સલોત

**૯ સપ્ટેમ્બર**

શ્રી અનિલભાઈ પ્રાણલાલ સંઘવી
શ્રી ઇલેશભાઇ ભરતભાઈ સંઘવી
શ્રી ઉદયભાઈ કીર્તિભાઇ સંઘવી
શ્રી મુકેશભાઈ રસિલકાંતભાઈ શાહ
શ્રી દીપકભાઈ હિંમતલાલ ગાંધી
શ્રી રાજેન્દ્રભાઇ ધીરજલાલ સંઘવી

**૧૦ સપ્ટેમ્બર**

શ્રી આશિષભાઇ ગૌતમભાઈ સંઘવી
શ્રી ધીરજલાલ નાનચંદ દોશી
શ્રીમતી ભાવનાબેન સંજયભાઈ હકાણી
શ્રીમતી દક્ષાબેન લક્ષ્મીકાંતભાઈ ગોપાણી
શ્રીમતી મંજુલાબેન સુર્યકાંતભાઈ સંઘવી

**૧૧ સપ્ટેમ્બર**

શ્રી ધવલભાઈ મહેશભાઈ શાહ
શ્રી ભુપેન્દ્રભાઈ ચંપકલાલ ગાંધી
શ્રી ધવલભાઈ શરદચંદ્ર ગોપાણી
શ્રીમતી જ્યોત્સનાબેન હિંમતલાલ સંઘવી

**૧૨ સપ્ટેમ્બર**

શ્રીમતી શેફાલીબેન યતિનભાઈ દોશી
શ્રી તેજસભાઈ બિપીનચંદ્ર શાહ
શ્રી રાજીવભાઈ નંદલાલ શાહ
શ્રી જયેશભાઇ નવીનચંદ્ર શેઠ
શ્રી હર્ષિતભાઇ ભરતભાઈ શાહ
શ્રી પિંકેશભાઈ રસિકલાલ સંઘવી
શ્રી વૈભવભાઈ વિરેન્દ્રભાઈ કોઠારી
શ્રી જયેશભાઇ અમીચંદભાઈ દોશી

**૧૩ સપ્ટેમ્બર**

શ્રી અશોકભાઈ બાપાલાલ શાહ
શ્રી મનીષભાઈ મુલચંદભાઈ વેજાણી
શ્રી જયેન્દ્રભાઈ ન્યાલચંદભાઈ શાહ
શ્રી પ્રકાશભાઈ રસિકભાઈ વોરા

**૧૪ સપ્ટેમ્બર**

શ્રી ભુપેન્દ્રભાઈ જગજીવનદાસ બારભાયા
શ્રી ઋતુલભાઈ પ્રકાશભાઈ શાહ
શ્રી જૈનમભાઇ મનુભાઈ શાહ

**૧૫ સપ્ટેમ્બર**

શ્રી સિધ્ધેશભાઈ અનિલભાઈ શાહ
શ્રી દિશીતભાઈ ભુપેન્દ્રભાઈ સલોત
શ્રી હિતેશભાઈ ધીરજલાલ શાહ
શ્રી ભાવેશભાઈ રમણલાલ વસાણી
શ્રી સંજયભાઈ કલ્યાણભાઈ શાહ
શ્રી જીગ્નેશભાઈ વસંતલાલ શાહ
શ્રી જીતેન્દ્રભાઈ રમણલાલ શાહ
શ્રી ભૌમીકભાઇ બિપીનભાઈ દોશી
શ્રીમતી જયશ્રીબેન ભરતભાઈ દેસાઈ

**૧૬ સપ્ટેમ્બર**

શ્રી અનિલભાઈ ધીરજલાલ શાહ
શ્રી રાજભાઈ ચંદ્રકાન્તભાઈ વોરા
શ્રી ચિરાગભાઈ નીતિનભાઈ વોરા

**૧૬ સપ્ટેમ્બર**

શ્રી યોગેશભાઈ મસુખલાલ ગાંધી
શ્રી ઇલેશભાઈ શાંતિલાલ શાહ
ડો.હીનાબેન ઉદયભાઈ મેહતા

**૧૭ સપ્ટેમ્બર**

શ્રી કનકરાય છોટાલાલ ગોપાણી
શ્રી નરેન્દ્રભાઈ હરગોવિંદદાસ ગોપાણી
શ્રી હિતેન્દ્રભાઇ અમીચંદભાઈ સલોત
શ્રી નવિનચંદ્ર સુખલાલ શેઠ
શ્રી દિલીપભાઈ કાંતિલાલ શાહ

**૧૮ સપ્ટેમ્બર**

શ્રી રાહુલભાઈ ઉદયભાઈ સલોત
શ્રી સંજીવભાઈ નંદલાલ શાહ

**૧૯ સપ્ટેમ્બર**

શ્રી મુકેશભાઈ ચમનલાલ શાહ
શ્રી નવિનચંદ્ર ડાહ્યાલાલ બારભાયા
શ્રી બિપીનભાઈ બચુભાઈ દોશી
શ્રી સાહિલભાઈ દીપકભાઈ સંઘવી
શ્રી ભદ્રેશભાઈ દલીચંદભાઈ શાહ

**૨૧ સપ્ટેમ્બર**

શ્રી ચેતનભાઈ રમણીકલાલ શાહ
શ્રી કૌશિકભાઈ ગુણવંતલાલ વોરા
શ્રી ગૌરાંગભાઈ નવીનચંદ્ર શાહ
શ્રીમતી નીતાબેન દિલીપભાઈ ગાંધી

**૨૨ સપ્ટેમ્બર**

શ્રી ચિરાગભાઈ મનહરભાઈ સલોત
શ્રી રમેશભાઈ ગીરધરલાલ વસાણી
શ્રી ધર્મેન્દ્રભાઈ મનહરલાલ ગાંધી

**૨૩ સપ્ટેમ્બર**

શ્રીમતી ઇલાબેન પ્રફુલ્લચંદ્ર શાહ
શ્રી રાજેશભાઈ ભોગીલાલ સંઘવી
શ્રી રવિન્દ્રભાઈ ત્રંબકલાલ ગાંધી
શ્રી ઉમંગભાઈ મહેન્દ્રભાઈ શેઠ
શ્રી નરેશભાઈ માણેકલાલ શાહ
શ્રી ગીરીશભાઈ શાંતિલાલ શાહ

**૨૫ સપ્ટેમ્બર**

શ્રી વિરેન્દ્રભાઈ કેશવલાલ શાહ
શ્રી પિયુષભાઇ ચંદ્રકાન્તભાઈ બારભાયા
શ્રી વિજયભાઈ અમૃતલાલ વોરા
શ્રી અશોકભાઈ નંદલાલ સંઘવી

**૨૬ સપ્ટેમ્બર**

શ્રી નિતેશભાઈ હિંમતલાલ બુટાણી
શ્રી નરેશભાઈ લાલચંદ શાહ
શ્રી સમીરભાઈ વિનોદરાય દોશી

**૨૭ સપ્ટેમ્બર**

શ્રીમતી શીતલબેન નીતિનભાઈ દોશી



કરૂણા એવી ભાષા છે કે આંધળા વાંચી શકે છે અને બહેરા સાંભળી શકે છે.

## સપ્ટેમ્બર માસમાં આવતા જન્મદિવસની શુભેચ્છાઓ

**૨૭ સપ્ટેમ્બર**

શ્રી જયેશભાઇ નગીનદાસ દોશી
શ્રી રાજેશભાઈ છોટાલાલ સલોત
શ્રી ગીરીશભાઈ સવાઇલાલ શાહ
શ્રી કિરીટભાઈ હિંમતલાલ ધોળકિયા
ડો. અનુભાઈ કસ્તુરચંદ ગાંધી

**૨૮ સપ્ટેમ્બર**

શ્રી ભરતભાઈ દલીચંદભાઈ ગાંધી
શ્રી કીર્તિભાઇ જમનાદાસ દોશી
શ્રી હિમાંશુંભાઈ વિક્રમભાઈ શાહ
શ્રી હિરેન્દ્રભાઈ કીર્તિકાંત શાહ

**૨૯ સપ્ટેમ્બર**

શ્રી દિલીપભાઈ ચંદુલાલ દોશી
શ્રી નિગમભાઇ મુકેશભાઈ સંઘવી
શ્રી પારસભાઈ જયંતીલાલ ગોપાણી
શ્રી વિશાલભાઈ યોગેશભાઈ શાહ
શ્રી હિમાંશુભાઈ મહાસુખલાલ ગોપણી
શ્રી સેતુભાઇ અરવિંદભાઈ સંઘવી
શ્રી ભાવેશભાઈ જીતેન્દ્રભાઈ શાહ
શ્રી દિલીપભાઈ રમણીકલાલ શાહ
શ્રી જીતેન્દ્રભાઈ અમૃતલાલ દોશી

**૩૦ સપ્ટેમ્બર**

શ્રી અજયભાઇ નગીનદાસ દોશી
શ્રી લલિતભાઈ ચીમનલાલ દોશી
શ્રી વિનોદભાઈ ચુનીલાલ દોશી
શ્રી સુભાષચંદ્ર છબીલદાસ શાહ
શ્રી કૈવંતભાઈ અભયભાઈ શાહ

## સપ્ટેમ્બર માસમાં આવતા લગ્નદિવસની શુભેચ્છાઓ

**૩૦ સપ્ટેમ્બર**

શ્રી હાર્દિકભાઇ ઇન્દ્રવદનભાઇ શાહ
શ્રીમતી બીનલબેન હાર્દિકભાઇ શાહ

# ગુરુકૃપા ફાઉન્ડેશન

## મેગા બ્લડ ડોનેશન કેમ્પ - AMAZING SUCCESS




જૈનાચાર્ય શ્રી ભાવચંદ્રજી સ્વામીના અંતરભીના આશીર્વાદ તથા ભોળાનાથની અસીમ કૃપાથી ગુરુકૃપા ફાઉન્ડેશન આયોજિત તા. ૨૮-૦૭-૨૦૨૪ના મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં દરેક રક્તદાતાએ ખૂબ જ ઉત્સાહભેર રક્તદાન કર્યું તે અતિ પ્રશંસનીય છે. બ્લડ ડોનેશન કેમ્પમાં માનવ મહેરામણ ઉમટ્યું હતું. એવરેજ ૧.૩૦ થી ૨-૦૦ કલાક લાઈનમાં ઉભા રહી ખૂબ જ ધીરજ ધરી રક્તદાન કર્યું એ બદલ દરેક રક્તદાતાનો હૃદયપૂર્વક આભાર.

ગુરુકૃપા ફાઉન્ડેશન આયોજિત અત્યાર સુધીના દરેક કેમ્પમાં આ વખતે સૌથી વધુ બ્લડ યુનિટ એકઠા થયા. દરેક રક્તદાતાએ ખૂબ જ હોંશ અને ઉત્સાહભેર રક્તદાન કરી સમાજ પ્રત્યેની પોતાની નૈતિક ફરજ બજાવી, એ સરાહનીય છે, અતિ પ્રશંસનીય છે. આ વખતે કુલ ૧૩૬૮ રક્તદાતા હાજર રહ્યા. જેમાંથી ૧૫૪ રીજેક્શન આવ્યા, એટલે આ મુજબ કુલ ૧૨૧૪ બ્લડ યુનિટ એકઠા થયા. જે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી-અમદાવાદને અર્પણ કરેલ છે. દરેક રક્તદાતાઓનો હૃદયપૂર્વક આભાર સાથે લાખ લાખ અભિનંદન.

આ તકે ખાસ કામેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટના પ્રમુખશ્રી ધીરેશભાઈ ટી. શાહ અને મંત્રીશ્રી નટવરલાલ એ. પટેલ તથા તમામ ટ્રસ્ટીગણનો સંસ્થા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

આ બ્લડ ડોનેશન કેમ્પમાં હાજર રહેલ સમાજશ્રેષ્ઠીઓ શ્રી મિતેષભાઈ શેઠ, શ્રી જિજ્ઞેશભાઈ લોખંડવાળા, શ્રી જયેશભાઈ ખંધાર, શ્રી હિરેનભાઈ શાહ, શ્રી જે. જે. શાહ, શ્રી ગોવિંદભાઈ વરમોરા, શ્રી ધીરેશભાઈ ટી. શાહ, શ્રી નટવરલાલ એ. પટેલ, શ્રી દિપકભાઈ શેઠ, શ્રી નરેન્દ્રભાઈ શાહ,શ્રી મહાવીરભાઈ શાહ, શ્રી ચૈતન્યભાઈ પટેલ, શ્રી સિધ્ધભાઈ ધોલેરાવાળા, શ્રી તીર્થભાઈ ધોલેરાવાળા, શ્રી મિતભાઈ પાટડીવાળા, શ્રી ઋષભભાઈ અજમેરા, શ્રી ઋષભભાઈ શાહ, શ્રી શિલ્પેશભાઈ શાહ, શ્રી રાકેશભાઈ દોશી, શ્રી રાજેન્દ્રભાઈ સંઘવી તથા શ્રી રજનીભાઈ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા. તેમજ અનુદાન અર્પણ કરેલ દરેક દાતાશ્રીઓનો પણ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવા સાથે ભૂરી ભૂરી અનુમોદના કરીએ છીએ.

- ગૌરાંગ મહેતા

ધન કરતાં ધર્મ કિંમતી છે, ધન એક ભવ પુરતું છે. ધર્મ તો ભવોભવનો તારક છે, દ્રષ્ટિ બદલાશે, તો દિશા બદલાશે.
PRAVINBHAI J. BARBHAYA : 9427907933
VIRANG : 9825010919 BRIJESH : 9016450264
VIRANG ENTERPRISE
TATA mahindra FORCE EICHER SWARAJ MAZDA
BUS BODY ITEMS & AUTOMOBILE COMPONENTS
STOCKIST IN : ALL AUTOMOBILE FIBER PRODUCTS
SALES OFFICE : 26, Celler, India Estate, B/h. Relief Hotel, Sanand Road, Sarkhej, Ahmedabad. Phone : 079-26891087

SIDDHARTH PRINTERY
• Graphic Designing & Printing
• Acrylic & Signage Board
• Non Woven Bag Printing
SCAN FOR CATALOGUE 09925117710 SCAN FOR PROFILE
LL-13 Harekrishna Complex, Opp. Kothawala Flats, Paldi, Pritamnagar, Ahmedabad-380 006.
siddharthprintery@gmail.com


જે આજ્ઞા પાળી જાણે તે જ હુકમ કરી શકે,
પહેલા આજ્ઞા પાળતા શીખો.



## તપસ્વીઓનું બહુમાન



ગયા વર્ષના પર્યુષણ પર્વ પછી અને ચાલુ વર્ષના પર્યુષણ પર્વ સુધીના સમયમાં જે ભાઈ-બહેનોએ આઠ અને તેથી વધુ ઉપવાસ, ઉપવાસથી ધર્મચક્ર અને સિદ્ધિતપ, તેમજ ઉપવાસ, આયંબિલ કે એકાસણાથી વર્ષીતપ કરેલ હોય તેમની વિગત ફોર્મમાં ભરીને અથવા જુદા કાગળ ઉપર લખીને સમાજની ઓફિસે તા. ૧૧-૦૯-૨૦૨૪ થી તા. ૨૧-૦૯-૨૦૨૪ સુધીમાં બપોરના ૩-૦૦ થી ૫-૦૦ કલાક દરમ્યાન મોકલી આપવા વિનંતી છે.

તપસ્વીઓનું બહુમાન 'શ્રીમતી કમળાબહેન નગીનદાસ દોશી પરિવાર તપસ્વી બહુમાન યોજના' અન્વયે કરવામાં આવશે.

## તપશ્ચર્યાનું ફોર્મ

સભ્યનું નામ તથા સરનામું ______________________________

______________________________

ફોન નં. : (ઓ.) ____________ (રહે.) ____________ મો. : ____________

સભ્ય નંબર ______________________________

| નં. | તપસ્વીનું નામ | તપશ્ચર્યાની વિગત | સભ્ય સાથેનો સંબંધ |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |
| ૫ | | | |
| ૬ | | | |

જે સંઘમાં તપશ્ચર્યા કરી હોય તેનું નામ તથા સરનામું ______________________________

______________________________

**ફોર્મ મોકલવાની છેલ્લી તારીખ : ૨૧-૦૯-૨૦૨૪** સભ્યની સહી ____________



જગતને સ્વપ્નેય ખ્યાલ નથી એટલી બધી વસ્તુઓ પ્રાર્થનાઓ વડે સમજાય છે.

# ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પ્રવેશ



શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ વાસણા અમદાવાદના અહોભાગ્યે શ્રી લીંબડી અજરામર સંપ્રદાયના પરમ ઉપકારી શાસન પ્રભાવી આચાર્ય શ્રી પ્રકાશચંદ્રજી સ્વામીજી આદિઠાણા-૭નો ચાતુર્માસ પ્રવેશ નિવિઘ્ને શ્રી એલિસબ્રિજ સ્થાનકવાસી જૈન ઉપાશ્રય થી શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘમાં તા. ૦૭-૦૭-૨૦૨૪ ના રોજ સવારે ૭:૪૫ થી નીકળી ૮:૧૫ વાગ્યે થયેલ છે.

આ ચાતુર્માસ પ્રવેશમાં અભૂતપૂર્વ ગુરુ ભક્તોની હાજરીથી સંપન્ન થયેલ છે બહારગામ એટલે કે મુંબઇ, સુરેન્દ્રનગર, કચ્છ, રાજકોટ, ચોટીલાથી લગભગ ૨૫૦ શ્રાવક-શ્રાવિકાઓ પધારેલ. તે સિવાય અમદાવાદના સંઘોના પદાધિકારીઓ પણ પધારેલા. અમારા શ્રી સંઘના ૩૫૦ શ્રાવક શ્રાવિકાઓએ ઉત્સાહ પ્રવેશમાં હાજરી આપી તે બધાનો શ્રીસંઘ ખરા હ્રદયપૂર્વક આભાર માને છે.

સ્વાગત સમારોહ - આજ દિવસે સવારે ૦૯:૧૦ થી ૧૨:૩૦ સુધી ચંદ્રમૌલીશ્વર રંગસાગર ફ્લેટ પાસે સ્વાગત સમારોહનું આયોજન કરેલ જેની શરૂઆત જૈન શિબિર બાલિકાઓએ સ્વાગત ગીતથી કરેલું ત્યારબાદ વિવિધ અનુષ્ઠાનોની ઉછામણી કરેલ. ચાતુર્માસ માસ રસોડાનો ખર્ચ, યુવાનો અને યુવતીઓની દર રવિવારે જ્ઞાન શિબિરનું આયોજન કરેલ. ચાતુર્માસ દરમિયાન પ્રતિક્રમણ કરનાર શ્રાવક શ્રાવિકાઓ માટે ચોવિહાર હાઉસ વ્યાખ્યાન બાદની પ્રભાવના તથા શિશુદર્શન, વૈયાવચ્ચ ફાળો, અજરામર સંપ્રદાયના સિક્કાની ઉછામણી. આ દરેક અનુષ્ઠાનમાં બહારગામથી પધારેલા મહાનુભાવો તથા દાતાઓએ ઉત્સાહપૂર્વક અનુદાન આપી શ્રી સંઘની ઝોળી છલકાવી દીધી છે. શ્રી સંઘના દાતાઓનો હ્રદયપૂર્વક આભાર માને છે.

આ આખા પ્રોગ્રામમાં શ્રી સંતોની અમીદ્રષ્ટિ તથા આશીર્વાદથી બેહદ સુંદર રીતે પાર પાડ્યો હતો તે બદલ શ્રી સંઘ પૂજ્ય ગુરુ ભગવાનનો વિશેષ આભાર માને છે. પરમ પૂજ્ય ગુરુ ભગવંતોના પ્રવેશ સમયે એક દંપતીએ ચોથા વ્રતના પચ્ચક્ક્ખાણ ગ્રહણ કરેલ છે. પાટ પાટલાની ચાતુર્માસ દરમ્યાન આજ્ઞા આપનારે વર્ષીતપના પારણા કરેલ છે.

શાંતિલાલ વાડીલાલ શાહ - પ્રમુખશ્રી મહેશભાઈ પ્રભુદાસભાઈ - મંત્રીશ્રી

## છેતરાતાં રહેવું એ પણ આધ્યાત્મિકતા જ છે.

સુરેશ દલાલની કવિતા છે... 'તમને તારાઓની બારાખડી ઉકેલતાં આવડે છે ? તો લખો. તમને ફૂલોની પાંખડીમાં પ્રવેશતાં આવડે છે? તો લખો.' આમ કહીને છેલ્લે કહે છે 'તમને કંઈ પણ આવડતું નથી એ અવસ્થા પર ઊભા રહેતાં આવડે છે ? તો લખો. આમા એક પંક્તિ ઉમેરવી છે. 'તમને છૈંને ઓળંગતા આવડે છે તો કવિતા લખો.'

સવાર એની કુંડળી લઈને ઊગે છે. આપણામાં એની કુંડળીમાં સફળતાના ગ્રહો મૂકવાની તાકાત છે ? તો, તમે જે જીવો છો — એ જીવનના હકારની કવિતા જ છે. ધુમ્મસની આરપાર નીકળતો તડકો કુદરતની કવિતા છે. રસ્તો નથી જ અને છતાંય શોધવાનો છે એ પ્રારબ્ધના કાળ ઉપર માણસે લખેલી કવિતા છે. બેચેનીનો અનુભવ પણ ચેનથી કરવો. અજંપાનો અનુભવ પણ જંપથી કરવો. અકળામણનો અનુભવ આત્મીયતાથી કરવો. કોઈ પળ અજાણી કે અળખામણી નહીં લાગે. પગ છે તો રસ્તો છે. પાંખો છે તો આકાશ છે. ફૂલ છે તો સુગંધ છે. આપણે છીએ તો દુનિયા છે.

પુરુષાર્થ એળે નથી જતો. પ્રેમ કોઈનાથી પર થવાના તબક્કાનું નામ નથી. ચાહવું નો પર્યાય છે, જીવવું, મૃત્યુ તો આત્માની અમર કવિતા છે. ભરોસો મૂકવો જ જોઈએ. ભલે તૂટે. વિશ્વાસ હોવો જ જોઈએ. ભલે તૂટે. પ્રેમ જીવવો જ જોઈએ. ભલે ખૂટે. સાબિત કરવા માટે જીવન નથી. અનુભવથી સભર થવા માટે જીવન છે, પતંગિયાને રડતું જોયું છે? પાણીની અંદર માછલીને મુરઝાતી જોઈ છે? આકાશને ઉદાસ જોયું છે? પ્રશ્નો તો શ્વાસ જેટલા અખૂટ છે. અને જવાબ એક જ છે. શ્રદ્ધા. એ હંમેશાં વધતી અને ઉમેરાતી જ જવાની છે. છેતરાતાં રહેવું એ પણ આધ્યાત્મિકતા જ છે.

શબ્દો વિના પણ વાત કરતા આવડે છે. પામ્યા વિના પણ પ્રેમ કરતા આવડે છે? મૃત્યુ પછી કોઈની યાદમાં જીવતાં આવડે છે? ખજૂરીના છાંયડા જેટલા સુખમાં આનંદ પામતાં આવડે છે? તો, તમને જીવતાં આવડે છે. પકડી રાખવું અઘરું છે. જવાબદારી નિભાવવી અઘરી છે. જોડે રહેવું અઘરું છે. પોતાના રસ્તે આડંબર વિના દુનિયાને ચલાવવી અશક્ય છે. આપણે સહેલાં કામ કરવા થોડાં જન્મ્યાં છીએ ? બિચારા થવામાં વાર નથી લાગતી! બાપડા તરત થવાય છે! ઓશિયાળા થવામાં સેકંડો પણ નથી લાગતી ! સહાનુભૂતિ મેળવવામાં નાટકના સ્ટેજ પર જવાની જરૂર નથી ! ખુમારી સાથે જીવવામાં પવનને સ્ટેચ્યૂ કહીને પંખો ચલાવવા જેવું નિપુણ થવું પડે.

બીજાના સહારે ? ટેકા સાથે, મદદ માંગીને, નિરાધાર લાગીને ક્યાં સુધી જીવશું? પ્રત્યેક દિવસ પાસે નવી નજાકત છે. નવો ઉન્માદ છે. નવો રોમાંચ છે. શ્વાસને કહો ભૂતકાળને વર્તમાનમાં ક્યારેય જીવાતો જ નથી ! તરસ બંને બાજુ હોય છે. આપણને લાગે છે એમ પાણીને પણ આપણી તરસ હશે જ ને ? પાણીનો એક અર્થ જીવન છે. જીવન તરસ છે તો કોણ છીપાવે છે? કવિતા તમને એ તરસ છીપાવનાર પાસે આંગળી પકડીને લઈ જાય છે. ઓન ધ બીટ્સ તમારી ઝાંઝરીનું તેજ વાગ્યું છે, સૂતું અંધારનું જળ; જોઉં જાગ્યું છે. -મનીષ પરમાર


મા-બાપની આંખમાં બેવખત આંસુ આવે છે

દીકરી ઘર છોડે ત્યારે... દીકરો તરછોડે ત્યારે...

**ધનલક્ષ્મી સ્ટોર્સ**

ઈમિટેશન ● કોસ્મેટિક્સ ● હોઝિયરી ● બિંદી અને બ્રા - પેન્ટી

૪૫/૩, પાર્શ્વનાથ સોસાયટી, નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.

ભુપેન્દ્રભાઈ બારભાયા
મો. : ૯૪૨૬૭૬૭૯૯૮

છબીલભાઈ શાહ
મો. : ૯૪૨૬૫૭૭૨૧૮, ૮૨૩૮૨૯૩૭૦૧




મોહનીયકર્મમાં જ્યાં સુધી ફસાયેલા રહેશું ત્યાં સુધી શ્રાવકપણું, સંયમ, કેવળજ્ઞાન, સમ્યક્ત્વ મળશે નહીં.

# પાવનકારી પર્વ = પર્યુષણ

- પર્યુષણના દિવસો, પોતાના આત્માની આંતરખોજના દિવસો છે. માણસ સતત બહાર ફર્યા કરતો હોય છે, બહારની દુનિયામાં ફરતાં, બીજાની સમૃધ્ધિની ટીકા, બીજાની ઇર્ષા વિગેરે સતત કરતો હોય છે, પરચિંતાને અધમાધમ કહી છે.
- આપણી પાંચેય ઇન્દ્રિયોને છઠ્ઠું મન બાહ્ય જગત ભણી જ વિશેષ પ્રવૃત્ત હોય છે. અનેક જીવોને વર્ષ દરમિયાન આપણે જાણે-અજાણે દુભવીએ જ છીએ, અન્યાય, અનાદર કે અપરાધ જાણી જોઇને કે અનાયાસે કર્યો જ હોય છે. તેના કારણે તે બધા જીવો સાથે વેર, વિરોધ ને વૈમનસ્ય જન્મે છે. આ બધું વિચારી, ભૂલ ભરેલા માર્ગથી પાછા વળવાની વાત, એમની સાથે ક્ષમા માગવાની વાત, એમની સાથે મૈત્રીભાવ કેળવવાના દિવસો એટલે પર્યુષણ પર્વ.
- બધી જાતના આગ્રહ, કદાગ્રહ, હઠાગ્રહ, પૂર્વગ્રહ છોડવાના છે. અહમ્‌ના શિખર ઉપરથી ઉતરી સરળ હૃદયે 'મિચ્છામિ દુક્કડમ્' કરવાનું હોય છે.
- 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' ક્ષમા એટલે પોતાની ભૂલનો સ્વીકાર અને બીજાની ભૂલની માફી. આ અતિ દુષ્કર કાર્ય છે. ભૂલનો સ્વીકાર કરવો એટલે અહમ ઉપર ઘા. કાયાને તપ દ્વારા તોડવી કદાચ સહેલી, પણ અહમ્ તોડવો અતિ મુશ્કેલ છે.
- મુનષ્યના બે મોટા અપલક્ષણો (માઇનસ પોઇન્ટ) માન ને મૈથુન. આ બે જીતવા અત્યંત દુષ્કર, તેમાંય માન જીતવું, માઉન્ટ એવરેસ્ટના શિખર કરતાંય ઘણું મુશ્કેલ છે.
- આ માટે બાહુબલી મુનિનો દાખલો જગપ્રસિધ્ધ છે. એક વર્ષ સુધી ન ખોરાક, ન પાણી, અડોલ આસન, જબરદસ્ત સ્થિરતા સાથેનું પત, જેમના દેહ ઉપર પંખીઓએ માળા બાંધ્યા, સર્પોએ રાફડા બનાવ્યા. કેવી અડોલ સ્થિરતા ? માત્ર નડયું નાનું અભિમાન, મારાથી નાના ભાઇઓને હું હાથ કેમ જોડું? આ કારણે કેવળજ્ઞાનથી ૧૨ મહિના વંચિત રહ્યા
- આ અભિમાને મોટા મોટા માંધાતાઓને ઉથલાવી નાખ્યા ને દુર્ગતિમાં મોકલી આપ્યા છે.
- રાવણને મંદોદરી, તેના ભાઇ વિભિષણ, રાજ્યસભાના વડીલો વગેરે કેટલું સમજાવે છે ? સતી સીતાને માનભેર શ્રી રામને સુપ્રત કરવા. રાવણ કહે છે. 'એકવાર તો રામની સાથે લડી લઇશ ને લડાઇ જીત્યા પછી ભલે સતી સીતા રામને સોંપી દઉં પણ તે પહેલાં તો કદિ નહિ. હું શું કાયર છું?' પરિણામ શું ? તે બધા જાણે છે.
- દુર્યોધનને પાંડવોના વિષ્ટિકાર વાસુદેવ શ્રીકૃષ્ણ ખૂબ સમજાવે છે, પાંચ પાંડવોને માત્ર ૫ નાનાગામ આપી દે ને શાંતિથી હસ્તિનાપુરનું રાજ્ય તું ભોગવ. દુર્યોધન શ્રીકૃષ્ણને કહે છે, 'તમારી વાત ભલે સાચી છે, પણ સોયના નાકા ઉપર આવે એટલી જમીન પણ નહિ આપું.' પરિણામ મહાભારત યુધ્ધ.
- આગમનું દ્દષ્ટાંત - ભગવાનની અંતિમ દેશના 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર'નું ૧૩મું અધ્યયન 'ચિત્ત-સંભૂતિ' ચિત્તમુનિ, બ્રહ્મદતના આત્માને કેટલું સમજાવે છે ? તપનું નિયાણું એટલે 'હવેલી લેતાં ગુજરાત ખોવું' - 'હાથી વેંચીને ગધેડો લેવો' 'રત્નોના બદલામાં પાંચીકા ખરીદવા'. માત્ર ચક્રવર્તીના સ્ત્રીરત્ન સુનંદાના કાળા કેશકલાપની લટનો સ્પર્શ. વાતનો સ્વીકાર કરે છે તમારી વાત સાચી છે, પણ હું મારો વટ છોડીશ નહિ. પરિણામે સાતમી નરકનું ભયંકર દુઃખ 'અપઇઠાણ' નરકાવાસો, ૩૩ સાગરોપમનો જબરદસ્ત કાળ.
- માણસ જો માન અને મૈથુન મૂકે તો મોક્ષ મળતાં વાર શી ?
- પર્યુષણ પર્વમાં બે વાતનું ખાસ ધ્યાન રાખવું જોઇએ :

(૧) પરિવસન : મન તથા પાંચ ઇન્દ્રિયોની ચંચળતા, ભટકવાની ટેવ છે. તેમાં સ્થિરતા લાવો. જે આત્મા આત્મ ભાવમાં સ્થિર બને તે જ શ્રેણી માંડીને સિધ્ધ બની શકે ને અવ્યાબાધ (આવ્યું જાય નહિ) સુખના માલિક બની શકે,

(૨) પર્યુશમન - કષાયોનું શમન, સંસારમાં અનંત કાળથી રખડાવનાર કષાયો જ છે. બીજું અંગ સૂત્ર શ્રી 'સૂત્રકૃતાંગ સૂત્ર'ના છઠ્ઠા અધ્યયનની ર૬મી ગાથા કહે છે 'કોહં ચ માણં ચ તહેવ માય, લોભં ચઉત્થં અઝત્થ દોસા' ક્રોધ, માન, માયા, લોભ એ આત્માના દોષો છે. આ બધા નાશ પામે તો જ વીતરાગ થવાય, ભવ્ય જીવોને ધ્યેયને મંઝીલ તો જ મળે. ક્રોધનું સ્થાન કપાળમાં, માનનું સ્થાન ગરદનમાં, માયાનું સ્થાન હૃદયમાંને લોભનું સ્થાન સર્વાંગ રહેલું છે.

આરોગ્ય શાસ્ત્ર પણ કહે છે કે, જેનું આરોગ્ય સારું, તેના પગ ગરમ ને માથું ઠંડુ હોય છે. મગજને ઠંડુ બનાવવા 'શમ' એટલે ક્ષમાના ભાવ આવવા જોઇએ. પગને ગરમ રાખવા 'શ્રમ' જોઇએ. જ્યારે આજે ઉલ્ટું બની ગયું છે. પગ ઠંડાને મગજ ગરમાગરમ.

શ્રમ કરશો તો જ સુખી થશો. શ્રમ એટલે સમ્યક્ દિશાનો પુરુષાર્થ. ભગવાન મહાવીરને બધા 'શ્રમણ' કહે છે. તેમણે તપમાં શ્રમ કર્યો તેથી શ્રમણ કહેવાણા, આપણે પણ પાપ છોડવાનો શ્રમ તથા ધર્મની આરાધના કરવાનો શ્રમ કરવાનો છે.

પાપ છોડો ને ખેદ રાખો - ૧૮ પાપ એ જીવનનો સર્વનાશ વેરતી ઉધઇ છે. નિર્ભય બનીને કરાતું પાપ, અનેક નવા પાપોની જનેતા બની જાય છે. જ્યાં સુધી પાપ પ્રત્યેની ઘૃણા ન જાગે, છોડવાના ભાવ ન પ્રગટે, ત્યાં સુધી સાચા અર્થમાં ધર્મની શરૂઆત જ ન થાય.

<u>પાપ કરવાના વિચારોના ચાર ભાગ પાડીને સમજીએ :</u>

(૧) મોક્ષમાર્ગીઃ પૂર્વભવના સંસ્કારને કારણે પાપ કરતાં આત્મા ધ્રૂજે, ડંખે ને માનવભવ મળ્યો છે, તો ચારે ગતિના દરવાજા બંધ કરીને, પંચમ ગતિ કેમ મળે? તેવી ભાવનાવાળા હોય, ને તે તરફનું તેમનું સમ્યક્ પરાક્રમ થતું હોય.

(૨) આશાવાદી : બીજો વિભાગ એમ માને છે કે પૂર્વના પુણ્યોને કારણે અત્યારે મનુષ્ય ભવના સુંદર સુખો મળ્યા છે. જો આ ભવમાં પાપ કરશું (૧૮ પ્રકારના) તો પરલોક બગડશે. પરલોકમાં દુઃખી થશું તેથી આ વિભાગવાળા પરલોકના સુખોની જ ચિંતા કરતા હોય છે.

(૩) માર્ગાનુસારી : ત્રીજો વિભાગ એમ વિચારતો હોય - ખાઇ-પીને મજા કરીએ. પણ આપણા મા-બાપ કોણ? કુટુંબ કયું ? ખાનદાનીને કારણે ખોટું કરતાં, પાપ કરતાં રોકાય. મોક્ષ કે પરલોકની દૃષ્ટિ નથી.

(૪) વર્તમાનલક્ષી : ચોથો વિભાગ તો એમ વિચારે છે કે જે થવું હોય તે થાય. મોજ મજા કરો. પરલોક કોણે દીઠો છે ! 'રૂણં કૃત્વા ધૃતં પિબેત' દેણું કરીને પણ ઘી પીવો, ફરી ફરીને આવું સુખ ક્યારે મળે? "A Bird in a hand" પાપના ફળ ભોગવવા પડશે, તે કોને ખબર છે ! સ્વર્ગ, નરક કોણે જોયાં છે ! તે માત્ર 'વર્તમાન' લક્ષી છે.

આપણો નંબર આ ચારેય વિભાગમાંથી કયા વિભાગમાં છે ? 'મોક્ષ જોઇએ' એમ વાતોના વડા કરવાથી કાંઇ ન મળે. પહેલાં પાપ બધા છોડવા પડશે. સંપૂર્ણ અહિંસક બનવું પડશે. સંત સમાગમ કરો, જિનવાણી નિરંતર સાંભળો, સામાયિક-પ્રતિક્રમણ આદિ નિત્ય ક્રિયા કરો. યથાશક્તિ તપમાં જોડાવ.

- પ્રચંડ પરાક્રમી હોવ તો ભાગવતી દીક્ષા અંગીકાર કરો.
- કોઇપણ આત્મા ત્રણ કાળમાં, સાધુ બન્યા વિના, મોક્ષે જઇ શકે જ નહિ.
- સંસાર છોડવાની કાયરતા હોય, ચારિત્ર મોહનું સામ્રાજ્ય જોરદાર હોય, તો સારા ને સાચા શ્રાવક બનો.
- ભગવાને બતાવેલી દેશવિરતિ ધર્મની જતનાપૂર્વક આરાધના કરશો, તો પણ ૧૫ ભવે મોક્ષ મેળવી શકશો.

**પર્યુષણ પર્વમાં આવી બધી સુંદર સાધનાઓ કરીને મન, આત્માને ખૂબ પવિત્ર બનાવવાનું છે.**

# મહાવીર દર્શનમાં સાધના અને સેવાના પ્રયોગો

**એક પક્ષીની બે પાંખો :** સાધના અને સેવા ચૈતન્યરૂપી પક્ષીની બે પાંખ છે. સાધના વગરની સેવા દેખાવ છે અને સેવા વગરની સાધના જડતા છે. સાધના એ એક વૃક્ષના ઊંડા ઉતરેલા મૂળ છે અને સેવા એ વૃક્ષની ઊંચાઈ છે. સાધના એ વ્યક્તિની ભીતરનો માર્ગ છે, સેવા એ ભીતરી સુગંધનો બહારી ફેલાવ છે.

**કોણ પહેલાં ? કોણ પછી ? :** સાધના પછીની સેવા અને સાધના પહેલાંની સેવામાં ફરક હોય છે. સાધના પછીની સેવામાં સાધનાની સુગંધ હોય છે. સાધના પહેલાંની સેવા માત્ર સાધનાથી બચવાનો મધુકર માર્ગ છે. સાધના સાથેની સેવા, તૃપ્તિ અને સંતુષ્ટિ આપે છે, જ્યારે સાધના વગરની સેવા પોતાની જાતથી ભાગવાનો એક સારો માર્ગ છે. સાધના સાથેની સેવામાં કરુણાનો ભાવ હોય છે, જ્યારે સાધના વગરની સેવામાં સન્માનની સૂક્ષ્મ ભૂખ છુપાયેલી હોય છે.

સાધના સાથેની સેવા સામેની વ્યક્તિને અંદરથી બદલવા માટે સક્ષમ છે, જ્યારે સાધના-શૂન્ય સેવાથી સામેની વ્યક્તિને લાભ મળશે પણ સેવા કરનાર પોતે અંદરથી ખાલીખમ રહેશે.

સાધના અને સેવા બંને સાથે સાથે ચાલે તો જ આવી સેવા અને સાધના, જ્ઞાનીઓની આજ્ઞામાં હોય છે. ખાલી સેવક બનવું વીતરાગ માર્ગમાં જ્ઞાનીની આજ્ઞામાં નથી, સાધક સેવક બંનેની યુતિ સાથે ચાલે એ સૌથી સાત્વિક અને ઉત્તમ વિકલ્પ છે.

**સાધના શું કરવાની ? :** સાધનાના બે પક્ષ છે. એક સ્વયંને ધીમે ધીમે પૂર્ણતા તરફ લઈ જવાનો પ્રયાસ કરવો, એના માટેના ત્રણ શ્રેષ્ઠ વિકલ્પો છે. પહેલો વિકલ્પ છેઃ સ્વાધ્યાય. સ્વાધ્યાય એટલે સાત્વિક વાંચન, જિજ્ઞાસા, સમાધાન અને તેનું પુનરાવર્તન

બીજો વિકલ્પ છે : ડાયરી લેખન, સ્વાધ્યાય પછી ચિંતનને શબ્દનું રૂપ આપવા માટે ડાયરી લખવી એ સાધનાનો બીજો વિકલ્પ છે. ડાયરી લખવી એટલે જાત પ્રત્યે ઈમાનદાર રહી, પોતાના મનની અંદરના ચિત્તની ભીતરનાં ભાવોની અને આ દુર્લભ જીવનની જે વાસ્તવિક સ્થિતિ છે. અને પોતાના શબ્દોમાં પ્રગટ કરવી. ત્રીજો વિકલ્પ છેઃ નિરક્ષણનો માર્ગ છે. આત્મા એક માર્ગ છે. શત્રુ આપણને જે રીતે જોતો હોય એ રીતે નિરીક્ષણ. એક સ્વયંના દોષોનું તટસ્થ નિરીક્ષણ કરવું એ આત્મ-નિરીક્ષણનો માર્ગ છે. આત્મ-નિરીક્ષણ વિના કોઈ પણ ભોગે માણસને અંદરથી બદલવો અસંભવ છે. આ ત્રણ માર્ગ એ સાધનાનો પહેલો પક્ષ છે.

સાધનાનો બીજો પક્ષ છે : ધ્યાનના અભ્યાસ થકી પોતાના મનને જીતીને આત્મ-અનુભૂતિ સુધી પહોંચવું. એક વસ્તુ સમજી લેવી જોઈએ કે ધ્યાન વિના આત્મ અનુભૂતિ સંભવ નથી. ભગવાન મહાવીર કહે છેઃ કોઈની પણ પૂરા ભાવ અને સદ્‌ભાવનાથી સેવા કરવી કે કોઈ બહારની સામાજિક કે રાજનૈતિક પદ પ્રતિષ્ઠા મેળવવી એ સારી બાબત છે, પરંતુ એટલું યાદ રાખવું રહ્યું કે એનાથી સેલ્ફ રીયલાઈઝેશન થવુ સંભવ નથી. સેલ્ફ રીયલાઈઝેશન માત્ર અને માત્ર ધ્યાન થકી જ સંભવ બને છે. આવું શ્રમણ સંસ્કૃતિનો પોતાનો અનુભવ કહે છે. શ્રમણ સંસ્કૃતિમાં આત્માનો પુરુષાર્થ એ જ આત્મ-અનુભૂતિનો એક માત્ર વિકલ્પ છે. મહાવીરના માર્ગમાં ભક્તિયોગ અને ક્રિયાયોગ ગૌણ માર્ગ છે. મુખ્ય માર્ગ ધ્યાન અભ્યાસ દ્વારા વીતરાગ દશાને પામવાની વાત છે. મહાવીરનો માર્ગ અક્રિયા અને અકર્મનો માર્ગ છે. જોકે આ માર્ગમાં પણ ઘણાં આક્રમણો થયા છે અને થઈ રહ્યા છે એટલે આ માર્ગ પણ હવે કેટલો શુધ્ધ સ્વરૂપમા ટકી શક્યો છે અને ટકી રહેશે - એ કહેવું અઘરી બાબત છે, ચોક્કસ આ માર્ગમાં પણ ભેળસેળ થઈ રહી છે. પોતાના સ્વાર્થની ખીચડી રાંધવા ઘણાં લોકો આ વીતરાગ માર્ગને પણ પાતળો કરી રહ્યાં છે.

એ વાતને અહીં રહેવા દઈએ તો, એટલું તો સ્પષ્ટ છે કે આ વીતરાગ માર્ગ સમ્યક દર્શન, જ્ઞાન અને ચારિત્રનો માર્ગ છે. સમ્યક દર્શન એટલે જે જેવું છે અને એ જ રીતે સ્પષ્ટપણે જોવું, આત્માનો એના મૂળ શુધ્ધ સ્વરૂપમાં અનુભવ કરવો. સમ્યકજ્ઞાન એટલે આત્માને જાણવો અને ચારિત્ર એટલે આત્માનો અનુભવ કરવો આટલામાં વીતરાગનો મોક્ષમાર્ગ આવી જાય છે.

આ જ તો ધ્યાનની સાધના છે. ભગવાન મહાવીરે સામાયિક બતાવ્યું, એ પણ ધ્યાન સિવાય બીજું શું છે ? પુણિયો શ્રાવક આવું સામાયિક જ તો કરતો હશે ને! આપણે ગાથાઓના સૂત્રો ગોખી લીધા, એના અર્થમાં જવાનો પ્રયાસ ના કર્યો ઠાણેનમ, મોણેનમ, ઝાણેનમ એટલે શું એ ખ્યાલ છે ખરો? આ મહાવીરની ધ્યાન સાધનાનું રહસ્ય છે. ઠાર્ણનમ એટલે શરીરથી સ્થિર બેસવું. મોણેનમ એટલે વાણીને મોન કરી દેવી અને ઝાણેનમ એટલે ધ્યાનમાં ઉતરી સાક્ષી ભાવે વિકલ્પ શૂન્ય થઈ આત્માનો અનુભવ કરવો, આ મહાવીર દર્શનમાં સાધનાનું સ્પષ્ટ નિરૂપણ છે.

**સેવા કેવી રીતે કરવી :** જૈન શાસ્ત્રમાં ભગવાન મહાવીર સ્વામીએ સંચિત કર્મને તોડવાના જે ૧૨ ઉપાયો બતાવ્યા છે, એમાં એક છે વૈયાવચ્ચ વૈયાવચ્ચ એટલે જ સેવા. વૈયાવચ્ચને ૧૨ તપમાનું નવમું તપ કહ્યું છે. જૈન શાસનમાં સેવાના આ પ્રમાણેના આટલા પ્રકારો છેઃ

<u>૧. જીવદયા :</u> એક ઈન્દ્રિયથી લઈ તિર્યંચ પંચેન્દ્રિય સુધીના અબોધ જીવોની કાળજી લેવી. પશુ પક્ષીઓની સેવા વિશેષ રૂપે કરવી. ગૌશાળા, પાંજરાપોળ, પક્ષીઘર, ચબૂતરાઓના માધ્યમથી આવા મૂક પ્રાણીઓનો ખ્યાલ રાખવાથી આપણા અશુભ ગ્રહો અને કર્મો નાશ પામે છે. આ એક મોટી સેવા છે.

<u>૨. માનવસેવા :</u> ગરીબ, બિમાર, વયોવૃધ્ધ લોકોની વિશેષ કાળજી રાખવી એ પણ એક માનવીય સેવા છે. આ સેવામાં બાળકોને શિષ્યવૃતિ આપવી, અન્ન ક્ષેત્રો ચલાવવા, વૃદ્ધો માટે ચિત્ત સમાધિ કેન્દ્રો ઊભા કરવા. વયોવૃદ્ધ લોકોને તીર્થયાત્રા પર લઈ જવા. બિમાર લોકો માટે ચિકિત્સાની વ્યવસ્થા કરવી, આ બધું માનવસેવામાં આવે છે.

<u>૩. સાધર્મિક ભક્તિ :</u> આપણા ધર્મને માનતો હોય એવો કોઈ જીવ ભૂલેચૂકે ભૂખ્યો ના સૂઈ રહે. એના સંસ્કારોના લીધે એ હાથ લંબાવશે નહીં, આપણે જ આપણા વિવેકથી આવા સંસ્કારી પરંતુ જરૂરિયાતવાળા પરિવારોને શોધીને મદદ કરવી એ સાધર્મિક ભક્તિ છે.

<u>૪. ત્યાગી ભગવંતોની સેવા :</u> આ સેવા શ્રેષ્ઠ આત્માઓની સેવા છે. જે ત્યાગીઓ આત્મસાધના કરી રહ્યા છે. એવા અકિંચન અધ્યાત્મ પુરુષાર્થ જીવનની સફળતા માટે આહાર, પાણી, વસ્ત્ર, દવા વગેરેમાં લાભ લેવો એ એક દુર્લભ સેવા છે. આવા જ્ઞાની સંતોન ચરણોમાં બેસી જ્ઞાન, ધ્યાન શીખવું એ પણ એમની સેવા કરવા બરાબર છે. એમની પાસે બેસી એમના જેવા થવાની પ્રેરણા લેવી એ પણ આધ્યાત્મિક અર્થમાં સેવા છે. આમ, સેવા માનવીને નમ્ર બનાવે છે, સેવા કરનારમાં માનવીય સંવેદના જાગે છે, કોમળતા, કરુણાનો ભાવ જાગે છે. સેવા કરનાર દરેક જીવને ધીરે ધીરે આત્મવત્ દૃષ્ટિએ જોવા લાગે છે. આપણને આ ધરતી પર રહેવાની જગ્યા મળી છે એનું ઋણ ચૂકવવા માટે સેવા અનિવાર્ય છે. આમ, સેવા સર્વ જીવો માટે અને સાધના પોતાના આત્મા માટેની એક આધ્યાત્મિક પ્રક્રિયા છે. આ બંનેના સુભગ સંયોગથી ચેતના અધ્યાત્મ પ્રદેશમાં નવી ઉંચાઈઓ મેળવે છે.



શાળા એ તો નિરાંતનું સ્થાન છે, જ્યાં શિક્ષક અને વિદ્યાર્થી બંને શીખવા ભેગા થાય છે.

## સુખી બનાવવા સેવા અને સુખી બનવા સાધના કરતા રહો.

**ડૉ. તેજ સાહેબ**

જૈનાગમમાં આત્મિક વિકાસ કરવાના અનેક ઉપાયો દર્શાવવામાં આવ્યા છે. તેમાંના અત્યંત ઉપયોગી ને આવશ્યક ઉપાય છે જોવા મળે છે. એક છે પુણ્યબળ અને બીજું છે નિર્જરાબળ એટલે કે જીવોની સેવા એ પુણ્યબળ ઊભું કરી આપે છે, જેને લઈ જીવ શાતા ઉપાર્જન કરી શકે છે અને અન્ય જીવોને શાતા પ્રાપ્ત કરાવી શકે છે. સેવાને વૈયાવચ્ચ નામના તપથી ઓળખવામાં આવે છે. સેવા પુણ્ય પ્રાપ્તિ કરાવે છે, જ્યારે અકર્તાભાવે, નિઃસ્વાર્થભાવે થતી સેવા વૈયાવચ્ચનું રૂપ ધારણ કરે છે ત્યારે પુણ્ય અને કર્મનિર્જરાનો યોગ કરાવી આપે છે. આત્મિક વિકાસના પ્રવેશદ્વાર સેવા છે. નયસારના ભવમાં પ્રભુ મહાવીર સ્વામીના આત્માએ સંત સેવા કરીને મોક્ષમાર્ગમાં પ્રવેશ કર્યો હતો.

જેના પુણ્ય કાચા હોય તેને સહયોગી બનવું. જેને અશાતાનો ઉદય વર્તાતો હોય તેવા આત્માને ઉપયોગી બનવું. ભૂખ પ્યાસ અને વ્યવસ્થાઓથી વંચિત હોય તેવા જીવને મદદરૂપ થવું. આ તમામ સેવાને અનુકંપા સેવામાં ગણવામાં આવેલ છે. જ્યારે ધર્મપ્રેમી શ્રાવક-શ્રાવિકાને ધર્મમાર્ગે સહાયક બનવું, સંતોની સેવા કરવી, સંઘની ઉન્નતિમાં યોગદાન આપવું. આ સેવા વૈયાવચ્ચરૂપ હોવાથી આત્મિગુણોના ઉઘાડમાં સહયોગી બને છે. ટૂંકમાં સેવા અન્યને આધારિત છે. સેવામાં બીજાની આવશ્યકતા રહે છે. જ્યારે સાધનાનો માર્ગ સ્વાધીન અને સ્વતંત્ર રહેલો છે.

સાધના આત્મિક શુધ્ધિનો અને સમાધિનો માર્ગ છે. સેવા બાહ્ય સમૃધ્ધ બનાવે જ્યારે સાધના આભ્યંતરથી સમૃધ્ધ બનાવે છે. પુણ્ય અને શુધ્ધિ બન્નેની આવશ્યકતા છે. ટ્રેન બે પાટા પર સડસડાટ દોડી ગંતવ્યસ્થાને પહોંચાડે છે તેમ સેવા અને સાધનાના પાટા પર આત્મરૂપી ટ્રેન સડસડાટ મોક્ષમાં પહોંચાડે છે. સેવા શાતાનો અને સાધના સમાધિનો માર્ગ ખુલ્લો કરે છે. સેવા કરવા માટે સૌથી પ્રથમ પુણ્ય હોવું અત્યંત આવશ્યક છે. જે પુણ્ય દ્વારા અનેક જીવોની પીડા દૂર કરવામાં સરળતા રહે છે. જ્યારે સાધના એક એવો માર્ગ છે જેમાં પોતાની જાત સાથે યુદ્ધ કરવા તત્પર બનવું પડે છે.

સેવાના અનેક પ્રકારો છે તેમ સાધના પણ અનેક પ્રકારની શાસ્ત્રમાં બતાવવામાં આવી છે. જે પણ સેવામાં જોડાવું હોય તે જોડાવ પણ અકર્તાભાવ સાથે જોડાવું અત્યંત મહત્ત્વનું છે. અને જે પણ સાધના કરવાની ચાલુ કરો તેમાં મારા આત્માની શુધ્ધિ થઈ રહી છે કે નહિ, તેનું નિરીક્ષણ કરતા રહેવું. બાહુબલિજીએ પૂર્વભવમાં સેવા કરી એવું પુણ્ય ઉપાર્જન કર્યું કે ચક્રવર્તીને પણ હરાવી શકે તેવું બળ મેળવ્યું અને સાધના એવી કરી કે જંગલમાં સ્થિર બની કર્મનિર્જરા કરી કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી લીધું. ટૂંકમાં આત્મિક વિકાસના આ પગથિયાં ચઢતા રહીએ તો અવશ્ય આત્મા-પરમાત્મા સ્વરૂપને ધારણ કરી શકે છે. અંતમાં સેવા દ્વારા જગતના જીવોને સુખી બનાવીએ અને સાધના દ્વારા આપણા જીવને સુખી બનાવીએ.

સેવા અને સાધનાનો સમન્વય એટલે ચારિત્રનું નિર્માણ

## જીવનનું લક્ષ્ય : ચિત્તશુધ્ધિ

**- અજયભાઈ શેઠ**

જીવનનો હેતુ ઉદ્દેશ્ય છે પરમ આનંદમાં રહેવું, પરમ સુખમાં રહેવું, to remain blissful all the time. જે વ્યક્તિ અવિરત આનંદ અવસ્થામાં રહી શકે છે એના માટે સ્વર્ગ પણ અહીં જ છે, દેવલોક પણ અહીં જ છે અને મોક્ષ પણ અહીં જ છે. માટે જ કહેવાય છે કે કુટુંબમાં શાંતિથી રહેનાર માટે દેવલોકની અભિલાષા રહેતી જ નથી.

ચિત્તશુધ્ધિ, સ્વભાવશુધ્ધિ અને કષાયરહિતતા વ્યક્તિને શાંત અને સૌમ્ય બનાવે છે, પ્રશાંતતા અર્પે છે. અને એટલા માટે તો દલાય લામા કહે છે. "ધર્મ સરળ છે, મંદિર, મસ્જિદ, દેવળની જરૂર નથી, જટિલ ફિલસૂફીની જરૂર નથી, આપણું મન તથા હૃદય જ આપણું મંદિર છે, જરૂર છે પ્રેમ, મૈત્રી, કરુણા અને અનુકંપાની.'' અધ્યાત્મ પ્રાપ્તિનો નહીં, શુધ્ધિકરણનો વિષય છે.

કવિ સુંદરમ કહે છે - "હું માનવી, માનવ થાવ તોય ઘણું.'' અટલ બિહારી વાજપેયીજી કહે છે - "માનવ બનો, ફક્ત નામથી નહીં, ચહેરાથી નહીં, રૂપથી નહીં, પરંતુ હૃદયથી, મનથી, સંસ્કારથી, જ્ઞાનથી અને ચારિત્રથી.''

એક ૧૨ વર્ષની ભૂખી દીકરીને મેં કેળાની અને બિસ્કિટની થેલી આપી ત્યારે એણે એમાંથી જરૂર પૂરતુ ખાવાનું લઇ બાકીની થેલી મને પાછી આપતા કહ્યુ સાહેબ આ રાખીલો, નહીંતર તમે ભૂખ્યા રહી જશો. આ છે આધ્યાત્મતાની ઉચ્ચ દશા, આ છે એની ખાનદાની, આ છે એની નિસ્વાર્થતા છે એની અંતરની ઉદારતા અને હૃદયની વિશાળતા.

સાહિત્યકાર ગુણવંતભાઈ શાહ કહે છેઃ "જીવનમાં સતત પગની ઉપેક્ષા થાય છે અને પગરખાંને પોલીશ થતું રહે છે. દાંતના ચોકઠાની લેવાય તેટલી સંભાળ દાંતની નથી લેવાતી, ચશ્માંની લેવાય તેટલી સંભાળ આંખની નથી લેવાતી. પહેરવેશની લેવાય તેટલી સંભાળ શરીરની નથી લેવાતી, શરીરની લેવાય તેટલી સંભાળ મનની નથી લેવાતી અને મનની લેવાય તેટલી સંભાળ માહ્યલાની નથી લેવાતી.''

મનુષ્ય જ્યારે જન્મે છે ત્યારે તેનું વજન અઢી કિલો હોય છે અને અગ્નિ સંસ્કાર બાદ તેની રાખનું વજન પણ અઢી કિલો જ હોય છે. જિંદગીનું પહેલું કપડું જેનું નામ ઝભલું, જેમાં ખિસ્સું ન હોય અને જિંદગીનું છેલ્લું કાપડ કફન એમાંય ખિસ્સું ન હોય. અને છતાં પણ એ વચગાળાના ખિસ્સા માટે આપણે આટલી બધી ઉપાધિ લઈ, કેટકેટલા દગા પ્રપંચ રમતા હોઈએ છીએ. જીવનમાં જો સંતોષ આવી જાય, પરિસ્થિતિનો સ્વીકારભાવ કરતાં આવડી જાય, જતું કરતાં આવડી જાય, મહાવીરનો અનેકાંતવાદ સમજાય જાય તો સમજજો કે આ જીવન એક મહેકતું - હસતું ગુલાબનું ફૂલ બની જાય.

જીવતાં આવડવું જોઇએ, જેણે જાણ્યું એણે જીવન જીવી જાણ્યું. વનની શુધ્ધના એ જ જીવન મુક્તિ છે. જીવન મુક્ત એટલે વ્યક્તિ ચાલુ જીવનમાં સુખ-દુઃખનો અનુભવ આપણી જેમ જ કરે છે પણ તેને સુખ-દુખ મનમા સ્પર્શતા નથી. એટલે કે તે બંનેને સમાન ગણે છે. એ સમત્વની સ્થિતિમાં જીવન જીવે છે. આ સમત્વ પ્રાપ્ત કરવા માટે ધ્યાનયોગ અને સ્વાધ્યાયની સાધના કરી, વિવેકદૃષ્ટિ દ્વારા શીલ, સમાધિ અને પ્રજ્ઞામાં સ્થિર થવું પડે છે. ટૂંકમાં આ રાગ, દ્વેષ, અહંકાર, મમત્ત્વ, ઈચ્છારહિતતાથી મુક્ત અવસ્થા છે. જીવનમાં અનિત્યતાની ભાવના સમજવી જરૂરી છે, કશું જ નિત્ય નથી. આપણા મૃત્યુ પછી અહીંની બધી જ વસ્તુઓ અહીં જ રહી જવાની છે. આપણે બધા જ થોડા સમય માટેના અહીં પ્રવાસીઓ છીએ, બધું જ ક્ષણિક છે. પ્રભુ-પરમાત્માએ આપણને જીવન આપ્યું છે, કેવી રીતે જીવવું એ આપણા વિવેક પર આધાર રાખે છે.

જતુ કરતા શીખો, જીતી જશો. મનની સમાધિ જ મોક્ષ છે. પરિસ્થિતિનો સ્વીકારભાવ એ જ ધર્મધ્યાન. બુધ્ધ વ્યક્તિ નહીં, વિચાર છે, અવસ્થા છે.



જે શિક્ષણમાં સમાજ અને રાષ્ટ્રના કલ્યાણની ચિંતાનું તપ નથી તે ક્યારેય સાચુ નથી.

# અરહન્નક શ્રાવકની ધર્મ દ્રઢતા

અંગદેશની ચંપાનગરીમાં 'ચંદ્રછાયા રાજા' રાજ્ય કરતો હતો. ત્યાં અરહન્નક વગેરે અનેક વ્યાપારી રહેતા હતા. તે બધા સંયુક્તરૂપે વહાણો દ્વારા વિદેશોમાં વ્યાપાર કરતાં હતાં. અરહન્નક શ્રમણોપાસક જીવ-અજીવ વગેરે તત્ત્વોના જાણકાર અને નિગ્રંથ પ્રવચનના રસિક હતા. તેની રગેરગમાં જિનધર્મ પ્રત્યે પૂર્ણ અનુરાગ હતો. કોઇ એક સમયે તેઓ વ્યાપારી જહાજમાં માલ ભરીને વિદેશ જવા માટે રવાના થયા. જ્યારે તેમનું જહાજ સેંકડો ગાઉ સુધી ગયું ત્યારે ત્યાં એક આફત ઊભી થઇ. અકાળે ગર્જના, વીજળીના ચમકારા વગેરે થોડો સમય ચાલ્યા પછી ત્યાં એક કાળા વર્ણવાળો ભયંકર પિશાચ પ્રગટ થયો. તેનું શરીર ખૂબ લાંબુ હતું. તેના અંગોપાંગ ડરામણાં હતા. તેના દેહ પર સર્પ વગેરે ભયંકર જીવો લપેટાયલા હતા. તેનું ભયાનક રૂપ જોઇને જહાજનાં યાત્રીકો ભયથી ધ્રૂજવા લાગ્યા. તેઓ પોતાના રક્ષણ માટે ઇન્દ્ર, સ્કન્ધ, રુદ્ર, વૈશ્રમણ, નાગ, ભૂત, યક્ષ વગેરેને મનાવવા લાગ્યા. તેમાં એક માત્ર અરહન્નક શ્રમણોપાસક જ એવો હતો જે તે પિશાચથી બિલકુલ ડર્યો નહીં પરંતુ સાવધાન થઇને મૃત્યુ સુધારવાની તૈયારી શરૂ કરી દીધી. તેણે અરિહંત ભગવાનને નમસ્કાર કરીને સાગારી સંથારો કરી લીધો અને ધ્યાનમાં બેસી ગયો.

તે તાડ જેવો લાંબો પિશાચ અરહન્નક શ્રાવકની પાસે આવ્યો અને તેને સંબોધીને બોલ્યો, 'હે અરહન્નક ! હું આજે આ જહાજને ઊંચે આકાશમાં લઇ જઇશ અને ત્યાંથી ઊંધુ કરી દઇશ જેથી તમે બધા યાત્રીકો સમુદ્રમાં ડૂબીને અકાળે જ મોતના શિકાર બની જશો અને આર્તધ્યાન કરતાં કરતાં દુર્ગતિમાં જશો. આ મહાસંકટથી બચવાનો ફક્ત એક જ રસ્તો છે અને તે એ છે કે 'તું તારો ધર્મ, તારા વ્રત અને તારી પ્રતિજ્ઞા છોડી દે.' મહાનુભાવ અરહન્નક સમજી ગયા કે આ કોઇ દુષ્ટમતિ દેવ છે. તેમણે પોતાના મનથી જ જવાબ આપ્યો કે, 'હું શ્રાવક છું. પૃથ્વી ભલે ને ઊલટી થઇ જાય, સાગર રસાતલમાં ચાલ્યો જાય, કે મારું આ શરીર છિન્નભિન્ન કરી દેવામાં આવે તો પણ હું ધર્મથી ભિન્ન થઇ શકતો નથી, હું ધર્મ છોડી શકીશ નહીં. તું તારી ઇચ્છા હોય તેમ કર.' આ રીતે મનથી જ જવાબ આપીને તે ધ્યાનગ્રસ્ત થઇ ગયા. પિશાચે તે જ રીતે બીજી અને ત્રીજી વાર કહ્યું પરંતુ અરહન્નકે તે તરફ ધ્યાન ન આપ્યું. પોતાના પ્રશ્નનો જવાબ ન મળતાં પિશાચ ગુસ્સે થયો અને જહાજને ઉઠાવીને અંતરિક્ષમાં લઇ ગયો. આકાશમાં પોતાની આંગળીઓ પર જહાજ રાખીને પિશાચે ફરી તે જ પ્રશ્ન કર્યો પરંતુ તે વંદનીય શ્રાવક સંપૂર્ણપણે અચલ રહ્યો. દેવે સમજી લીધું કે અરહન્નક સંપૂર્ણપણે દ્રઢ તેમજ અચલ છે. તે ક્યારેય ચલિત થઇ શકશે નહિ. તેણે ધીરે-ધીરે જહાજને નીચે ઉતાર્યું અને સમુદ્ર પર મૂકી દીધું. પિશાચનું રૂપ ત્યાગીને દેવ પોતાના અસલી રૂપમાં આવીને અરહન્નક શ્રાવકના ચરણમાં પડયો અને કહ્યું કે, 'હે દેવપ્રિય ! તમે ધન્ય છો. દેવાધિપતિ ઇન્દ્રે તમારી ધર્મદ્રઢતાની પ્રશંસા કરી હતી. પરંતુ મને તેના પર વિશ્વાસ ન બેઠો. હવે મેં પ્રત્યક્ષ જોઇ લીધું છે કે વાસ્તવમાં આપ દ્રઢધર્મી છો. હું આપની પાસે મારા અપરાધની ક્ષમા માગુ છું.' આ રીતે પ્રશંસા કરીને બે જોડી દિવ્ય કુંડળ આપીને દેવ ચાલ્યો ગયો. ધન્ય છે દ્રઢધર્મી અને પ્રીયધર્મી શ્રમણોપાસક અરહન્નકની ધર્મદ્રઢતાને.

# પર્યુષણ પર્વની મહાનતા

મુંજાય છે શું મનમાં, સમય જતા વાર નથી લાગતી, સમય દેખાતો નથી પણ, ઘણુંબધું દેખાડી દે છે.

તારા કરેલાં કર્મો તારે જ ભોગવવાના છે. રડતાં ભોગવ કે પછી હસતાં. ધર્મ સમજ્યો હોય તો એવી રીતે કર્મ ભોગવ કે નવા કર્મ ના બંધાય. કર્મક્ષય અને કર્મની નિર્જરા થાય એજ ઉત્તમ છે.

રહી જશે મનની મનમાં એ વાત આજે સાચી નથી લાગતી ?

કોને ખબર છે કાકરાંને રેતીમાં બદલાતા વાર નથી લાગતી. ક્ષિતિજને જોઊં છું જયારે સૂર્યોદયને સાંજ થતા વાર નથી લાગતી. રાગ દ્વેષ કાઢી પ્રેમથી, સરળતાથી જીવન જીવી લેજો હૃદય ને બંધ થવામાં પણ વાર નથી લાગતી.

કરી લેજો ઇચ્છાતૃપ્તિ, ભજી લેજો ભગવાનને. હૃદયને બંધ થવામાં પણ વાર નથી જ લાગતી.

જિંદગીની વરવી વાસ્તવિકતા સમજી અનુકુલન સાધનારા મહાનુભાવ આપને બુધવારની મનમોજી સવારે મંગલમય.

જય આદીનાથ જય ગીરીરાજ

ગુજરાત સમાચાર સંદેશ
THE TIMES OF INDIA દિવ્ય ભાસ્કર
જાહેર નોટીસ, નામ ચેન્જ
ટચુકડી, પ્રાઇમ પ્રોપર્ટી
બેસણું, શ્રધ્ધાંજલિ, અભિનંદન
ડિસ્પ્લે, કોમર્શીયલ, લગ્નવિષયક
ઘરેબેઠા કોઇપણ ન્યુઝપેપરમાં જાહેરાત આપવા માટે સંપર્ક કરો.
મેહુલ પી. શાહ 9825042967

Ritesh Shah
M. : 9974425154
riteshshah105@gmail.com
Neminath Electronics
Deal in : All Types of Industrial Electronics Component
B/417, 4th Floor, Sumel-11, Nr. Namaste Circle, Delhi Darwaja to Sahibaug Road, Sahibaug, Ahmedabad-380004.

હર્ષદભાઇ : (M) 98244 45844
પ્રતિક : (M) 98258 03686
સર્વોદય
૧, વૃંદાવન બિલ્ડીંગ, આઇ.ડી.બી.આઇ બેંક સામે, ગુરૂકુળ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન: (O)27433686 (R)27483721
Email: sarvoday3686@gmail.com


સામાયિક - પ્રતિક્રમણ કરતા વખતે લક્ષ્ય શું તે વખતે ભાવ ઉછળતા હોવા જોઈએ.

# "વૃદ્ધત્વનો વસંતોત્સવ"

કાયા કહે મારે ક્યાં ય કરગરવું નથી; મન કહે મારે તો ભે઼ં મરવું નથી ! આયુષ્ય મારું વૃદ્ધ નહિ વૃદ્ધિ પામે; માટે તો વાતે વાતે કાંઈ રોવું નથી! શરીર છે ઉંમર થતા નબળું પડે; એ નબળાઈને શરણે- ના જવું નથી ! નથી કોઇ મારું ને હું છું સાવ એકલો; એવી નિરાશા દિલે જરાય ધરવી નથી ! રહ્યાં વરસો બાકીના એમાં હવે તો; રાગ-નિરાશા દિલે જરાય ધરવી નથી ! રહ્યાં વરસો બાકીના એમાં હવે તો; રાગ-દ્વેષ-ઓરતા-ઇચ્છા- એમાં જરીકે પડવું નથી !

હસી ખુશીથી ઘરમાં રોજ રહીએ તો; લખી લો! જાકારો કોઇ આપતું નથી ! "મરો ત્યાં સુધી જીવો" સત્ર એ હૈયે ધર્યું: સાચું કહું એમાં મારે કાંઇ મરવું નથી ! ઘડપણ વિષેના આવા નિરાશાવાદ અને આશાવાદના હાલક ડોલક વાતાવરણમાં ધર્મ- આધ્યાત્મિકતા સ્થિરતા અપાવવા, સહાયરૂપ થવામાં મહત્વનો ભાગ ભજવી શકે છે. ધર્મ શ્રધેય, પ્રતીતિજનક, સબળ સમજણ આપે છે કે હે જીવ, મનુષ્ય ગતિ દુર્લભ છે, અમૂલ્ય છે કારણ કે આ ગતિ જન્મ મરણના ફેરાઓમાંથી મુક્તિ અપાવી શકે છે. જીવે અનુભવાતા સુખ-દુઃખ તેણે કરેલા કર્મના જ બંધનનું કારણ છે. સર્વ પ્રકારના સર્વ કર્મોનો સંપૂર્ણ ક્ષય કરવો હોય તો તે સુભાગ્ય માત્ર એક મનુષ્ય ગતિમાં જ મળી શકે છે. ઘડપણની અવસ્થામાં માનસિક અને શારીરિક રોગોની યાતના ભોગવતા હોવા છતાં, કર્મો નથી બાંધવા અને કર્મ નિર્જરા કરવી શક્ય છે એવા સંકલ્પ સાથે, સજાગ્રતાથી સમભાવમાં રહેવું હિતાવહ છે..

જ્યારે વ્યક્તિ શારીરિક અને અથવા માનસિક પીડાઓથી ઘેરાયેલી હોય, નબળી પડી હોય, ઉપવાસ આદી તપ કરી શકતી ન હોય, ઉપાશ્રય કે દેરાસર દર્શન અને શ્રુત જ્ઞાનની આરાધના કરવા જઈ શકતી ન હોય, આળસી જવાતું હોય, સામાયિક- પ્રતિક્રમણ- ચોવિહાર વિ. અઘરા લાગતા હોય ત્યારે સકારાત્મક અભિગમ રાખવો હિતાવહ છે તેવી સમજણ હોવા છતાં હર પળે તેને અનુસરવું મુશ્કેલ હોય છે તે વાસ્તવિકતાનો અનુભવ લગભગ બધાં વૃદ્ધજનોને થતો હોય છે.

જ્યારે માનસિક અને શારીરિક સુખાકારી નબળી હોય અને લાચારી-નિરાધારની લાગણી અનુભવાતી હોય ત્યારે પણ, પ્રતિકૂળતાને તકમાં બદલીને, વધુ નવરાશ ના સમયે એકલવાયાપણું અનુભવાતું હોય, કંટાળો આવતો હોય ત્યારે પોતાના ઘરે બેઠાં પણ (૧) સ્વાધ્યાયથી શ્રુત જ્ઞાનની આરાધના ધર્મની સમજણ કેળવતાં (ઉત્તરાધ્યયન સૂત્રમાં જણાવેલ છે કે જેમ દોરો પરોવાયેલી સોય પડી જવા છતાં ખોવાઈ જતી નથી તેમ શ્રુત જ્ઞાનનો ઉપાસક જીવ સંસારમાં ગેરમાર્ગે ભટકાઇ જતો નથી) અને (૨) પોતાના ભૂતકાળનું વિવેચનાત્મક રીતે અવલોકન કરી પ્રાયશ્ચિત કરવાનું અત્યંતર તપ કરી સકામ નિર્જરા કરી શકે છે.

વ્યવહારમાં, ધંધા- વ્યવસાયમાં, કુટુંબમાં સમાજમાં ઘણી વ્યક્તિઓ સાથે, ઘણાં પ્રસંગે જાણતા-અજાણતા દુઃખ પહોંચાડ્યું હોય, અન્યાય કર્યો હોય તેની અંતઃકરણપૂર્વક ક્ષમા માંગી પ્રાયશ્ચિત કરતાં, અને તેવી જ રીતે જો કોઈએ મને દુઃખ પહોંચાડ્યું હોય અથવા મારી સાથે અન્યાય કર્યો હોય તો હું તેને માફ કરીશ અને તેની સાથે દુશ્મની નહીં રાખું એ ભાવના સાથે સકામ નિર્જરા થાય છે. ઉપવાસ વિ. બાહ્યંતર તપ ન થાય તો તેનો અફસોસ કરવો નહિ અને કષ્ટ સાથે પરાણે કરવા પ્રયલ ન કરવો કારણ કે આવું તપ અકામ નિર્જરા છે. ભગવતી સૂત્રમાં શ્રી ભગવાન મહાવીરે ગૌતમસ્વામીને આમ સમજાવ્યું હતું. અત્યંતર તપથી જ રાગ-દ્વેષ ઘટાડી શકાય છે અને સકામ નિર્જરા થાય છે. પ્રાયશ્ચિત- ક્ષમાપનાની ભાવના જ્યારે વિકાસ પામે છે ત્યારે અહં ઓગળતો જાય છે અને સાથોસાથ મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ ભાવના ઓ પણ ખીલે છે.. જીવનની જરૂરિયાતો ઘટાડી, પરિગ્રહ ઓછો કરી શકાય છે. ત્યાગ, સંતોષ અને દાનની ભાવના અનુસરવું શક્ય છે. આર્ત ધ્યાન (મનગમતી વસ્તુ, વ્યક્તિ કે સંયોગોને મેળવવાની ઇચ્છા તથા અણગમતી વસ્તુ, વ્યક્તિ કે સંયોગોને દૂર કરવાનું ચિંતન, ઉદવેગ, ચિંતા, વિલાપ) અને રૌદ્ર ધ્યાન (ક્રોધ, દ્વેષ, કઠોરતા, વૈર વૃતિમાં ન સરકી જવાય તે વિષે સતર્કતા કેળવવા હર પળ પ્રયત્નશીલ રહો. ભક્તિ, પ્રાર્થના, ક્ષમાપના, સ્વાધ્યાય કરતાં કર્મ નિર્જરાના સફળ પ્રયત્નો કરી શકાય છે. સમાધિનું સૂત્ર છેઃ જે બને તે સારા માટે. મનને સદા પ્રસન્ન રાખવાનો કીમિયો છે. દા.ત.- (૧) જ્યારે ડાયાબિટિસ, બ્લડપ્રેશર કે પાચન શક્તિ નબળી પડી હોય અને સ્વાદિષ્ટ ગળ્યું, તીખું, તળેલું ન ખાવું હિતાવહ હોય એવી પરિસ્થિતિમાં વિચારવું કે વૃતિસંક્ષેપ (મર્યાદિત ખાવાની વસ્તુઓનો ઉપયોગ), રસત્યાગ સહિતનું ૩૬૫ દિવસ કરી શકાય તેવું ઉણોદરી તપ સાથે કર્મ નિર્જરા હાથ ધરવાનો મોકો મળ્યો છે.. (૨) આંખનુ તેજ અને શ્રવણ શક્તિ નબળાં પડ્યા હોય તે પરિસ્થિતિને અંતમુખમાં રહી આશ્રવ દ્વાર ત્યાગી પાપ કર્મથી બચી શકાય છે. (૩) સાંધાની કે બીજી શારીરિક પીડાઓથી પરેશાન હોઇએ તો તે વેદનીય કર્મ જાગ્રતતા સાથે ભોગવી લેવાનો સમય જાણવો. (૪) શારીરિક નબળાઇને કારણે મુસાફરી કે હલન ચલનમાં અંતરાય આવે છે ત્યારે દિશા મર્યાદા અને સ્થિરતા પામી આંતરધ્યાનમાં રહેવાની તક પ્રાપ્ત થઈ છે તેમ જાણવું.

વર્તમાન સમયમાં, ઉપલબ્ધતા અને પરવડે તેવા સ્માર્ટ મોબાઇલ ફોનને એક અર્થમાં એકલતા દૂર કરવા માટે ખૂબ જ મદદરૂપ સાથી બનાવી શકાય છે. મોબાઈલ દ્વારા સગાં-સંબંધીઓ, મિત્રોને કે જેઓ દુનિયાના કોઈ પણ સ્થળે હોય તેમની સાથે વાતચીત કરાવે છે અને જાણે વાસ્તવિકતામાં રૂબરૂ મળ્યા હોય તેવો અનુભવ કરાવે છે. મોબાઈલ ઉપર ગૂગલ, યુટ્યુબ અથવા તેના જેવી અન્ય એપ્સ દ્વારા વ્યક્તિ પોતાની રુચિના કે જિજ્ઞાસાના કોઈપણ વિષયો પછી ભલે તે સ્વાસ્થ્ય, રોગ, દવાઓ, ધર્મ, મનોરંજન, સંગીત, રમતગમત, અને એવા અનેક વિષયો ઉપર ઉપયોગી માહિતી મેળવી શકે છે.

ઉપરના વિશ્લેષણ આશ્વાસન અને ખાતરી થશે કે તે ક્યારેય મોડું થતું નથી, અને તુલનાત્મક દ્રષ્ટિએ ઘડપણમાં પણ સારી રીતે કર્મ નિર્જરા કરી શકાય તેવા કાર્યો છે. IT IS NEVER TOO LATE AND IT IS LARGELY DOABLE અને ઘડપણની અસર માઠી નહિ પણ મીઠી અનુભવાવી શકે છે.

આ લેખ સંદર્ભે સંત સમાગમથી મેળવેલું, જ્ઞાનીઓના વચનામૃતના સ્વાધ્યાયના નવનીત વિચારો અને વૈરાગ્યપ્રેરક ૩૦ ઉપનયકથાઓ અને કથાનક દ્વારા જીવનસંધ્યાએ જીવવાના ઉત્સાહ પ્રેરિત કરનારી ૧૨૪ પાનાની વિદ્વાન શ્રી ગુણવંતભાઈ બર વાળિયા લેખિત ' જીવનસંધ્યાએ અરૂણોદય' અને તેનો અંગ્રેજીમાં અનુવાદ' A DIVINE DAWN AT THE DUSK OF LIFE' પુસ્તિકા અને 'ઘડપણ કેણે મોકલ્યુ રે લોલ'. જીવનઃ વન.... વૃંદાવન... કે બાવળ વન ના લેખક અને સંકલન કર્તા રાજુલ રમેશ શાહ વૃદ્ધાવસ્થાની વ્યથા અને જીવવાની કળાની ઉપયોગી સમજણ આપે છે. રસ ધરાવતા વાચકો તેની નકલ માટે મારો સંપર્ક કરી શકે છે.

આ ઝડપથી આગળ વધતી દુનિયામાં, જ્યારે આગામી પેઢી એક તરફ વૃદ્ધ માતા-પિતા પ્રત્યેનો પ્રેમ અને તેમની સંભાળ રાખવાની સમજ અને બીજી તરફ પોતાની- સંતાનોની આકાંક્ષાઓને પૂર્ણ કરવાની ઇચ્છા વચ્ચે ખેંચાઈ જતી હોય તે સામાન્ય છે. વૃદ્ધ માતા-પિતા એકલતા અનુભવે છે ત્યારે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ નિયમિત પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં રહેવા માટે "વિસામો" પ્લેટફોર્મ ઉપર ભક્તિ, પ્રાર્થના, યોગ, તંદુરસ્તીને લગતા પ્રશ્નો, મનોરંજન, કર અને અન્ય કાયદાકીય પ્રશ્નો વિષે પ્રાથમિક સહાય ઉપલબ્ધ કરાવવાની શક્યતાઓ વિષે વિચારી રહી છે.

બકુલ ગાંધી - ૯૮૧૯૩૭૨૯૦૮ - મુંબઇ

# બંધન

મારા પપ્પાએ છાપું  વાંચતા વાંચતા પૂછ્યું, બેટા તમે મિત્રો પીકનીકમાં ગયા હતા જગ્યા કેવી  હતી.? સાથે જવા જેવી છે, મજા આવશે, મેં જવાબ આપ્યો. તમારી પીકનીક કેવી રહી ? પપ્પા એ ફરી પૂછ્યું. મેં કોઈ જવાબ ન આપ્યો એટલે પપ્પાએ મારી તરફ જોયું. મારી આંખ ભીની જોઈ તેઓ બોલ્યા કેમ બેટા શુ થયું?

વાત એવી છે પપ્પા, ગયા અઠવાડિયે સવારે મારા મિત્ર દેવાંગનો ફોન આવ્યો હતો. ચલને શનિવાર રવિવારની રજામાં આપણે  વૃંદાવન ફોરેસ્ટમાં જઈએ. ઘરમાં મન લાગતું નથી. હું સમજતો હતો તેનું મન ઘરમાં કેમ લાગતું  ન હતું.

દેવાંગની મમ્મી બે વર્ષ પહેલાં હાર્ટફેલમાં ગુજરી ગઈ એ તમે જાણો છો. પછી તેના પપ્પા એકલા પડી ગયા હતા. વૃધ્ધાવસ્થામાં ખરેખર જ્યારે જીવનસાથીની જરૂર હોય ત્યારે ઈશ્વર પણ નિર્દયતા પૂર્વક જોડું કોઈ વખત  તોડી નાખે છે. હું દેવાંગના પપ્પાને ઘણા વર્ષોથી ઓળખતો હતો, તેઓ માયાળુ, અને સ્વમાની હતા. પત્નીની અચાનક વિદાયથી તેઓ માનસિક રીતે તૂટી ગયા હતા.

પપ્પાને મારી વાતમાં રસ પડ્યો એટલે તેમણે છાપું બાજુ ઉપર મૂક્યું. દેવાંગની મમ્મીના સ્વર્ગસ્થ થયા પછી ઘરમાં કંકાસ ચાલુ થઈ ગયો હતો. દેવાંગની પત્ની સવાર સાંજ તેના પપ્પાની ફરિયાદ દેવાંગને કરવા લાગી. જ્યારે વ્યક્તિનું મહત્વ ઘટી જાય ત્યારે નાની નાની બાબતોમાં પણ મોટા દોષ દેખાવા લાગે. દેવાંગ અને તેની પત્ની બન્ને નોકરી કરતા હતા એટલે તેના પપ્પાએ તેમને મદદરૂપ થવા અમુક જવાબદારી પોતે સ્વૈચ્છિક રીતે સ્વીકારી લીધી હતી, જેવી કે, વોશિંગ મશીનમાં કપડા ધોવા, ઘરઘંટીમાં અનાજ દળવું, રોજનું શાક, દૂધ લાવવાનું અને તેના ચાર વર્ષના દીકરા સ્વીટુને બાળમંદિરે મુકવા લેવા જવાની જવાબદારીનો તેમાં સમાવેશ થતો હતો.

કોઈને પણ મદદરૂપ થવા આપણે કોઈ પ્રવૃત્તિ કે આર્થિક મદદ કરવાનું સ્વૈચ્છિક રીતે નિષ્કામ ભાવનાથી સ્વીકારીએ ત્યારે ખૂબ વિચારી લેવું એ ધીરે ધીરે તમારી ફરજનો એક ભાગ તો નહિ બને ?

તમને જ્યારે તમારી ફરજનો આ એક ભાગ છે તેવું માનસિક દબાણ કરવામાં આવે ત્યારે તમે ઠગાઈ ગયા હોય તેવું લાગશે, એટલે લાગણીના આવેગમાં આવી કોઇને આર્થિક યોગદાન કે સેવાનું વચન  જલ્દી આપવું જોઈએ નહિ.

તમે આ પ્રકારના યોગદાન જ્યાં પણ આપતા હોવ ત્યારે તમે લાગણીથી, નિષ્કામ ભાવનાથી આપી રહ્યા હોવ છો. પણ સામેની વ્યક્તિની તમારા કાર્યની નોંધ દિમાગથી ગણતરી કરતી હોય છે. એટલે જ જતે દિવસે તમારી આ સેવાની પ્રવૃત્તિ તમને બોજરૂપ ન બને તેનું ધ્યાન રાખવું ખૂબ જરુરી હોય છે.

બસ પપ્પા. દેવાંગના પપ્પાની આ મોટી ભૂલ હતી. બેટા તેને તું ભૂલ કેવી રીતે કહી શકે..આ તો લાગણીના સબંધ છે. પપ્પા લાગણીના સબંધો એક તરફી લાંબો સમય નથી ટકતા. લાગણીએ બંધન છે એ જ્યારે તૂટે છે ત્યારે ડેમ તૂટયો સમજી લ્યો પાણીના પ્રવાહમાં બધું જ વહેતુ થઈ જાય છે.

પપ્પા આગળ સાંભળો. એક વખત આંખમાં ઊંઘ હોય કે થકાન હોય દેવાંગના પપ્પા સ્વીટુ સાથે એક્ટિવા ઉપરથી પડી ગયા, તો  દેવાંગ અને તેની પત્ની સ્વીટુને વાગ્યું નથી ને? તેની ચર્ચા કરતા હતા પણ તેના પપ્પાને પગે મચકોડ આવી ગોઠણ છોલાયું તેની ચર્ચા કરતા ન હતા.

એક દિવસ દેવાંગના પપ્પાએ હિંમત એકઠી કરી કહી દીધું બેટા હવે હું ઘરની કોઈ પણ પ્રકારની જવાબદારી સ્વીકારવામાં સક્ષમ નથી. મને થાક લાગે છે ઘડિયાળના કાંટે ખૂબ દોડ્યો હવે મારી ઉંમર નથી. મને આ બધી તમે સોંપેલ જવાબદારીમાંથી મુક્ત કરો. ત્યાં તો દેવાંગ અને તેની પત્ની બોલ્યા, તો  ઘરમાં બેસીને તમારે કરવાનું શુ છે ? નાની મોટી પ્રવૃત્તિ તો કરવાની જ હોય ને..તમારી ઉંમર ના બધા કામ કરતા જ હોય છે. ત્યારે તેનો બચાવ કરનાર કોઈ ઘરમાં ન હતું. દબાયેલો માણસ તમારી વાત લાચારીને લીધે કદાચ માની લેશે, પણ દિલથી તમને કદી માફ નહીં કરે. તેના પપ્પા તેઓ સામે કોઈ પણ પ્રકારનો જવાબ આપ્યા વગર તેમના રૂમમાં જતા રહ્યા.

તેઓ સરકારમાં  કલાસ વન ઓફિસર હતા પેંનશન મળતું હતું મકાન પણ પોતાનું હતું છતાં તેમણે ગુલામીનું પાંજરું તોડવાનું નક્કી કરી લીધું. એક દિવસ સવારે ઘરનો મુખ્ય દરવાજો ખુલ્લો હતો. દેવાંગ તેના પપ્પાના રૂમની અંદર  સવારે ગયો ત્યારે પપ્પા ત્યાં ન હતા. ફકત ચિઠ્ઠી ટેબલ ઉપર પડી હતી તેમાં લખ્યું હતું, -  ચિ.દેવાંગ

મને શોધવાનો પ્રયત્ન કરતો નહિ. પોલીસમાં પણ ફરિયાદ કરતો નહિ. હું તમારી ઠોકી બેસાડેલ જવાબદારીમાંથી મુક્ત થવા માંગતો હતો પણ એ તમને માન્ય ન હતું. તમે તમારો આનંદ શોધી લ્યો. હું મારો આનંદ શોધી લઈશ. મેં મારી મમ્મી સામે જોયું. તો મમ્મી પપ્પા બન્નેની આંખો ભીની હતી. મેં ભીની આંખે વાતને આગળ વધારતા કહ્યું, દેવાંગે મને એ દિવસે ઘરે બોલાવ્યો અને નિખાલસતાપૂર્વક પોતાનાથી થયેલ ભૂલો  અને પપ્પા તરફ થયેલ ખોટા વ્યવહારની આ બધી વાતો કરી હતી .

વાતને બે વર્ષ થયાં પણ દેવાંગના પપ્પાની કોઈ ખબર ન હતી. દેવાંગ દુઃખી હતો પોતાની માં એટલે કે એક પત્ની વગરના પોતાના બાપને પોતે સાચવી ન શક્યો તેનું દુઃખ હતું. બચપનમાં સ્કૂલે જતી વખતે દફ્તરનો ભાર પણ પપ્પા ઉઠાવતા હતા. કારણકે ભાર મને ન લાગે.

એ પપ્પાના ઘડપણનો ભાર હું સમજી ન શક્યો. તેમના ઘડપણની લાકડી હું પોતે ન બની શક્યો, કહી એ ખૂબ રડ્યો હતો. પણ સમય વીત્યા પછી પ્રાયશ્ચિત કર્યા સિવાય આપણી પાસે કંઈ બચ્યું હોતું નથી. અમે ત્રણ મિત્રો અને તેમનો પરિવાર આપણા ઘરથી



વૈભવ અને એશ, આરામના ઢગલા કરો,
પરંતુ તંદુરસ્તી તે કરતાં ચઢી જાય છે.

૧૦૦ કિલોમીટર દૂર આવેલ વૃંદાવન ફોરેસ્ટ અને રિસોર્ટ છે ત્યાં જવાનું નક્કી કર્યું.

ગાઢ જંગલની અંદર અમે એક મંદિરની નજીક વૃક્ષોની વચ્ચે પાથરણા પાથરી મજાક મસ્તી કરી રહ્યા હતા , બાળકો દડેથી રમતા હતા ત્યાં અચાનક બાળકો એ બુમ મારી અમે દોડીને એ તરફ ગયા તો દેવાંગનો પુત્ર દડો જ્યાં લેવા ગયો હતો ત્યાં કાળોત્રો નાગ ફેણ ફેલાવી સ્વીટુ સામે બઠો હતો. અમારા જીવ અધ્ધર થયા કોઈ પણ જો સ્વીટુને બચાવવા થોડી ઉતાવળ કરે તો સ્વીટુ તેનો ભોગ બને તેમ હતું. ત્યાં ફોરેસ્ટ ગાર્ડ દોડતો આવ્યો તેણે કહ્યું, ચિંતા ન કરો બાપજીને બોલાવી આવું છે. કોબ્રા છે તેને કોઈ છંછેડતા નહિ, કહી એ મંદિર તરફ દોડ્યો અને એક સાધુ સંત જેવા ભગવાધારી બાપજી સાથે પરત આવ્યો. બાપજીને જોઈ નાગે ફેણ સંકેલી બાપજીના પગ પાસે આવી બેસી ગયો. બાપજી એ તેને પ્રેમથી ઉંચકી માથે હાથ ફેરવ્યો. અને તેને લઈ મંદિર તરફ જતા હતા ત્યાં દેવાંગ બોલ્યો, પપ્પા ઉભા રહો મને ઓળખ્યો નહિ.

બેટા દરેક વ્યક્તિ તેના વ્યવહારથકી ઓળખાતો હોય છે. આ જંગલના પશુ પંખીઓ જાનવરો મારા પ્રેમને ફક્ત બે વર્ષના ગાળા દરમિયાન ઓળખી ગયા. આ લોકોને ફક્ત વાચા જ નથી બાકી તેઓ આંખની ભાષાથી લાગણી સમજી લેતા હોય છે અને એક મનુષ્ય જાત જ એવી છે જેની પાછળ જાત ઘસી નાખો તો પણ લાગણીની કિંમત સમય આવે કોડીની કરી નાખે છે.

દેવાંગ હાથ જોડી ભીની આંખે બોલ્યો પપ્પા ઘરે પરત આવો. મને માફ કરો બેટા એ અસંભવ છે મેં સંસારની માયા છોડી છે..

આ જંગલ, પશુ, પંખી અને ઈશ્વર એ મારો પરિવાર છે. ફરીથી મારે મોહ, માયા અને પ્રપંચની રમતો રમવા પરત નથી ફરવું. સ્વીટુ પણ દાદા દાદા કરી તેમને ભેટ્યો.. દેવાંગના પપ્પાની આંખો ભીની થઇ છતાં પણ મન મક્કમ કરી દેવાંગના પપ્પા મંદિર તરફ રવાના થયા અને અમે પણ તેમની પાછળ પાછળ ગયા. ત્યાં મંદિરમાંથી ગીત ધીરે ધીરે વાગતું હતું. આ તો ઝાંઝવાના પાણી, એ માયા જૂઠી રે બંધાણી. હંસલા હાલો ને હવે મોતીડાં નહીં રે જડે. મંદિરના પગથિયાં ચઢતા ચઢતા દેવાંગના પપ્પા પગથિયાં ઉપર ફસડાઈ પડ્યા. અમે દોડ્યા.

તેઓએ દેવાંગના માથે હાથ ફેરવી કીધું બેટા ફરી મારા આત્માને માયા અભડાવી ગઈ. મારે ફરી માયાના બંધનમાં નથી બંધાવુ કહી તેમણે અંતિમ શ્વાસ લીધો. પપ્પા, મમ્મી અને મારી આંખોમાંથી આંસુ નીકળતા હતા. મારા પપ્પા ફક્ત એટલું બોલ્યા બેટા બાળકોની સાચી કસોટી ઘડપણ સમયે થાય છે. તરસ છીપાઈ ગયા પછી ખાલી બોટલ બોજ લાગવા માંડે છે.

મિત્રો...

वजनदार रिश्ता तो दुनिया में सिर्फ मां-बाप का होता है।

जिनके कर्ज और फर्ज का वजन उठाने की कीसी में भी ताकत नहीं होती।

પાર્થિવ...

## ખુદ ભગવાને પોસ્ટ લખી હોય એવું જ લાગે

ખુદ ભગવાને પોસ્ટ લખી હોય એવું જ લાગે જેણે લખ્યું છે એ અફલાતૂન લખ્યું છે તમે કરોડો છો ને હું એક છું મારે શાંતિ થી રહેવું હોય પણ, તમારે મંગળા આરતી કરવી હોય એટલે મને વાઘાં પહેરાવી અને બાબલા ની જેમ તૈયાર કરી દો છો....ભોગ મને ધરાવો છો અને આરોગો છો પોતે...!

જે દિવસે એક જલેબી ચાખીશ....એ દિવસથી પ્રસાદ ધરાવવાનું બંધ થઈ જશે.... તે જાણું છું. લગ્ન નથી થતાં તે મંગળફેરા માંગે છે સંતાન નથી તે ઘોડિયું માંગે છે. કોઈને નોકરી જોઈએ છે તો કોઈને છોકરી માબાપ ખાસ કોઈને જોઈતાં નથી પણ મિલકત બધાંને જોઈએ છે

કોઈ કમાવા માંગે છે તો કોઈ ચોરી કરવા માંગે છે... કોઈને બજાર ઊંચું લઈ જવું છે તો કોઈને મફતનું જોઈએ છે....કોઈ રોટલો માંગે છે તો કોઈ ઓટલો જે આવે છે તે ઘંટ ખખડાવી ને મારા કાન કોતરે છે... હું કોઈનું કામ નથી કરતો તો મારા પરની શ્રદ્ધા ઘટી જાય છે... કોઈનું કામ થઈ જાય છે તો મને મહાભોગ ચડે છે વરસાદ નથી આવતો તો યજ્ઞ થાય છે આકાશ ખાબકે છે તો ખમ્મા કરવાનું મને કહેવાય છે.... પણ સાચું કહું હું કૈં નથી કરતો. નથી હું પરણાવતો કે નથી કોઈ નું છૂટું કરતો જંગલ હું નથી કાપતો હાઇરાઇઝ મેં નથી બાંધ્યાં

અમીર હું નથી કરતો ગરીબી મેં નથી આપી તમને લીલીછમ પૃથ્વી આપી રહેવા માટે એની તમે રાખ કરો તો એમાં મારો શો વાંક..? મેં અણુ આપ્યો ને તમે બોમ્બ બનાવ્યો પછી કહો કે શાંતિ વાર્તા કરો તો કેવી રીતે કરું....? સાચું કહો તમે મને ઈશ્વર માનો છો કે નોકર...? પ્રાર્થના ની આડમાં તમે આજ્ઞાઓ જ કરો છો....કે બીજું કૈં....? ને તમે ઈચ્છો છો કે તમે સેવા કરો છો છતાં પણ હું કોઈનું સાંભળતો નથી....? હું મેરેજ બ્યુરો નથી ચલાવતો કે નથી ચલાવતો કોઈ એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જ મેં કોઈનું કૈં બગાડ્યું નથી કે નથી મારે કોઈ પાસે થી કૈં જોઇતું શ્રીફળ વધેરી અને મને વધેરવાનું રહેવા દો તમે આપવાનું હતું તે આપ્યું જ છે હવે મારી પાસે કૈં નથી કૃપા કરી ને હવે કૈં માંગી અને મને શરમાવશો નહી... તમારું કામ થઈ જશે એમ કહેનાર મારા કોઈ સહાયક કે કમિશન એજન્ટો મેં નિમેલા નથી. માટે તેવા લોકો થી બચો તમે આજ સુધી ઘણી પ્રાર્થનાઓ કરી પણ આજે હું તમને એક પ્રાર્થના કરું છું અને એ પણ જાણું છું હું જે કહું છું એ પછી કોઈ મારી પાસે મંદિરમાં આવવાનું નથી....

તોય કહું છું. કોઈ માંગણી ન હોય તો જ, મારી પાસે આવજો અને હા.... છેલ્લે છેલ્લે એટલું જ કહીશ કે તમારા કર્મ પર ધ્યાન આપજો મારી વ્યથા ને અનુભવજો એવી આશા સાથે....

શબ્દો ને વિરામ આપુ છું.... આ બધું કર્મ નું ચક્ર છે. કર્મ ફળ આપ્યા વગર રહે જ નઈ. જેવા કર્મ કરશો તેવું ભોગવશો....

લી. તમારો પણ તમારાથી થાકેલો પ્રભુ પ્રભુ ને અર્પણ



બધી જ કેળવણીઓનો સાર
માનવતાના સર્જનમાં સમાઈ જાય છે.

# ઘડપણનો સાક્ષાત્કાર: જેની અસર માઠી નહિ પણ મીઠી

જન્મ, બચપણ, તરૂણાવસ્થા, યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા, વૃદ્ધાવસ્થા અને મરણ આ કુદરતી ક્રમ છે, પરમાત્માએ અર્પેલી અમુલ્ય ભેટ છે. તુલનાત્મક રીતે વૃદ્ધાવસ્થા ખૂબ જ પડકારજનક છે કારણ કે શરીર જોઇએ તેવું સાથ ન આપે, અંગો ઢીલા પડે, આંખનું તેજ, શ્રવણ શક્તિ, પ્રતિકારક શક્તિ, સ્મરણ શક્તિ ઘટે, અનિદ્રા, એકલવાયાપણું અને હતાશાની પીડા વિ.

સામાન્ય રીતે ધંધા કે વ્યવસાય અને કુટુંબ અને સમાજમાં સક્રિય જીવન જીવનાર વ્યક્તિને ઘડપણમાં સમાયોજીત થવું મુશ્કેલ ભર્યું અનુભવાય છે. પહેલાં ઘડીભરની ફૂરસદ નહોતી અને હવે ફૂરસદ હી ફૂરસદ છે અને ખાલી પણું લાગે છે. પ્રબુદ્ધ જીવન ના જન્મ અને વિકાસમાં ત્રણ દાયકાથી વધુ સમય સુધી અદ્વિતીય ફાળો આપનાર, નીડર નિસ્પૃહ સ્પષ્ટતાથી વિચારો રજુ કરનારા સમાજ સુધારક અને જીવનભર જાગતા રહી આંતર-બાહ્ય લડવૈયા તરીકે ઝઝુમનાર ભડવીર ડાયાબિટિસથી પીડાતા આદરણીય સ્વ. પરમાનંદભાઈ કાપડિયાએ મે ૧૯૭૦ના પ્રબુદ્ધ જીવનના અંકમાં વૃદ્ધાવસ્થા ની માઠી અસર અનુભવાતા વિચારો વ્યક્ત કરતાં લખેલ છે કે મારી આજની ઉંમર અને શારીરિક પરિસ્થિતિના સંદર્ભમાં સમગ્ર જીવનની ભાત કાંઈક આ પ્રમાણે બદલાયેલી અનુભવું છું:- પહેલાં શરીર અને મન પ્રમાણમાં સશક્ત હતાં અને વ્યાપાર-વ્યવસાય સાથે એક યા બીજા પ્રકારની સામાજિક પ્રવૃતિઓમાં મન સતત સંલગ્ન રહેતું હતું અને સમય ભરેલો લાગતો. આજે શરીર અને મન બન્નેની શક્તિ ઘટી છે; વ્યાપાર- વ્યવસાયથી તદ્દન નિવૃત થયો છું; નવરાશ વધી છે; આંખોની નબળાઈના કારણે વાંચન પણ બહુ થઈ શકતું નથી. મળવા આવનાર ઘટતા જાય છે. મળવા જ વાનું પણ કમી થતું જાય છે, પરિણામે ઘણી વખત એકલતા, શુન્યતા મનને બેચેન બનાવે છે. પહેલાં મૃત્યુનો ભાગ્યે જ વિચાર આવતો; આજે મૃત્યુ જાણે કે સમીપ ઊભું હોય એમ લાગે છે. એ મૃત્યુ ભલે આવવાનું હોય ત્યારે આવે, પણ કોઈ કોઈ સમવયસ્ક સ્વજનોની શારીરિક અવસ્થા જોતાં રખેને મારે પણ આવી યાતનામાંથી પસાર થવું પડે એવી ભીતિ ચિત્તને કદી કદી સ્પર્શી જાય છે. પહેલાં પ્રસન્નતા- અપ્રસન્નતાનો બહુ વિચાર જ નહોતો આવતો. વર્તમાનમાં જીવતો હતો અને વર્તમાન ભર્યું ભર્યું લાગતું હતું, આજે અવારનવાર સરી જતી ચિત્તની પ્રસન્નતાને ટકાવી રાખવા પ્રયત્નશીલ બનવું પડે છે. આગળના વર્ષો દરમ્યાન ધ્યાન પ્રાર્થના પ્રત્યે ઉપેક્ષા સેવેલી હોઈને આજે તે દિશાનો પ્રયત્ન હોવા છતાં કોઈ ધારી સફળતા મળતી નથી.

અન્તર્ગત ચેતના સતત જાગ્રત - કર્મલક્ષી હોવા છતાં, શરીર ગતીશીલ થવાની જાણે કે ના પાડે છે. "જેમનું જીવન આજ સુધી એકધારું વ્યવસાયપરાયણ રહ્યું છે પણ આજે જેઓ લગભગ નિવૃતિપરાયણ જીવન ગાળે છે તેવી વૃદ્ધાવસ્થા પસાર કરતી વિશેષ કોટીની વ્યક્તિઓના માનસની સંવેદનો, વ્યથા પણ આ મે ૧૯૭૦ના અંકમાં રજુ કરતાં પ્રશ્ન કરે છે કે જીવનના આ સંધ્યાકાળમાં વર્ષાન્ત સમિપનો ભાદ્રપદની સંધ્યાના રંગ રોશની ન સામાન્ય - ન અસામાન્ય એવા - માનવીઓને કેમ અનુભવગોચર થતાં નથી? આવી મનોવેદનાને સંત કવિ નરસિંહ મહેતાએ વાચા આપી છે.

ઘડપણ કોણે મોકલ્યું ? ઘડપણ કોણે મોકલ્યું? જાણે જોબન રહે સૌ કાળ (ટેક) ઉંબરા તો ડુંગરા થયા રે, પાદર થયા પરદેશ; ગોરી તો ગંગા થઈ રે, અંગે ઉજળા થયા છે કેશ.... ઘડપણ..... નહોતું જોઇતું ને શીદ આવીયું રે? નહોતી જોઇ તારી વાટ; ઘરમાંથી હળવા થયા રે, કહે ખૂણે ઢાળો એના ખાટ.... ઘડપણ... નાનપણે ભાવે લાડવા રે, ઘડપણે ભાવે સેવ, રોજ ને રોજ જોઇએ રાબડી રે, એવી બળી ઘડપણની ટેવ.... ઘડપણ..... પ્રાત:કાળે પ્રાણ થયા રે, વહુવારૂઓ દે છે ગાળ; દીકરીઓને જમાઈ લઈ ગયા રે, હવે ઘડપણના શા હાલ, ઘડપણ..... નવ નાડીઓ જૂજવી પડી રે, આવી પહોંચ્યો કાળ; બૈરા છોકરા ફટફટ કરે રે, બાળક દે છે ગાળ... ઘડપણ, આવી વેળા અંતકાળની રે, દીકરા પધાર્યા દ્વાર; પાંસળીએથી છોડી વાંસળી રે, લેઈ લીધી તેણી વાર.. ઘડપણ..

એવું નફફટ છે આ વૃદ્ધપણું રે, મૂકી દોસો અહંકાર; ધરમના સત્ય વચન થકી રે, મહેતો નરસૈં ઉતર્યો ભવપાર..... ઘડપણ..... વૃદ્ધાવસ્થાની માઠી અસર અનુભવાતા નકારાત્મકતાથી તદ્દન વિપરીત "ઘડપણનો સાક્ષાત્કાર: જેની અસર માઠી નહિ પણ મીઠી" છે તેવી દ્રષ્ટિ કેળવનાર, જેમના મૃત્યુ વિષેના અવારનવારના લખાણોને " પરમ સખા મૃત્યુ" નામના પુસ્તક દ્વારા પ્રકાશિત થયેલ છે તે પૂજ્ય કાકા સાહેબ કાલેલકરે ગીતાનો "સુખેદુ:ખે સમકૃત્વા" આદર્શ સ્વીકાર્યો હતો. આ આખી દુનિયા માયા છે અને જીવન નિસાર છે એ જાતના વિચારો આવકાર લાયક નથી તેવું તેમને નાનપણમાં ૧૯મી સદીનો સૌથી જાણીતા અને સૌથી પ્રિય અમેરિકન કવિ હેનરી વોડ્સવર્થ લોંગફેલોની કવિતા " The Psalm of Life " એટલે કે "જીવનનું ગીત" ને કંઠ્ય અને સમજતાં ખાતરી થઈ. આ કવિતા તેના આશાવાદ અને જીવનની થીમ-રાઇટ વલણ માટે જાણીતી છે. કવિ સંદેશ આપે છે કે આનંદ કે દુ:ખ એ જીવનનું લક્ષ્ય નથી.

જીવનનો હેતુ સૌની પ્રગતિ અને ભલાઇ માટે તમામ ફરજો અને જવાબદારીઓ નિભાવવાનો છે. આપણે સમજવું જોઈએ કે જીવન ટૂંકું અને ઝડપી છે. કવિ શરૂઆતમાં કહે છે કે "મને કહો નહિ (ઉંમરની) શોકપૂર્ણ સંખ્યા કે જીવન ખાલી સ્વપ્ન છે, કારણ કે એ આત્મા મરી ગયો છેજે ઊંઘે છે અને વસ્તુઓ તેને દેખાય છે તે નથી. આગળ વધતાં કહે છે કે જીવન વાસ્તવિક છે અને જીવન આતુર છે અને કબર એનો ધ્યેય નથી. તું ધૂળ છે અને ધૂળમાં પાછો ફરવાનો છે તે વાત આત્માની નથી. એ નોંધવું મહત્વનું અને પ્રાસંગિક છે કે કાકા કાલેલકર જ્યારે પોતે કાંઇક અંશે યાદશક્તિની ખોટથી પીડાતા હતા અને કાંઇક અંશે અન્યો પર નિર્ભર હતા ત્યારે પણ તેઓ સકારાત્મકતાના હિમાયતી હતા.

## મુંજાય છે શું મનમાં....

મુંજાય છે શું મનમાં, સમય જતા વાર નથી લાગતી. સમય દેખાતો નથી પણ, ઘણું બધું દેખાડી દે છે. તારા કરેલાં કર્મો તારે જ ભોગવવાના છે. રડતાં ભોગવ કે પછી હસતાં.

ધર્મ સમજ્યો હોય તો એવી રીતે કર્મ ભોગવ કે નવા કર્મના બંધાય.. કર્મક્ષય અને કર્મની નિર્જરા થાય એજ ઉત્તમ છે. રહી જશે મનની મનમાં એ વાત આજે સાચી નથી લાગતી ? કોને ખબર છે કાકરાંને રેતીમાં બદલાતા વાર નથી લાગતી.

ક્ષિતિજને જોઊં છું જયારે સૂર્યોદય ને સાંજ થતા વાર નથી લાગતી. રાગ દ્વેષ કાઢી પ્રેમથી, સરળતાથી જીવન જીવી લેજો હૃદય ને બંધ થવામાં પણ વાર નથી લાગતી. કરી લેજો ઇચ્છાતૃપ્તિ, ભજી લેજો ભગવાનને.

હદયને બંધ થવામાં પણ વાર નથી જ લાગતી. જિંદગીની વરવી વાસ્તવિકતા સમજી અનુકુલન સાધનારા મહાનુભાવ આપને બુધવારની મનમોજી સવારે મંગલમય જય જિનેન્દ્ર....


ગીફ્ટ આર્ટીકલના પ્રતિષ્ઠિત ડીસ્ટ્રીબ્યુટર્સ અર્પિત ટ્રેડર્સને જોઈએ છે

સેલ્સમેન / સેલ્સગર્લ
(રીટેલ કાઉન્ટર / કોર્પોરેટ સેલ્સ)

એકાઉન્ટન્ટ (Tally/GST/IT જાણકાર)

કોમ્પ્યુટર ઓપરેટર (Tally જાણકાર)

મેનેજર (ઓફીસ કામના જાણકાર)

પગાર લાયકાત અને અનુભવ મુજબ.

બાયોડેટા ઈમેલ કરો:
arpittraders@hotmail.com


## શુભ અમૃત વચનો

- બીજાએ કરેલો જે વ્યવહાર મને પસંદ નથી, એ વ્યવહાર હું બીજા સાથે તો કરીશ જ નહીં . આટલું નક્કી
- સંસાર ક્ષેત્રે બહાદુર એ છે, જે સામેવાળાને ચૂપ કરે .
- અધ્યાત્મ ક્ષેત્રે બહાદુર એ છે, જે નાની - મોટી વાતમાં પણ ચૂપ રહે છે , આવેશમાં આવતો નથી .
- તમારી હાજરીમાં જે તમારાથી ડરતો રહે છે, તમારી ગેરહાજરીમાં તે સતત તમને ધિક્કારતો રહે છે .
- ઘરમાં,ઓફિસમાં, સંઘમાં, સમાજમાં, પરિવારમાં તમારી ઉપસ્થિતિ પીડાદાયક ન બનતા , આનંદદાયક બને તો જ માનજો, મારુ જીવન સફળ , સાર્થક અને સરસ છે .
- આલોક કરતાં પરલોક ઘણો લાંબો છે, ત્યાં ઘણું મેળવવા અહીં થોડું છોડવાની તૈયારી રાખવી જ પડશે .
- જીવનમાં જે કાર્યો કરો તે અભિનંદન માટે નહીં, પણ હૃદયવંદન માટે કરજો .
- આપણે સ્વપ્રશંસાથી દૂર રહીએ.
- આપણી અંદર રહેલા વિચારો-વિકારોને ધર્મએ ઘટાડયાં છે .
- મોહનીયકર્મમાં જ્યાં સુધી ફસાયેલા રહેશું ત્યાં સુધી શ્રાવકપણું , સંયમ , કેવળજ્ઞાન , સમ્યક્ત્વ મળશે નહીં .
- સામાયિક - પ્રતિક્રમણ કરતા વખતે લક્ષ્ય શું તે વખતે ભાવ ઉછળતા હોવા જોઈએ .
- જેને જે જોઈએ છે તે આપી દો . જે, જે કરે તે સ્વીકારી લો .
- સ્વીકારભાવ જે દિવસે આવશે ત્યારે સામેવાળો સહજ બદલાઈ જશે .
- પૂછવું અને કહેવું બંને વચ્ચે ઘણો મોટો ફરક છે.
- પૂર્વભવની સાધનાને લીધે મનુષ્યભવની એક એક ક્ષણ જીવી શકીએ છીએ
- શુભ ભાવમાં રહેવું.


જેની જીભમાં અમી તેને દુનિયા નમી

Remesh K. Doshi M. 98796 36628
Jinesh Doshi M. 8460186847

HIRA OPTICS
Verai Pada Pole, Gandhi Road, Ahmedabad.

રોશની ચશ્મા ઘર
તુલસીશ્યામ ફ્લેટ સામે, ભીમજીપુરા, નવા વાડજ
નરેન્દ્ર કે. દોશી M. : 8000360616

SHAH ESTATE CONSULTANT
RERA REGISTERED

Jayesh Shah
+91 99740 89640
+91 98250 13076

JITO (Member) A.E.B.A. (Member) GREAC (Member)

Residential & Commercial Property
Rent | Sale | Lease, Home Loan Advisor

M-13/76, Rupal Park, Opp. Patrakar Colony, Vijaynagar, Naranpura, Ahmedabad - 380013
jayeshshah1376@gmail.com

જીતેન્દ્ર આર. શાહ તથા વર્ષા જીતેન્દ્ર શાહ

લાઈફ ઇન્સ્યોરન્સ કન્સલ્ટન્ટ/એજન્ટ

૪૪ વર્ષથી લાઈફ ઇન્સ્યુરન્સ કૉર્પોરેશન ઑફ ઈન્ડિયાના એજન્ટ તેમજ ચેરમેન કલબ મેમ્બર

રહેઠાણ : સી/૯૦૧, શ્રીજી ટાવર્સ, ઇન્દ્રપ્રસ્થ ટાવર્સ સામે, ડ્રાઇવ-ઇન રોડ, ગુરુકુળ, અમદાવાદ-૩૮૦ ૦૫૨

એલ.આઈ.સી.ની તમામ જાતની સેવા માટે કોન્ટેક્ટ (મો.) ૯૮૨૫૦ ૧૧૨૩૨

"મૃત્યુ થવાનું છે તે માટે જિંદગીનો વીમો લેવાતો નથી, પણ પાછળ કોઇ જીવિત રહેવાનું છે, તે માટે જ જીવન વીમો જરૂરી છે.




આપણી અંદર રહેલા વિચારો-વિકારોને ધર્મએ ઘટાડયાં છે .

Radisson BLU RESORT GOA CAVELOSSIM BEACH

MANDREM BEACH RESORT

MEMBER OF RADISSON Individuals. RETREATS

Radisson GOA CANDOLIM







Mandrem Beach Resort, a 40-room quaint resort offering a unique blend of beachfront and riverfront accommodation, with a set of rooms facing the beachfront and another set of rooms facing the river.

Radisson Blu Resort Goa Cavelossim Beach, features brightly hued architecture and lush gardens has 132 Luxurious Rooms & Suites with 4 restaurants & bars, spa, large swimming pool, fully equipped business facilities and more.

Radisson Goa Candolim, a Boutique Resort with Mediterranean décor and 78 well appointed rooms located on the vibrant Candolim- Calangute beach belt, with 2 restaurants & bars, swimming pool, well equipped business facilities and a lot more.

**Gujarat Sales Office**

610, SILVER RADIANCE 2, Nr. Shakti Arcade, Science City Rd, Sola, Ahmedabad, Gujarat 380060

(M) 9825412359 / 9925912359 / 9099015360 / 8000812359

ALCON • VICTOR GROUP


CAMPUS
COMMERCE EDUCATION
TEACHING WITH VIRTUES...
11th • 12th
CBSE • GSEB
SCORE CARD 2023-24
G.S.E.B. TOPPERS
JHALAK JAIN
94.29%
PR -99.88
HANS GADHECHA
(NAVKAR 1st RANK)
PR -99.80
NEIL MEHTA
(LOYOLA 1st RANK)
PR -99.43
KHELIN CHHEDA
(NAVKAR)
PR - 99.34
MAHEK LEUA
(MT. CARMEL)
PR - 99.29
MAHI DEVPURA
(TERF 1st RANK)
PR - 99.14
Legacy created every year with SCHOOL,CITY & STATE TOPPERS since 15+ years!
TEAM WORK of TEACHERS STUDENTS & PARENTS!
Not just TEACHING! Making future ready PROFESSIONALS & ENTREPRENEURS!
• Significant Improvement in 12th Score compared to 10th score!
• Majority of students scored 80% & more in core subjects!
Result speaks
Endless support
Values & Discipline
Energetic teachers
Real life connect
Overall development
Friendly push
• ACCOUNTANCY
• ECONOMICS
• B.A. / B.S / ETP
• STATS / A. MATHS
• LANGUAGES
KAUSHAL SHAH 9327024093
Navrangpura | Satellite | Bodakdev


Akash (Sagar)
9824041778
Harsh
9978887688
अtulyam
Fabric That Shines You
All Kind Of Exclusive Fabrics
Fancy Dress Materials
Luknowi Work
Pure Tissue
Printed Fabrics
Designer Lehenga Choli
Exotic Dupattas
Banarasi Brocade
Work Fabric
Pure Silk Fabric
atulyamfabrics
atulyam.fabrics
kalpfab@hotmail.com
BY :KALP FAB
ATULYAM, L-14, 15, 22, 23,
RATNAM COMPLEX, OPP. ISCON ARCADE,
CG ROAD, AHMEDABAD - 380 006.
Alkeshkumar Kalpeshkumar


Infrasoul
Safety - Security - Automation
JOIN THE AUTOMATION
WAVE WITH
Z WAVE
HOGAR
A COMPLETE SECURITY I IT SOLUTION PROVIDER
079-65 450 909 | 999 897 0909
www.infrasoul.com | www.infrasoul.ae

# D. D. ENTERPRISE

Cellar 1/2/3, Devashray App., Opp. Kothawala Flat,
Pritamnagar Road, Ellisbridge, Ahmedabad - 380 006

**Ph.:- 079 - 2658 5072 , 2658 5092**

E-mail :- ddenterprise2007@rediffmail.com

**-: DISTRIBUTOR :-**
Garment, Hosiery & Loungewear

| | |
|---|---|
| Jockey | Paras Hankies |
| Barry & Clark | X-Beyond |
| Lyra Leggings | Stori |
| Sweet Dreams | Be Positive |
| Nykaa | Dare |
| UCF | Curve T-shirts |
| One 8 Socks | Onn |
| Arvind | Killer |

*Best Wishes From*

KARNAVATI SALES MARKETING CORPORATION

## GROUP OF COMPANY

Regd. & Admn Office Address
**KARNAVATI HOUSE**
Beside Hiramani Logistic Park,
Beside Vasundhara Industrial Estate,
Jay Ambe Hotel Lane,
B/h. Ekta Hotel Aslali, Ahmedabad.

M. No. : 9725014536 / 37 / 09 • E-mail : karnavatimktg@gmail.com

**AUTHORISED DISTRIBUTOR FOR**

cello
CELLO THERMOWARE
CELLO HOUSEWARE
CELLO APPLIANCES
CELLO MELMOWARE
CELLO OPALWARE

Moulded Furniture cello with DUROPLAST
VAYA
Apex® Successfully & Guaranteed Product
cello KLEENO
STEELO
Sumeet PREMIUM QUALITY. BEST PRICE BEST COMPANION
PICASSO HOME PRODUCTS
Liza®
Super mom By Apex
KOOK® Proven Utility
TEJAS
sunpet JARS & BOTTLES

**"COMPANION FOR MODERN LIFE"**

(Scan to Check our Work)

# FILMIC PAPARAZZO

Dhrumil Shah
+91 9106657258

E 905 Titanium City Centre (Corporate Offices)
Near Sachin Tower, Prahladnagar - 380051

• Wedding • Pre Wedding • Birthday Party • Baby Shower
• Indoor / Outdoor Maternity Shoot • Corporate Events • LED & LIVE
• Photo Albums & Frames • Video Editing • Photo Editing & Many More...

**EVERYTHING IN PHOTOGRAPHY & VIDEOGRAPHY**



A Place Where People Trust
RAJENDRA
JEWELLERS PVT. LTD.
Gold & Diamond Jewellery
Gold Antique Jewellery
(Govt. Approved Valuer)

6-G FLOOR, 103-1ST FLOOR, NATIONAL PLAZA,
C.G.ROAD, OPP. LAL BUNGLOW,
AHMEDABAD, GUJARAT 380009

MO.. 98250 18891, 98252 18893, 97120 57444
PH.. 26560670/71

CA Yesha Doshi

**Deals in : Home Loan, Car Loan, Mortgage Loan, Construction Loan, Loan Against Property, Business Loan**

# Yesha Doshi
## & Associates

**Also Deals in Book Keeping, GST, TDS Return & Income Tax Return**

G-1, Ashwamegh Avenue, Nr. Mithakhali Under Bridge,
Mithakhali Six Cross Road, Navrangpura, Ahmedabad-380009

9429620317 doshi.financeassociates@gmail.com

DHOLAKIA d STUDIO

# DHOLAKIA STUDIO

B-1, Shivalik Business Center, B/h. Rajpath Club, Opp. Kensville golf academy,
S.G. Road, Ahmedabad-380054 • Ph. +91 79 29091133 / 92274 96961-2-3
Website: www.dholakiastudio.com • contact@dholakiastudio.com

New Attractions
- pre wedding shooting & Photography - indoor & out door
- DSLR video filming - short & long version
- best packages on studio photography - matrimonial - kids & family
- personalized gift items with photos - mug - t shirts - collages - gift cards etc.
- attractive photo frames

- video filming with HD cameras
- digital photography
- live telecast through internet
- documentary film
- commercial video - photography
- photo lamination - framing

- designer album
- old album to new album
- portraits - portfolio
- vhs / min dv / hdv to cd - dvd - blueray

**EVERYTHING IN VIDEO & PHOTOGRAPHY**

Registered under Postal Registration No. GUJ-314/2024-2026 Valid up to 31st December 2026 issued by SSPO's Ahmedabad City Division, Permitted to Post at Ahmedabad PSO on 18th of Every Month

AUGUST - 2024 Page No. 44 R.N.I. No. GUJGUJ/2004/14264 Reg. No. GUJ-314/2024-2026


**વિશ્વની નંબર ૧ રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ ટેકનોલોજી હવે કે. ડી. હોસ્પિટલ માં**

# કુશળ હાથો દ્વારા રોબોટિક્સ ટેકનોલોજીનો અનુભવ કરો



## ડૉ. અમીર સંઘવી

ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ એન્ડ માઈક્રોપ્લાસ્ટી સર્જન

જોઈન્ટ રીપ્લેસમેન્ટમાં ફેલોશીપસ : ઓસ્ટ્રેલિયા, યુ.કે., ઈટલી અને યુ.એસ.એ.

+91 98250 66013

| ડૉ. અતીત શર્મા | ડૉ. ચિરાગ પટેલ | ડૉ. હેમાંગ અંબાની |
|---|---|---|
| ની હિપ એન્ડ શોલ્ડર રિપ્લેસમેન્ટ સર્જન | ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ સર્જન | ની રિપ્લેસમેન્ટ સર્જન |
| +91 98240 61766 | +91 98250 24473 | +91 98250 20120 |



ઓછી પીડા

ઝડપી રિકવરી

સાંધાની સંપૂર્ણ ગોઠવણી અને સંતુલન

ઓછું લોહીનું નુકશાન

ઓછું હાડકાઓને નુકશાન

ઓછો ઓપરેટિંગ સમય

**અપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો : +91 95744 45559**

**KD Hospital™**
કુસુમ ધીરજલાલ હોસ્પિટલ

Shree Orthocare
*Strength in Togetherness*

www.kdhospital.co.in KDHospitalOfficial KD Hospital kdhospitalofficial

**Vaishnodevi Circle, SG Road, Ahmedabad - 382421, Call : +91 98240 33360**


પ્રેષક : If undelivered to return to Reg. No. GUJ-314/2024-2026 Valid up to 31-12-2026

**શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ**

"શાન્તમ્", પાંચમો માળ, હેવમોર રેસ્ટોરન્ટની ગલીમાં, નવરંગપુરા,
અમદાવાદ-૯. ફોન : ૦૭૯-૪૯૩૮ ૮૭૮૮

પ્રતિ શ્રી, ____________________

Printed and Published AJAY NAGINDAS DOSHI on behalf of SHRI ZALAWAD VISHA SHRIMALI STHANAKWASI JAIN SAMAJ and Printed Jay Offset (Gujarat) Private Limited, 15, Panchratna Industrial Estate, Sarkhej Bavla Highway, Changodar, Ahmedabad - 382 213 and Published from "SHANTAM", 5'th Floor, Near Havmore Restaurant, Navrangpura, Ahmedabad - 380 009. Editor - PRITIBEN NARENDRABHAI SHAH